# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 94 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

R.N.I. No. 1563/1957 ★

મંગળવાર, ૨૨ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વર્ષ-૨૦૨૪ માટે નિર્માતાઓ પાસેથી નામાંકન માટે અરજીઓ મગાવાઈ

ગાંધીનગરઃ ગુજરાતી ફિલ્મો સારી બને અને તેને વધુ પ્રોત્સાહન મળે તેવા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯ હેઠળ ગુજરાતી ફિલ્મોના કલાકાર કસબીઓને વિવિધ કેટેગરીમાં રોકડ પુરસ્કાર-પારિતોષિક એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત કેલેન્ડર વર્ષ-૨૦૨૪માં નિર્માણ કે પ્રસારણ પામેલા ગુજરાતી ફિચર ફિલ્મો ડોક્યુમેન્ટરી ફિલ્મો અને બાળકોની ફિલ્મો સંબંધિત નિર્માતાઓ-અરજદારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં લાઇસન્સ ધરાવતાં સિનેમાગૃહોમાં જાન્યુઆરી-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન પ્રથમ વખત પ્રદર્શિત થયા હોય એવા ગુજરાતી ચલચિત્રોને એવોર્ડ માટે અરજી કરવાની રહેશે.

આવેલી અરજીઓમાંથી શ્રેષ્ઠ ફિલ્મો કલાકાર કસબીઓને પારિતોષિક માટે તા.૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં અરજી કરી શકાશે. નિયત નમૂનાનું અરજીપત્રક અને જરૂરી વિગતો માહિતી ખાતાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે, તેમ સરકારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રામબનમાં ફસાયેલા તમામ ગુજરાતીઓ સુરક્ષિતઃ રાજ્ય સરકારે આપી ખાતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ કાશ્મીરના રામબન વિસ્તારમાં અચાનક તૂટી પડેલા ભારે વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ છે. વરસાદને કારણે લેન્ડ સ્લાઈડ થતા સંખ્યાબંધ પ્રવાસીઓ રામબનમાં ફસાયા હતા. ગુજરાતના પણ ૫૦ જેટલા પ્રવાસીઓ રામબનમાં ફસાયા હતા, જોકે, ગુજરાત સરકારે પ્રવાસીઓની સલામતીની ખાતરી આપી છે. રામબનમાં લેન્ડ સ્લાઇડની ઘટનામાં ગુજરાતી પ્રવાસીઓ ફસાયા હોવાની જાણ થતાં જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાહત કમિશનરને જમ્મુ કાશ્મીર સરકારના સંબંધિત વિભાગનો સંપર્ક કરી ગુજરાતી પ્રવાસીઓની સુરક્ષા અને સલામતીનો પ્રબંધ કરવા સૂચના આપી હતી.

ગુજરાત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જમ્મુ કાશ્મીરના સંબંધિત વિભાગનો તાત્કાલિક સંપર્ક કરવામાં આવ્યો હતો અને ગુજરાતના પ્રવાસીઓની સુરક્ષા-સલામતી સુનિશ્ચિત કરવામાં આવી હતી. રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ગુજરાતના પ્રવાસીઓની ટ્રાવેલ્સ બસ જ્યાં લેન્ડ સ્લાઈડ થયું છે, ત્યાંથી દૂર સેઈફ ઝોનમાં છે તેમજ બધા જ મુસાફરો પણ સુરક્ષિત છે. આ તમામ પ્રવાસીઓ માટે આર્મી કેમ્પમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ફસાયેલી ટ્રાવેલ બસને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ સાથે જરૂર જણાય તો સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર-ગુજરાતને ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦ પર સંપર્ક જાહેર કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં મહિલાઓ ડુંગર ખૂંદી પાણી ભરવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળા શરૂ થયો અને ભારે ગરમી પડી રહી છે. આવી ગરમીમાં પાણીની તંગી અસહ્ય હોય છે. ગુજરાતમાં હજી પણ કેટલાક વિસ્તારો એવા છે જ્યા મહિલાઓને પાણી ઉપાડીને લાવવું પડે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ મહિલાઓ માથે બેડા મૂકી પાણી ભરવા માટે મજબૂર બની છે. નર્મદા કિનારે વસતા હાફેશ્વર ગામની મહિલાઓને પીવા માટેનું પાણી લેવા માટે આજે પણ ડુંગરો ખૂંદવા પડે છે, તેવું અહેવાલો જણાવે છે.

હાફેશ્વર ગામની મહિલાઓ ધોમધખતા તાપમાં માથે બેડા મૂકી પાણીની વ્યવસ્થા કરે છે, આઝાદીને આટલાં વર્ષો થયા હોવા છતાં પણ આ ગામમાં હજુ પાયાની સુવિધા પહોંચી નથી, તેવી ફરિયાદો સ્થાનિકો કરી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ ઠેર ઠેર પાણીનો પોકાર ઊઠી રહ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, સરકારની નલ સે જલ યોજનાનું હાફેશ્વર ગામમાં કોઈ ખાસ અસ્તિત્વ જ જોવા મળતું નથી. ચોંકાવનારી વાત એ છે કે, સરકાર દ્વારા અહીં પાણી તો દૂર, પરંતુ પાઇપલાઇન પણ પૂરી નાખવામાં નથી આવી, તેવી ફરિયાદો થઈ રહી છે. આવી સ્થિતિમાં મહિલાઓ કિલો મીટર દૂર ચાલતા જઈને પાણી ભરવા માટે મજૂબર બની છે. આવી સ્થિતિમાં જો ગામમાં લગ્ન પ્રસંગ હોય તો મહિલાઓ કેવી રીતે પાણીની વ્યવસ્થા કરે તે સવાલ છે. અહીંના સ્થાનિકોની એક જ માગ છે કે, પાણીની સમસ્યાનો સરકાર સત્વરે ઉકેલ લાવી આપે.

# ગુજરાતમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ કૃષિ પ્રધાન રાઘવજી પટેલે સોમવારે ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદીનો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ વેળાએ જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા માટે નક્કી કરાયેલા ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલાં ૮૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

પ્રાઇઝ સપોર્ટ સ્કીમ હેઠળ ભારત સરકારની મંજૂરી મુજબ રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો તેમજ રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવી સિઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો.

# સુરતમાંથી નકલી શેમ્પૂનું આખું ગોડાઉન ઝડપાયું, રૂપિયા ૧૬.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી છાશવારે એક નવું નકલીનું કૌભાંડ પ્રકાશમાં આવે છે. અધિકારી, ખાદ્ય પદાર્થ અને હવે જાણીતી બ્રાન્ડના શેમ્પૂના નામે નકલી શેમ્પૂના કૌભાંડને પર્દાફાશ કરવામાં આવ્યો. સુરતના અમરોલી પોલીસે આવી રીતે નકલી શેમ્પૂ વેચતા ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી.

આરોપીઓ છેલ્લાં આઠ વર્ષથી વરિયાવમાં ડુપ્લિકેટ શેમ્પૂની બોટલ ઉપર જાણીતી કંપનીના સ્ટિકર લગાવીને પોર્ટલ ઉપર વેચાણ કરતા હતા. આરોપીઓ પાસેથી પોલીસે ડુપ્લિકેટ શેમ્પૂના ૧૬ બોક્સ અને સ્ટિકર મળી ૧૬.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે અમરોલીના હિલ્ટન બિઝનેસ હબમાં બીજા માળે એક ઓફિસમાં આ કૌભાંડ ધમધમી રહ્યું હતું. આરોપીઓ બ્રાન્ડ કંપનીના નામે નબળી ગુણવત્તા વાળા ડુપ્લિકેટ શેમ્પૂની બોટલ પર સ્ટિકર લગાવી ઓનલાઈન દેશભરના માર્કેટમાં વેચાણ કરી રહ્યા હતા. પોલીસે બાતમીના આધારે વોચ રાખીને રેડ પાડી અને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે હિતેશ ધીરુભાઈ શેઠ, ફેક્ટરી ચલાવતા ડેનીશ વિરાણી અને જૈમિલ ગાબાણીની પણ ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી હતી.

નોંધનીય છે કે, આરોપીઓ વરિયાવના ગોડાઉનમાં જાણીતા ડુપ્લિકેટ શેમ્પૂની બોટલો પર બ્રાન્ડેડ કંપનીના લેબલ મારીને ઓનલાઇન વેચાણ કરતા હતા. ઓનલાઇન ઓર્ડર મુજબ ડિલિવરી દરમિયાન શેમ્પૂની બોટલ પર બનાવટની તારીખ અને બેચ નંબર નહીં હોવાથી આ સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. અસલી કંપનીના એક લિટર શેમ્પૂની બોટલનો ભાવ ૧૧૯૯ છે. પરંતુ આરોપીઓ પણ એજ ભાવે ઓનલાઈન વેચતા હતાં પરંતુ લોકો લાલચ આપવા માટે એક બોટલ પર બીજી એક બોટલ ફ્રીમાં આપતા હતા.

# વડોદરા શહેરમાંથી થઈ એમ્બ્યુલન્સની ચોરી! સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં બનેલી એક ઘટનાએ લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. વાહન, રિક્ષા, કાર, ટ્રક, રૂપિયા કે દાગીનાની ચોરી થઈ હોય તેવા અનેક બનાવો તો બનતા હોય છે, પરંતુ વડોદાર શહેરમાં ચોર એમ્બ્યુલન્સની ચોરી થઈ હોવાની ઘટના બની હતી. નડિયાદ સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ચંદ્રકાંતભાઈ કાપડિયાએ આ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ અનુસાર ૧૯મી એપ્રિલે એમ્બ્યુલન્સમાં બે દર્દીઓને ઇમરજન્સીમાં વડોદરામાં લાવવામાં આવ્યા હતા. દર્દીઓને વડોદરા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દાખલ કર્યા બાદ ડ્રાઈવર ત્યાંથી પાછો ફર્યો હતો. પાછા ફરતી વખતે ડ્રાઈવર એમ્બ્યુલન્સને છાણી ગુરુદ્વારા નજીક રોડની ઊભી રાખીને પાણી ભરવા માટે ગયો હતો. આ દરમિયાન એક યુવક એમ્બ્યુલન્સ લઈને ફરાર થઈ ગયો હતો. એમ્બ્યુલન્સની ચોરી થતાં પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી.

# અમદાવાદમાં ૧૦૦ કરોડની મિલકતોનું ૨૦ વર્ષ સુધી ભાડું વસૂલી ઠગ ટ્રસ્ટીઓએ વક્ફ બોર્ડમાં જમા ન કરાવીઃ સલીમખાન સહિત પાંચ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલી કાચની મસ્જિદ અને શાહ બડા કાસમ ટ્રસ્ટમાં ટ્રસ્ટી ન હોવા છતા સલીમખાન સહિતના પાંચ લોકોએ વક્ફ બોર્ડની અને બોર્ડે અમદાવાદ મનપાને આપેલી જમીન પર ગેરકાયદે દુકાનો અને મકાન બનાવી લાખો રૂપિયાના ભાડાની વસૂલાત કરી હોવાનો પર્દાફાશ થયો હતો. જે પાંચ લોકો ઝડપાયા છે તેઓ વક્ફ બોર્ડમાં ટ્રસ્ટી ન હોવા છતા ખોટી ઓળખ આપી બોર્ડની મિલકતમાં રહેતા લોકો પાસેથી ભાડાની વસૂલાત કરતા હતા. વક્ફ બોર્ડે મનપાને શાળા માટે આપેલી જમીન પરની શાળા જર્જરિત થયા બાદ આરોપીઓએ ત્યાં નવી શાળા બનાવવાના બદલે ગેરકાયદે દુકાન ખડકી દીધી હોવાનું પણ બહાર આવ્યું હતું. સલીમખાન સહિતની ટોળકીએ વક્ફ બોર્ડની અંદાજિત ૧૦૦ કરોડની મિલકતનું ગેરકાયદે રીતે ભાડુ વસૂલતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે પાંચેય આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

જમાલપુરમાં કાચની મસ્જિદની પાસે રહેતા મોહમ્મદ રફીક અન્સારીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ વર્ષોથી કાચની મસ્જિદ ટ્રસ્ટની મિલકતમાં રહે છે. ટ્રસ્ટના તમામ જૂના ટ્રસ્ટીઓનું મરણ થઈ ચૂક્યું છે. મસ્જિદ ટ્રસ્ટમાં મસ્જિદને અડીને જમીન આવેલી છે. જમીન વર્ષો પહેલા ટ્રસ્ટ દ્વારા એએમસીને સોંપવામાં આવી હતી. એએમસી આ જગ્યા ઉપર સ્કૂલ બનાવી હતી. ૨૦૦૧માં ભૂકંપ સમયે સ્કૂલનું બાંધકામ જર્જરિત થઈ ગયું હતું. મોકાનો ફાયદો ઉઠાવી ૨૦૦૯માં બની બેઠેલા ખોટા ટ્રસ્ટીઓએ શાળાનું બાંધકામ તોડી પાડ્યું હતું અને બીજી ઉર્દૂ શાળા બનાવી નહોંતી. તે જગ્યા ઉપર ૧૦ જેટલી દુકાનો બનાવી હતી, જેમાં સલીમખાને પોતાની સોદાગર કન્સ્ટ્રક્શન નામની ઓફિસ ખોલી હતી અને અન્ય નવ દુકાનો ભાડુઆતને ભાડે આપી હતી. જે ભાડું આવ્યું તે ટ્રસ્ટના એકાઉન્ટમાં જમા કરાવ્યું નથી અને કોર્પોરેશનમાં પણ જમા કરાવ્યું નથી. સલીમખાને એએમસી અને વક્ફ બોર્ડ સાથે છેતરપિંડી કરી છે.

સલીમખાન ૧૫ લોકો પાસેથી મકાનના ભાડા પેટેના ગેરકાયદેસર ભાડા ઉઘરાવે છે. આ ઉપરાંત બોર્ડમાં સલીમખાન પઠાણભાઈ, મહેબૂબ ખાન તથા અન્ય કોઈ વ્યક્તિની ટ્રસ્ટી તરીકે નિમણૂક થઈ નથી છતાં તે લોકો ગેરકાયદેસર રીતે ભાડા ઉઘરાવે છે. એટલું જ નહીં ૨૦૦૫થી સલીમ ખાન અને તેમના સાથેના અન્ય ચાર લોકો ભેગા મળીને વક્ફ બોર્ડમાં ટ્રસ્ટી તરીકે ન હોવા છતાં ટ્રસ્ટની મિલકતના ૨૫થી ૩૦ દુકાનો ૨૦૦ જેટલા મકાનો જેમાં બે ગેરકાયદેસર ૬ માળના ફ્લેટ પણ બનાવ્યા છે, તેનું પણ ભાડું ઉઘરાવે છે. ભાડાની રકમ તે તો પોતાના ફાયદા માટે ઉપયોગમાં લે છે. શાહ બડા કાસિમ ટ્રસ્ટની દાનપેટી છે, જે દાન પેટીમાં દર મહિને ૫૦,૦૦૦ની આવક થાય છે તે પણ આ લોકો વાપરે છે.

સલીમ ખાન વિરુદ્ધમાં હત્યા, રાયોટિંગ સહિતના ગુના પણ નોંધાયેલા છે. ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ ખોટું સોગંદનામુ કરીને ટ્રસ્ટી તરીકે વખત બોર્ડમાં રજૂ કર્યું હતું. વક્ફ બોર્ડ ગાંધીનગર ખાતે પણ ખોટું સોગંદનામુ રજૂ કર્યું છે. આમ સલીમ ખાન પઠાણ, મોહમ્મદ યાસર શેખ, મહેમૂદ ખાન પઠાણ, ફેઝ મોહમ્મદ જોબદાર, શાહિદ અહેમદ શેખ પાંચેય જણાએ ભેગા મળીને ટ્રસ્ટી ન હોવા છતાં વક્ફ બોર્ડની મિલકતમાં રહેતા અને દુકાન ધરાવતા લોકો પાસેથી ગેરકાયદેસર ભાડા વસૂલ કર્યા છે. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે પાંચે સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ મામલે ઝોન-૩ના ઈન્ચાર્જ ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું કે, આરોપીઓએ કુલ ૧૦૦ કરોડની મિલકત પર લોકો પાસેથી ભાડું વસૂલ્યું હતું. ૧૦૦ મકાનોનું મકાન દીઠ ૫થી ૭ હજાર ભાડું વસૂલવામાં આવતું હતું. ૧૦ દુકાનનું દુકાન દીઠ ૧૦ હજાર ભાડું વસૂલવામાં આવતું હતું. આરોપીઓ વર્ષ ૨૦૦૫થી ટ્રસ્ટના નામે ભાડું લેતા હતા. છેલ્લા ૨૦ વર્ષથી ભાડું લેતા હતા. પાંચેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# અપહરણ અને દુષ્કર્મ કેસમાં કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદ અને ૩.૨૦ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ થયાના ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા અને ૩.૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ફરિયાદ પ્રમાણે આરોપીએ સગીરાને લલચાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જેથી કોર્ટે આરોપીને સજા અને દંડ બન્ને ફટકાર્યા હતા. આ સાથે પીડિતાને કાનૂની સેવા સત્તા મંડળ તરફથી ૪ લાખ રૂપિયાનું વળતર આપવા માટે હુકમ કર્યો હતો.

૨૦૨૧માં ૨૧મી સ્પટેમ્બરના રોજ જ્યારે સગીરા શાકભાજી લેવા નીકળી હતી ત્યારે ગાડીમાં બેઠેલા આરોપીએ તેને લલચાવીને અપહરણ કર્યું હતું. જ્યારે પરિવારે શોધખોળ કરી ત્યારે જાણ થઈ કે દીકરીને ગુલાબ મેવાજી ઠાકોર નામનો આરોપી અપહરણ કરીને ઉપાડી ગયો હતો. આ કેસમાં પરિવારે આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ સગીરાને લલચાવીને દુષ્કર્મ આચર્યું હતું અને તેને ગર્ભવતી બનાવી દીધી હોવાનો આરોપ હતો. જેથી કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૩.૨૦ લાખનો દંડ ફટકાર્યો હતો.

# અમદાવાદ મનપાની ૧૮૦૦ ઈમારતો પર રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વરસાદી સિઝનમાં રસ્તાઓ પર વહી જતા પાણીનો ઉપયોગ કરવાનો નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા રેઇન વોટર કન્ઝર્વેશન માટે આરંભાયેલ કેચ ધ રેઇન અભિયાન શરૂ કરાયું છે. જાહેર રસ્તા પર વહી જતું વરસાદી પાણી જમીન નીચે ઉતારી પાણીના સ્તર ઊંચા લાવવા માટે પ્રોજેક્ટ શરૂ કરાયો છે. વરસાદી સિઝનમાં મોટા પ્રમાણમાં પાણી રસ્તાઓ પર વહી ગટરના માધ્યમથી નદીઓમાં ડાયવર્ટ કરવામાં આવતું હોય છે. પરંતુ કેચ ધ રેઇન પ્રોજેક્ટ અંતર્ગત હવે આ પાણી જમીનમાં નીચે ઉતારવાનો અભિયાનની શરૂઆત થવા જઈ રહી છે.

અમદાવાદ મનપાના એડી. ચીફ ઇજનેર યશપાલ પ્રભાકરે જણાવ્યું હતું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા રેઇન વોટર કન્ઝર્વેશન માટે આરંભાયેલ 'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. 'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત મનપા હસ્તકની આશરે ૧૮૦૦ ઇમારતો પર રૂફ-ટોપ રેઇન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરાશે. પ્રથમ ચરણમાં ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઇસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ થયો છે. આ કામગીરી આગામી ચોમાસાની ઋતુ પહેલાં પૂર્ણ કરવામાં આવશે.

આ પહેલ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક સમગ્ર શહેરના તમામ ઝોનમાં આવેલી વિવિધ ઝોનલ ઓફિસો, વોર્ડ-ઓફિસો, હોસ્પિટલ્સ, મ્યુનિ.શાળાઓ, અર્બન હેલ્થ સેન્ટર્સ, લાઇબ્રેરીઝ, વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન્સ, ડ્રેનેજ પંપિંગ સ્ટેશન્સ વગેરે જેવી આશરે ૧૮૦૦ ઇમારતોના રૂફ-ટોપ પર ભરાતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા રૂફ-ટોપ રેઇન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ આગામી ૧.૫ વર્ષના સમયગાળામાં ઇન્સ્ટોલ્ડ કરી કાર્યરત કરવામાં આવશે.

આમ, દરેક ઇમારતોના ધાબા પર ભરાતાં વરસાદી પાણીને બહાર વહી જતું અટકાવી, આ વરસાદી પાણીને ફિલ્ટર દ્વારા ચોખ્ખું કરી, તેને જે-તે ઇમારતોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં અથવા જે-તે કેમ્પસમાં જો હયાત બોરવેલ કે પરકોલેશન વેલ હોય તેમાં પરકોલેટ કરી, ગ્રાઉન્ડ વોટરના જળસ્તર ઊંચા લાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખૂબ જ મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રથમ ચરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઇસિસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે આવી રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ૧૨૦ યુનિટનું ઇન્સ્ટોલ્ડ થઈ ચૂકી છે અને બાકી રહેલી યુનિટ જે આગામી ચોમાસાની ઋતુ પહેલાં પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક રીતે આપવામાં આવતાં પાણી પુરવઠાનું નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળસ્તર ઊંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે.

# નર્મદાના જળસ્તરમાં ઘટાડો થયોઃ ભરૂચ-અંકલેશ્વર વચ્ચે ૯૫૦ મીટર વિશાળ પટમાં વહેતી નર્મદા હવે માત્ર ૫૦૦ મીટર અંદર સમેટાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદાના નીર ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી ડાઉનસ્ટ્રીમ બંધ કરીને પાણી પહોંચાડ્યું છે. જો કે, ડાઉનસ્ટ્રીમમાં છેલ્લા દોઢ મહિનાની આવક ઘટી છે.

સરદાર સરોવર નર્મદા ડેમના પાવર હાઉસના ટર્બાઇન આજના શિડ્યુલને ધ્યાને લેતા અત્યાર સુધી પાણીનો ડિસ્ચાર્જ ૬૦૦૦ ક્યૂસેક ચાલુ હતો તેમાં ઘટાડો થઈ ગત રાત્રે ૧૨ વાગ્યાથી ૩૦૦૦ ક્યૂસેક કર્યું છે. જેથી પાણીના પ્રવાહમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. જે બાદ નર્મદા નદીની ડાઉનસ્ટ્રીમ નદી સંગમ સ્થાન સુધી છીછરી બની છે.

૨૦૧૮ બાદ પુનઃ ગોલ્ડન બ્રિજ પાસે નર્મદા નદી જળ સ્તરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેને પગલે નર્મદા નદીનું જળ સ્તર ઘટી જતા ગોલ્ડન બ્રિજ-નર્મદા મૈયા નદી કિનારે નાના નાના બેટ ઉપસી આવ્યા છે. ભરૂચ-અંકલેશ્વર વચ્ચે ૯૫૦ મીટર વિશાળ પટમાં વહેતી નર્મદા હવે માત્ર ૫૦૦ મીટર અંદર સમેટાય છે. ગોલ્ડન બ્રિજ આગળ ૩ ફૂટ સુધી પાણી સપાટી નીચે આવી છે. ૧૨૫૦ મીટરના ગોલ્ડન બ્રિજ પર પટ હવે બંને તરફ પુરાણ ૮૦૦ મીટર વિસ્તાર થઇ ગયું છે.

# ગુજરાતમાં ગ્રામ્ય સ્તરે હવે પીવાનાં પાણીની સમસ્યા નહીં રહેઃ ટોલ-ફ્રી નંબર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના પાણીપુરવઠા વિભાગ દ્વારા ગુજરાતના શહેરી વિસ્તારોની સાથે જ ગ્રામીણ વિસ્તારોના પણ તમામ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જોકે, પાણીપુરવઠા વિભાગે ફક્ત ગ્રામ્ય સ્તરે પાણી પહોંચાડીને જ સંતોષ નથી માન્યો, પરંતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા પણ ઉપલબ્ધ કરાવી છે. આ ટોલ ફ્રી નંબરની સેવાના કારણે રાજ્યના ગ્રામીણ વિસ્તારના લોકો સરળતાથી પીવાના પાણી બાબતની ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકે છે, અને તેનું નિરાકરણ પણ મેળવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા શરૂ થયેથી અત્યાર સુધીમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોની પીવાના પાણી સંબંધિત ૯૯ ટકાથી વધુ ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ કરવામાં આવ્યું છે.

પાણીપુરવઠા વિભાગ દ્વારા ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા શરૂ થયેથી અત્યાર સુધીમાં કુલ ૨,૨૨,૧૧૬ ફરિયાદો નોંધવામાં આવી છે, જેમાંથી ૨,૨૧,૩૬૪ ફરિયાદો એટલે કે ૯૯.૬૬ ટકા ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૯,૪૧૦ ફરિયાદો નોંધાયેલ હતી જેમાંથી ૮૮,૯૯૨ (૯૯.૫૩ ટકા) ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે તથા જાન્યુઆરી ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીમાં ૬૫,૫૫૩ ફરિયાદો નોંધાયેલી હતી, જેમાંથી ૬૫,૫૦૯ (૯૯.૯૩ ટકા) ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે.

ગ્રામજનોને નડતી પીવાના પાણીની સમસ્યાઓની ફરિયાદ તેઓ ટોલ ફ્રી નં.૧૯૧૬ પર કરી શકે છે. તેમના દ્વારા ફરિયાદ મળ્યા બાદ, સંબંધિત ફરિયાદ વિશે સિવિલ, મિકેનિકલ, વાસ્મો જેવા સંબંધિત વિભાગોને જાણ કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ ફરિયાદ મેળવ્યા પછી, અધિકારી ફરિયાદની સ્થળની મુલાકાત લઇને ૪૮ કલાકમાં ફરિયાદનું નિરાકરણ લાવે છે. એકવાર ફરિયાદનું નિરાકરણ થઈ જાય, પછી સંબંધિત અધિકારી દ્વારા ઈઆરપીમાં તે ફરિયાદને રિસોલ્વ કરવામાં આવે છે. પાણીપુરવઠા વિભાગના કોલ સેન્ટર દ્વારા ફરિયાદીને ફોન કરીને ફરિયાદ નિવારણ માટે કરવામાં આવેલ કામગીરી અંગેનો ફીડબેક પણ લેવામાં આવે છે.

# દક્ષિણ ગુજરાતમાં સૂરજમુખીના ફૂલની નવી પ્રજાતિને જયકિશન ઠાકરનું નામ આપવામાં આવ્યું

અમદાવાદઃ ઉનાળામાં પણ કેટલાક ફૂલોની પ્રજાતિઓ જોવા મળે છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, સૂરજમુખી પણ આવી જ એક પ્રજાતિ છે. વિગતે વાત કરવામાં આવે તો, એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના બોટની વિભાગના સંશોધક અને અધ્યાપક ડૉ. જયદીપ શર્માને પોતાના અભ્યાસ દરમિયાન સૂરજમુખીની એક પ્રજાતિ પણ મળી આવી છે. આમ તો, દક્ષિણ ગુજરાતમાં જ સૂરજમુખીની ૭૦ જેટલી પ્રજાતિઓ છે, પરંતુ અત્યારે એક નવી પ્રજાતિ મળી આવી છે.

મોટા ભાગે લોકો એવું માને છે કે, સૂરજમુખીનું ફુલ પીળું જ હોય છે, પરંતુ તે વાત સત્ય નથી. કારણ કે, આ ફુલો માત્ર પીળા જ નથી હોતા. એટલું જ નહીં પરંતુ સૂરજમુખીના ફૂલમાં એક જ ફૂલ નથી હોતું. પાંચ થી લઈને ૫૦ ફૂલોનો ગુચ્છો એવી રીતે ગોઠવાયેલો હોય છે કે જોનારને એક જ ફૂલ હોય તેવું દેખાય છે. દક્ષિણ ગુજરાતમાં સૂરજમુખીના પરિવારની ૭૦ પ્રજાતિઓનું હવે ડોક્યુમેન્ટેશન થયું છે. જેમાં હવે એક નવી પ્રજાતિ પણ શોધવામાં આવી છે. નવી પ્રજાતિના ફૂલ સફેદ અને ગુલાબી રંગની ઝાંય વાળા હોય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેને નવી પ્રજાતિ તરીકે ઓળખ મળી છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 94 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૨ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ તરોતાજા પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટૅરિફ વૉર ભડક્યુંઃ હવે ચીનની અન્ય દેશોને ધમકી

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કંુ. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

## ‘અમારા ભોગે અમેરિકા સાથે વેપાર કરનારા દેશ સામે પગલાં ભરાશે’

નવી દિલ્હીઃ અમેરિકા સાથે વેપાર કરતા દેશો સામે વળતાં પગલાં લેવાની ચીને સોમવારે ધમકી આપી હતી.

ચીનના હિતોના ભોગે અમેરિકા સાથે વેપાર કરતા દેશો સામે અમે આ પગલાં લઈશું, એમ ચીનના વાણિજ્ય ખાતાના પ્રવક્તાએ કહ્યું હતું.

ટેરિફમાં રાહતના બદલામાં ચીન સાથેનો વેપાર ઘટાડવા અન્ય દેશો પર અમેરિકા દ્વારા દબાણ લાવવાની તૈયારી કરવામાં આવી રહી હોવાની બાબતને ધ્યાનમાં રાખીને ચીનના પ્રવક્તાએ આ નિવેદન કર્યું હતું. ચીનના હિતોને ભોગે અમેરિકા અને તેના વેપારી ભાગીદારો વચ્ચે થનારાં કોઈ પણ સોદાનો ચીન મક્કમપણે વિરોધ કરશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જો એવી પરિસ્થિતિ નિર્માણ પામશે તો ચીન અમેરિકા સાથે વેપાર કરતા દેશો સામે વળતાં પગલાં લેતાં નહીં ખચકાય.

સમસ્યાનો ઉકેલ લાવવાનો ચીનને અધિકાર

(જુઓ પાનું ૨) ▸▸

દૂધમાં રહેલા ભરપૂર પોષક તત્વો તેને કુદરતનું એનર્જી ડ્રિંક બનાવે છે
અમૂલ દૂધ
અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,640/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# આગામી ૧,૦૦૦ વર્ષને ધ્યાનમાં રાખીને સરકાર નીતિ ઘડે છેઃ મોદી

નવી દિલ્હીઃ જૂનાં અને જરીપુરાણા માળખા સાથે સરકાર કામ ન કરી શકે એમ જણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારપૂર્વક કહ્યું હતું કે અમારી સરકાર આગામી ૧,૦૦૦ વર્ષને ધ્યાનમાં રાખીને નીતિ ઘડે છે.

અમારી સરકારની નીતિઓ દેશના આગામી ૧,૦૦૦ વર્ષનું ભાવિ સુનિશ્ચિત કરશે એમ જણાવી મોદીએ તમામ દેશવાસીઓને આ માટે અથાક પરિશ્રમ કરવા કહ્યું હતું.

ઔદ્યોગિકરણ અને વેપાર-ઉદ્યોગની ગતિ પર નિયંત્રણ રાખતી ભૂતકાળની અમલદારશાહી પર પ્રકાશ પાડતા તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે દેશ હવે એ જૂની માનસિકતમાંથી બહાર આવી ગયો છે અને હવે અવરોધોને નાબૂદ કરતું તેમ જ નાગરિકોને સહાયરૂપ થાય તેવું વાતાવરણ ઊભું કરવા જેવી બાબતોને વેગ આપવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

વિકાસને વેગ આપી શકાય તે માટે સરકારી સેવા વધુ સક્ષમ બનાવી તેની ભૂમિકાનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

અહીંના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા ‘સિવિલ સર્વિસિસ ડે’ના સમારોહને સંબોધન કરતાં તેમણે ભારતીય સમાજના યુવાનો, ખેડૂતો અને મહિલાઓની મહત્ત્વાકાંક્ષાઓ પર એમ કહીને પ્રકાશ પાડ્યો હતો કે તેમનાં સપનાંઓ અસાધારણ ઊંચાઈએ પહોંચ્યાં છે.

આ અસાધારણ ઊંચાઈને આંબવા અસાધારણ ઝડપથી કામ કરવાની જરૂર હોવા પર તેમણે ભાર મૂક્યો હતો.

અમે જે નીતીઓ ઘડી રહ્યા છીએ અને જે નિર્ણયો લઈ રહ્યા છીએ તે દેશના આગામી ૧,૦૦૦ વર્ષનાં ભાવિનું ઘડતર કરશે, એમ તેમણે કહ્યું હતું.

વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા

(જુઓ પાનું ૨) ▸▸

# ઈસરોએ સફળતાપૂર્વક ઉપગ્રહોનું બીજું ડોકિંગ કર્યું

બેંગલુરુઃ કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે સોમવારે જણાવ્યું હતું કે, ઇસરોએ તેના સ્પેડેક્સ મિશનના ભાગ રૂપે ઉપગ્રહોનું બીજું ડોકિંગ સફળતાપૂર્વક કર્યું છે.

તેમણે કહ્યું કે આગામી બે અઠવાડિયામાં વધુ પ્રયોગોનું આયોજન કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી, અણુ ઊર્જા અને અવકાશ રાજ્ય પ્રધાન સિંઘે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ‘‘ઉપગ્રહોનું બીજું ડોકિંગ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે તે જણાવતા આનંદ થાય છે.’’

તેમણે યાદ કર્યું કે પીએસએલવી - સી ૬૦/ સ્પેસ ડોકિંગ પ્રયોગ (સ્પેડેક્સ) મિશન ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઉપગ્રહોને પ્રથમ વખત ૧૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક ડોક કરવામાં આવ્યા હતા અને ૧૩ માર્ચે સફળતાપૂર્વક અનડોક કરવામાં આવ્યા હતા અને આગામી બે અઠવાડિયામાં વધુ પ્રયોગોનું આયોજન કરવામાં આવ્યું છે,

(જુઓ પાનું ૨) ▸▸

# સંસદની કામગીરીમાં દખલગીરી કરવાનો અમારા પર આક્ષેપઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ ન્યાયતંત્રની યંત્રણા પર તાજેતરમાં કરવામાં આવેલાં હુમલાનો ઉલ્લેખ કરતાં સુપ્રીમ કોર્ટેના ન્યાયાધીશ બી. આર. ગવઈએ સોમવારે કહ્યું હતું કે સંસદની કામગીરીમાં દખલગીરી કરવાનો અમારા પર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

નવા વકફ એમેન્ડમેન્ટ ઍક્ટના વિરોધમાં ચાલી રહેલા પ્રદર્શન દરમિયાન પ. બંગાળમાં તાજેતરમાં થયેલી હિંસાને મામલે તપાસ યોજવાની માગણી કરતી નવી બે અરજીની સુનાવણી દરમિયાન ગવઈએ આ નિવેદન કર્યું હતું.

વિધાનસભાની ચૂંટણી બાદ ફાટી નીકળેલી હિંસાને પગલે પ. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરતી અરજીને મામલે વર્ષ ૨૦૨૧માં જનહિતની અરજી દાખલ કરનાર ઍડવોકેટ વિષ્ણુશંકર જૈને ખંડપીઠને નવી અરજીની સુનાવણી પણ મંગળવારે સાથે જ હાથ ધરવાની વિનંતી કરી હતી.

વર્ષ ૨૦૨૧ની અરજીનું સુનાવણી માટે લિસ્ટિંગ

(જુઓ પાનું ૨) ▸▸

# કેનેડામાં હિન્દુ મંદિરમાં તોડફોડ

ટોરોન્ટોઃ કેનેડાના સરેમાં એક મંદિરના પ્રવેશદ્વાર અને થાંભલાઓ પર ખાલિસ્તાન તરફી ગ્રેફિટીવાળા તોડફોડ કરનારાઓએ તેને ક્ષતિગ્રસ્ત કર્યું છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના ૧૯ એપ્રિલના રોજ સરેના શ્રી લક્ષ્મી નારાયણ મંદિરમાં બની હતી, એમ મંદિરે એક નિવેદનમાં જણાવ્યું હતું.

‘‘અમે ખૂબ જ દુઃખ સાથે સમુદાયને ૧૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ વહેલી સવારે ૩:૦૦ વાગ્યે બનેલી એક ચિંતાજનક ઘટનાની જાણ કરીએ છીએ. બે અજાણી વ્યક્તિએ સરેના શ્રી લક્ષ્મી નારાયણ મંદિરમાં પ્રવેશદ્વારના ચિહ્ન અને મંદિરના થાંભલાઓને ’ખાલિસ્તાન’ શબ્દથી બગાડીને તોડફોડ કરી હતી, એમ નિવેદનમાં જણાવાયું છે.

આ કૃત્ય દરમિયાન સુરક્ષા કેમેરાની પણ ચોરી થઈ હતી.

‘‘અમે તોડફોડ અને ચોરીના આ ઘૃણાસ્પદ કૃત્યની સખત નિંદા કરીએ છીએ, જે માત્ર ગુનો જ નથી પરંતુ વૃદ્ધ સભ્યો અને બાળકો સહિત ઘણા પરિવારો માટે આધ્યાત્મિક અને

(જુઓ પાનું ૨) ▸▸

# જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધઃ ફરી ખુલતા પાંચ-છ દિવસ લાગશે



**ભારે વરસાદઃ** જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં સોમવારે નવેસરથી થયેલા ભારે વરસાદને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિ અને ભેખડો ધસી પડવાની બનેલી ઘટનાને લીધે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવેને નુકસાન થયું હતું. (એજન્સી)

રામબનઃ ભૂસ્ખલનથી પ્રભાવિત જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ સોમવારે બીજા દિવસે પણ બંધ રહ્યો હતો. આશરે ૨૦ સ્થાનો પર ચાલી રહેલી રસ્તા સફાઇ ઝુંબેશમાં લગભગ છ દિવસનો સમય લાગી શકે છે એમ એનએચએઆઇના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં ભારે વરસાદ અને વાદળ ફાટવાના કારણે અચાનક પૂર, ભૂસ્ખલન અને કાદવ ધસી પડવાના બનાવો બન્યા હતા. જેના કારણે કાશ્મીરને દેશના બાકીના ભાગ સાથે જોડતા એકમાત્ર ૨૫૦ કિમી લાંબા વ્યૂહાત્મક હાઇવે પર રવિવારે સેંકડો વાહનો ફસાયાં હતાં. આ કુદરતી આફતમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૧૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઇ)ના પ્રોજેક્ટ ડિરેક્ટર પુરુષોત્તમ કુમારે

(જુઓ પાનું ૨) ▸▸

# પોપ ફ્રાન્સિસનું અવસાન



વેટિકન સિટીઃ મૂડીવાદ અને આબોહવા પરિવર્તનની ટીકાઓ દ્વારા ગરીબ પરંતુ વિમુખ રૂઢિચુસ્તો માટે તેમની નમ્ર શૈલી અને ચિંતાથી વિશ્વને મોહિત કરનાર ઇતિહાસના પ્રથમ લેટિન અમેરિકન પોન્ટિફ પોપ ફ્રાન્સિસનું સોમવારે અવસાન થયું હતું. તેઓ ૮૮ વર્ષના હતા.

‘‘આજે સવારે ૭:૩૫ વાગ્યે, રોમના બિશપ, ફ્રાન્સિસ, પિતાના ઘરે પાછા ફર્યા. તેમનું આખું જીવન ભગવાન અને તેમના ચર્ચ કાર્ડિનલની સેવા માટે સમર્પિત હતું.’’ એમ વેટિકન કેમેરલેન્ગો કેવિન ફેરેલે એક

(જુઓ પાનું ૨) ▸▸

# ઝારખંડમાં અથડામણમાં આઠ નક્સલવાદી ઠાર મરાયા

નવી દિલ્હી : ઝારખંડમાં બોકારો જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીપીઆરએફ)ના કોબરા કમાન્ડો અને પોલીસ સાથેના અથડામણમાં રૂાં એક કરોડ રૂપિયાનું ઈનામ ધરાવનારા નક્સલવાદીના સેન્ટ્રલ કમિટી મેમ્બર સહિત આઠ નક્સલવાદીને મારી નાખવામાં આવ્યા હતા.

અધિકારીઓએ માહિતી આપી હતી કે જિલ્લાના લાલપાનિયા એરિયાના લુગુ ટેકરી પર પરોઢિયે સાડાપાંચ વાગ્યે સામસામો ગોળીબાર થયો હતો.

અધિખારીઓએ કહ્યું હતું કે ૨૦૯ કમાન્ડો બટાલિયન ફોર રિસોલ્યુટ એક્શન (કોબરા) અને રાજ્ય પોલીસના જવાનોએ કરેલા ઓપરેશનમાં આઠ નક્સલવાદી માર્યા ગયા હતા અને એકે સિરીઝ રાઈફલ, ત્રણ આઈએનએસએએશ રાઈફલ, સેલ્ફ લોડિંદ રાઈફલ, આઠ દેશી બંદૂક અને એક પિસ્તોલ જપ્ત કરાઈ હતી.

માર્યા ગયેલાઓમાં આતંકવાદી પ્રયાગ માંઝી ઉર્ફે વિવેક, સ્પેશ્યલ એરિયા કમિટી મેમ્બર અરવિંદ યાદવ ઉર્ફે અવિનાશ, ઝોનલ કમિટી મેમ્બર સાહેબ્રામ માંઝી ઉર્ફે રાહુલ માંઝી, મહેશ માંઝી ઉર્ફે મોટા, તાલુ, રંજુ માંઝી, ગંગારામ અને મહેશનો સમાવેશ થાય છે. વિવેકના માથા પર એક કરોડ

(જુઓ પાનું ૨) ▸▸

# ઉત્તર પ્રદેશમાં માર્ગ અકસ્માતમાં છનાં મોત



**ગોઝારો અકસ્માતઃ** ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લામાં રવિવારે મોડી રાતે એક કાર ઝાડ સાથે ટકરાતાં છ જણનાં મોત થયાં હતાં.

ગોરખપુરઃ ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લામાં એક કાર ઝાડ સાથે અથડાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં છ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે બે ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે સોમવારે આપી હતી.

આ અકસ્માત રવિવારે રાત્રે શુક્લા ભુજૌલી ચાર રસ્તા પર થયો હતો. કારમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે દેવગાંવ જઇ રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે સ્થાનિક લોકોની મદદથી પોલીસે કારમાં સવાર લોકોને

(જુઓ પાનું ૨) ▸▸

KokilabenHospital KDAHMumbai www.kokilabenhospital.com
Kokilaben Dhirubhai Ambani
hospital & medical research institute
MUMBAI
Every Life Matters
આ વિશ્વ પાર્કિન્સન દિવસે
પાર્કિન્સન્સ પર નિયંત્રણ મેળવવા માટે અમારી સાથે જોડાઓ
પાર્કિન્સન રોગ પર એક
શૈક્ષણિક સેમિનાર
પાર્કિન્સન રોગ, વધુ સારું જીવન, લક્ષણો અને સ્થિતિ ને સમજવા માટે આપના સહાયક સાથે ઉપસ્થિત રહો
ડૉ. મોહિત ભટ્ટ
Director, Centre For Neurosciences
અને ટીમ નું નિપુણ માર્ગ દર્શન મેળવો

રવિવાર 27 એપ્રિલ 2025 | સવારે 10 વાગ્યાથી બપોરના ભોજન સાથે
6ઠ્ઠો માળ, કન્વેન્શન સેન્ટર, કોકિલાબેન હોસ્પિટલ
વિનામુલ્યે રજીસ્ટ્રેશન માટે
સંપર્ક કરો સુશ્રી સોનાલી: +91 74988 91679
વિશ્વ-કક્ષાની સ્વાસ્થ્ય સંભાળ - સુલભ અને કિફાયતી
Four Bungalows, Andheri (W), Mumbai 400 053
EMERGENCY +91 22 4269 9999
APPOINTMENTS +91 22 4269 6969
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS
AND ACCREDITED WITH JCI USA CAP USA NABL India NABH India

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દક્ષિણનાં રાજ્યો પછી મહારાષ્ટ્રમાં હિન્દીનો કકળાટ

**તમિળનાડુ** સહિતનાં દક્ષિણ ભારતનાં રાજ્યોમાં હિન્દી થોપવામાં આવી રહી હોવાનો મુદ્દો ઊભો કરીને શરૂ કરાયેલો કકળાટ શમ્યો નથી ત્યાં હવે મહારાષ્ટ્રમાં પણ આ પ્રકારનો વિવાદ ઊભો થયો છે. મહારાષ્ટ્રમાં ધોરણ ૧ થી ૫ સુધી ફરજિયાત હિન્દી શીખવવાનું નક્કી કરાયું તેની સામે રાજકીય પક્ષો તો મેદાનમાં આવી જ ગયા છે પણ ભાષાવિદોએ પણ વાંધો લીધો છે.

એક તરફ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) મેદાનમાં આવ્યાં છે તો બીજી તરફ મહારાષ્ટ્ર સરકારની ભાષા સલાહકાર સમિતિએ પણ ફરજિયાત હિન્દી શીખવવા સામે વાંધો લીધો છે. આ મુદ્દો ચગે નહીં એટલા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દોડતા થઈ ગયા છે.

ફડણવીસે કહ્યું છે કે, મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી નથી કે મરાઠીને બદલે હિન્દી ફરજિયાત બનાવવામાં આવી નથી. મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે મરાઠી ભાષા ફરજિયાત છે અને તેમાં કોઈ ફેરફાર થવાનો નથી.

મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી દીપક કેસરકરે પણ આવો જ બચાવ કર્યો છે પણ ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીએ આ વાત સાંભળવા તૈયાર નથી. ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીનો આક્ષેપ છે કે, રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિ (એનઇપી) હેઠળ ત્રિભાષી સૂત્રના અમલને મંજૂરી આપી દેતાં મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ આ મુદ્દે ઉગ્ર આંદોલનની પણ ચીમકી આપી છે.

ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીને અણધારી રીતે ભાષા મુક્તિ સમિતિનો ટેકો મળી ગયો છે. ભાષા મુક્તિ સમિતિના વડા લક્ષ્મીકાંત દેશમુખે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને દાવો કર્યો છે કે, સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (SCERT) એ હિન્દીને મહત્ત્વ આપવા માટે ફરજિયાત ભણાવવાનો નિર્ણય લેતાં પહેલાં તેનાં મંતવ્યો અને સૂચનો ધ્યાનમાં લીધાં ન હતાં.

મહારાષ્ટ્ર સરકારે સ્કૂલોમાં ભણાવાતી ભાષાને સગતા મુદ્દે સલાહ આપવા માટે એક ભાષા સલાહકાર સમિતિ પણ નિમી છે પણ તેનાં સૂચનોને પણ ધ્યાનમાં નથી લેવાયાં એવો પણ દેશમુખે દાવો કર્યો છે. પત્રમાં એવો દાવો પણ કરાયો છે કે, શિક્ષણના કોઈપણ સ્તરે હિન્દી ફરજિયાત ન બનાવવી જોઈએ. બલ્કે શક્ય એટલો હિન્દીનો ઓછો ઉપયોગ કરવાની નીતિ અપનાવવી જોઈએ કેમ કે હિન્દી રોજગાર, આવક, પ્રતિષ્ઠા કે જ્ઞાનની ભાષા નથી.

મહારાષ્ટ્ર સરકારનો બચાવ છે કે, હિન્દી ફરજિયાત કરવા મુદ્દે ગેરસમજ ઊભી થઈ છે. શિક્ષણ મંત્રી દીપક કેસરકરે દાવો કર્યો છે કે, વિદ્યાર્થીઓને ભાષાની મૂળભૂત સમજ મળે તે માટે ફક્ત ધોરણ ૧ થી ૫ સુધી હિન્દી શીખવવામાં આવશે. કેસરકરના દાવા પ્રમાણે, અગાઉના માળખામાં ધોરણ ૫ થી ૭ સુધી હિન્દી ફરજિયાત વિષય હતો જ અને હવે હિન્દી ફક્ત પ્રાથમિક સ્તરે એટલે કે ધોરણ ૧ થી ૫ સુધી શીખવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે.

આ દલીલ ખોટી છે કેમ કે, પહેલા ધોરણથી વિદ્યાર્થીને હિન્દી શીખવો તેનો મતલબ એ જ થાય કે, આ ભાષા ફરજિયાત કરાઈ રહી છે. વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે એ દલીલ પણ વાહિયાત છે. હિન્દી દેશમાં વ્યાપકપણે બોલાતી ભાષા નથી. હિન્દી દેશમાં સૌથી વધારે લોકો બોલે છે કેમ કે દેશમાં સૌથી વધારે વસતી ધરાવતાં હિન્દી પટ્ટાનાં રાજ્યોની હિન્દી માતૃભાષા છે. જે રાજ્યોની માતૃભાષા હિન્દી નથી એ પૈકી કેટલાં રાજ્યોમાં હિન્દી બોલાય છે એ વિશે વિચારશો તો આ વાત સમજાશે. મહારાષ્ટ્રમાં મુંબઈને બાદ કરતાં બીજે ક્યાંય હિન્દી વ્યાપકપણે બોલાતી ભાષા નથી. મહારાષ્ટ્રમાં બહુમતી લોકો પોતાની માતૃભાષા મરાઠીમાં જ બોલવાનું પસંદ કરે છે ને તેમાં કશું ખોટું પણ નથી.

મહારાષ્ટ્રના બીજા ભાગોમાં તો હજુય હિન્દી બોલનારા મળી આવશે પણ દેશનાં સંખ્યાબંધ રાજ્યો એવાં છે કે જ્યાં હિન્દી બોલનારા બિલકુલ નહીં મળે. તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, કેરળ, કર્ણાટક, ઓડિશા વગેરે રાજ્યોમાં હિન્દી વ્યાપક પ્રભાવ ધરાવતી ભાષા બિલકુલ નથી. ગુજરાત કે મહારાષ્ટ્ર જેવાં હિન્દીભાષી રાજ્યો સાથે સરહદ ધરાવતાં રાજ્યોમાં હિન્દી બોલાય તેનો મતલબ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષા ના કહી શકાય.

જો કે મુદ્દો ભાષા વ્યાપક બોલાય છે કે નહીં તેનો નથી પણ વિદ્યાર્થીઓનું હિત શેમાં છે તેનો છે. દરેક વિદ્યાર્થીએ માતૃભાષા ફરજિયાત શીખવી જોઈએ તેમાં બેમત નથી કેમ કે પોતપોતાની માતૃભાષાનું જતન કરવું એ દરેકની ફરજ છે પણ બાકીની બે ભાષા એવી હોવી જોઈએ કે જે ભવિષ્યમાં કામ આવી શકે અને વિદ્યાર્થીના વિકાસમાં ઉપયોગી થાય. અંગ્રેજી આ દૃષ્ટિકોણથી ફરજિયાત હોવી જોઈએ કેમ કે વૈશ્વિક સ્તરે અંગ્રેજી વ્યાપક રીતે કોમ્યુનિકેશન અને નોલેજ બંનેની ભાષા છે. ત્રીજી ભાષા તરીકે પણ કોઈ વિદેશી ભાષા શીખવાય તો એ ફાયદાકારક સાબિત થાય કેમ કે વિશ્વ હવે આર્થિક બાબતો પર ચાલે છે. આર્થિક બાબતોમાં કોમ્યુનિકેશન મહત્ત્વનું છે તેથી ચાઈનીઝ કે જાપાનીઝ જેવી ભાષાઓને વધારે મહત્ત્વ મળવું જોઈએ.

કમનસીબી એ છે કે, નવી શિક્ષણ નીતિમાં આ શક્યતાનો જ નાશ કરી દેવાયો છે કેમ કે તેમાં એવું પણ કહેવાયું છે કે, વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય ભાષાઓ હોવી જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કોઈપણ ભાષા ફરજિયાત બનાવવામાં આવી નથી અને શિક્ષણ માતૃભાષાના માધ્યમથી આપવું જોઈએ તેના પર ભાર મુકાયો છે પણ આડકતરી રીતે ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોમાં હિન્દી ફરજિયાત કરવી પડે એ સ્થિતિ પણ આ નિયમના કારણે પેદા કરી દેવાઈ છે.

એક માત્ર વિદેશી ભાષા તરીકે અંગ્રેજી જ પસંદ કરાય તેથી બીજો વિકલ્પ રહ્યો જ નહીં. બે ભારતીય ભાષાઓમાં એક તો માતૃભાષા હોય જ્યારે બીજી ભાષા તરીકે આ રાજ્યોમાં તેલુગુ, તમિલ, મલયાલમ કે કન્નડ જેવી દક્ષિણની ભાષા શીખવી ના શકાય કેમ કે તેના શિક્ષકો ના મળે. ગુજરાત કે મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓએ બંગાળી કે ઉડિયા શીખવી હોય તો તેના પણ શિક્ષકો ના મળે તેથી જખ મારીને હિન્દી જ રાખવી પડે.

આ સ્થિતિ બદલવી જોઈએ. વિદેશી ભાષાઓ વધારે શીખવવી જોઈએ કેમ કે રોજગાર આપતું જ્ઞાન વિદેશી ભાષાઓમાં છે, ભારતીય ભાષાઓમાં નહીં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૨૨–૪–૨૦૨૫, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૨, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ –૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૨–૪૩ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રે ક. ૨૪–30 સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૧૯–૨૮
- ઓટઃ બપોરે ક. ૧૨–30, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૧૨ (તા. ૨૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – નવમી. પંચક પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪–30, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ લગ્ન, સિવાયનાં શુભ કાર્યો વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, મંગળ–ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વાહન સંબંધિત કામકાજ, દુકાન–વેપારના નિત્ય થતાં કામકાજ, પાટ–અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, પર્વ પૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, ખેતીવાડીના કામકાજ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ પરિવારમાં સુખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# મહાદેવ ઍપ કેસઃ ઈડીએ ૫૭૩ કરોડ રૂપિયાના સિક્યોરિટીઝ અને બોન્ડ જપ્ત કર્યા

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મહાદેવ બેટિંગ એપ્લિકેશન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ગયા અઠવાડિયે નવા દરોડા બાદ રૂ. ૫૭૩ કરોડની સિક્યોરિટીઝ, બોન્ડ્સ અને ડીમેટ એકાઉન્ટ જપ્ત કર્યા છે. આ જાણકારી ઇડીએ સોમવારે આપી હતી.

ફેડરલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે તેને જાણવા મળ્યું છે કે બેટિંગ પ્લેટફોર્મ અને તેની સાથે જોડાયેલા સિન્ડિકેટ દ્વારા કમાયેલી ગુનાની આવક દેશની બહાર લઇ જવામાં આવી હતી. બાદમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણ(એફપીઆઇ)ના નામે ભારતીય શૅરબજારમાં રોકાણ કરવામાં આવ્યું હતું. ૧૬ એપ્રિલના રોજ દિલ્હી, મુંબઇ, ઇન્દોર, અમદાવાદ, ચંડીગઢ, ચેન્નઇ અને ઓડિશાના સંબલપુરમાં આવેલા પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

નિવેદનમાં જણાવાયું છે કે સર્ચ દરમિયાન ૩.૨૯ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી. તેમજ ૫૭૩ કરોડ રૂપિયાથી વધુની કિંમતની સિક્યોરિટીઝ, બોન્ડ્સ અને ડીમેટ ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ વાંધાજનક દસ્તાવેજો અને ઇલેક્ટ્રોનિક રેકોર્ડ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

મહાદેવ બેટિંગ ઍપ કેસ ત્યારે ચર્ચામાં આવ્યો હતો, જ્યારે એજન્સીએ થોડાં વર્ષો પહેલા દાવો કર્યો હતો કે છત્તીસગઢના કેટલાક ઉચ્ચ કક્ષાના રાજકારણીઓ અને અમલદારો આ ઍપ સાથે જોડાયેલી ગેરકાયદેસર કામગીરી અને ત્યારબાદના નાણાકીય વ્યવહારોમાં સામેલ હતા. એપના બે મુખ્ય પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ છત્તીસગઢના છે. ઇડીએ અગાઉ પણ આ કેસમાં શોધખોળ હાથ ધરી છે.

તપાસ એજન્સીએ જણાવ્યું કે સામાન્ય રોકાણકારોને છેતરવા માટે કેટલાક નાના અને મધ્યમ ઉદ્યોગો (એસએમઇ) ક્ષેત્રની સિક્યોરિટીઝના કૃત્રિમ ભાવમાં વધઘટને પ્રોત્સાહન આપવા માટે કેટલીક કંપનીઓમાં ભંડોળ નાખવામાં આવ્યું હતું. આમાંથી કેટલાક રોકાણો ઓળખી કાઢવામાં આવ્યા છે અને શોધ દરમિયાન તેને ફ્રીઝ કરવામાં આવ્યા છે. આ શૅરના ભાવમાં હેરાફેરી કરવાની સમગ્ર મોડસ ઓપરેન્ડીનો ખુલાસો કરવા માટે તપાસ ચાલી રહી છે.

ઇડીએ અત્યાર સુધીમાં આ કેસમાં ૧૩ લોકોની ધરપકડ કરી છે અને ૭૪ આરોપીના નામ સાથે પાંચ ચાર્જશીટ દાખલ કરી છે. તેમ જ ૩,૦૦૨ કરોડ રૂપિયાની મિલકતો પણ ફ્રીઝ અથવા જપ્ત કરી છે.

ઇડી અનુસાર આ કેસમાં ગુનાની અંદાજિત આવક લગભગ ૬૦૦૦ કરોડ રૂપિયા છે.

# જીએસટીના અધિકારીઓએ ૨૫,૦૦૯ બનાવટી કંપની શોધી કાઢીને ૬૧,૫૪૫ કરોડ રૂપિયાનું આઈટીસી કૌભાંડ પકડ્યું

નવી દિલ્હી : સેન્ટ્રલ અને સ્ટેટ જીએસટી ઑફિસરે ૨૦૨૪-૨૫ના વર્ષ દરમિયાન ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) તરીકે રૂ. ૬૧,૫૪૫ કરોડ રૂપિયાને ખોટી રીતે મેળવનાર ૨૫,૦૦૯ બનાવટી કંપની શોધી કાઢી હતી. ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ દરમિયાન સેન્ટ્રલ અને સ્ટેટ જીએસટી ઑફિસરે આઈટીસીને અટકાવીને ૧,૯૨૪ કરોડ રૂપિયા પાછા મેળવ્યા હતા અને ૧૬૮ લોકોની ધરપકડ કરી હતી. સેન્ટ્રલ અને સ્ટેટ જીએસટી ઑફિસરે ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં શોધી કાઢેલા આઈટીસી કૌભાંડના ડેટા પ્રમાણે ૪૨,૧૪૦ બનાવટી કંપની પકડાઈ હતી. આ કંપનીઓએ છેતરપિંડી કરીને ૧.૦૧ લાખ કરોડની આઈટીસી ઊભી કરી હતી. અધિકારીઓએ ૩,૧૦૭ કરોડ રૂપિયા આઈટીસીને બ્લોક કરીને નાણાં પાછાં મેળવ્યાં હતાં. આમાં ૩૧૬ જણની ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીએ કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારે બનાવટી આઈટીસી દાવાને રોકવાના વિવિધ પગલાં લીધા હતા. આમાં ગુપ્તચર બાતમી મેળવવી, બનાવટી રજિસ્ટ્રેશન અને શંકાસ્પદ ઈ-વે બિલને પકડવાનો સમાવેશ થાય છે.

ગૂડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી ) પ્રણાલી પમાણે આઈટીસી બિઝનેસે પુરવઠાકાર પાસેથી માલ ખરીદવા વખતે ભરેલો ટેક્સ છે. અંતિમ ઉત્પાદન વેરો ભરતી વખતે આની ક્રેડિટ કે ડિડક્શન તરીકે દાવો કરી શકાય. બનાવટી આઈટીસી જીએસટી વહીવટીતંત્ર માટે પડકારરૂપ બની ગયો છે. ભ્રષ્ટ તત્ત્વને બનાવટી કંપની બનાવીને આઈટીસીનો દાવો કરતા રોકવા અને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા રોકવા મોટો પડકાર છે.

બિનજોખમી બિઝનેસને જીએસટી રજિસ્ટ્રેસન સાત દિવસમાં અપાશે. ડેટા એનાલિટિક્સને જેને જોખમી કહ્યા છે એને રજિસ્ટ્રેશન આપતી વખતે ભૌતિક તપાસ અને આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત કરાવવું પડશે. (એજન્સી)

# અમેરિકાના ઉપપ્રમુખ વૅન્સનું દિલ્હીમાં આગમન

નવી દિલ્હી : અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વૅન્સનું ભારતની ચાર દિવસની મુલાકાત માટે સોમવારે પાલમ એર બેઝમાં આગમન થયું હતું. ટૅરિફ અને બજારમાં પ્રવેશની છૂટ વગેરે મુદ્દાને સંબોધવા બે વ્યૂહાત્મક જોડીદારો વચ્ચે વેપારી કરાર માટે દ્વિપક્ષીય મંત્રણા ચાલુ છે એ પાર્શ્વભૂમિમાં વાન્સનું ભારતમાં આગમન થયું છે. વૅન્સની સાથે તેમના ભારતીય મૂળનાં પત્ની ઉષા ચિલુકુરી અને તેમનાં ત્રણ બાળક ઈવાન, વિવેક અને મિરાબેલ તેમ જ અમેરિકની સરકારના સિનિયર અધિકારીઓ આવ્યા છે. અમેરિકાના ઉપપ્રમુખ વૅન્સ અને સેકન્ડ લેડી ઉષા પાલમ એર બેઝ પર આવ્યાં ત્યારે તેમનું સ્વાગત કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કર્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાન્સ સાથે વ્યાપક મુદ્દા પર વાતચીત કર્યા બાદ મોદીએ સાંજે રાખેલા ભોજન સમારોહમાં ભોજન સમારોહમાં વાન્સે હાજરી આપી હતી. વાતચીતમાં ભારત તરફથી વિદેશપ્રધાન વેદમ જયશંકર, વિદેશ સચિવ વિક્રમ મિસ્રી અને અમેરિકામાં ભારતીય રાજદૂત મોહન કાવત્રા હાજર રહ્યા હતા. વૅન્સ અને તેમની પત્ની જયપુર અને આગ્રામાં મુસાફરી કરશે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## પોપ ફ્રાન્સિસનું

જાહેરાતમાં જણાવ્યું હતું.

ફ્રાન્સિસ, જે ફેફસાના રોગથી લાંબા સમયથી પીડાતા હતા અને યુવાનીમાં તેમના એક ફેફસાનો ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો, તેમને ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શ્વસન કટોકટી માટે જેમેલી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જે ડબલ ન્યુમોનિયામાં પરિણમ્યો હતો.

તેમણે ત્યાં ૩૮ દિવસ વિતાવ્યા હતા, જે તેમના ૧૨ વર્ષના પોપપદના કાર્યકાળનો સૌથી લાંબો હૉસ્પિટલમાં દાખલો હતો.

પોપ તરીકેના તેમના પ્રથમ અભિવાદનથી લઈને - એક નોંધપાત્ર રીતે સામાન્ય ‘‘બુઓનાસેરા’’ (‘‘શુભ સાંજ’’) - શરણાર્થીઓ અને કચડાયેલા લોકોને ભેટવા સુધી, ફ્રાન્સિસે પોપપદ માટે ખૂબ જ અલગ સ્વરનો સંકેત આપ્યો હતો, કૌભાંડ અને ઉદાસીનતાના આરોપોથી ઘેરાયેલા કેથોલિક ચર્ચ માટે ઘમંડ પર નમ્રતા માટે તેમણે ભાર મૂક્યો હતો.

૧૩ માર્ચ, ૨૦૧૩ ના રોજ આર્જેન્ટિનામાં જન્મેલા જોર્જ મારિયો બર્ગોગ્લિયોએ ૨,૦૦૦ વર્ષ જૂની સંસ્થામાં તાજી હવાનો શ્વાસ લીધો હતો, જેનો પ્રભાવ પોપ બેનેડિક્ટ સોળમાના મુશ્કેલીગ્રસ્ત કાર્યકાળ દરમિયાન ઓછો થતો જોવા મળ્યો હતો, જેમના આશ્ચર્યજનક રાજીનામાથી ફ્રાન્સિસની પસંદગી થઈ હતી.

પરંતુ ફ્રાન્સિસે ટૂંક સમયમાં જ પોતાની મુશ્કેલીઓને આમંત્રણ આપ્યું હતું, અને તેમના પ્રગતિશીલ વલણ, LGBTQ+ કેથોલિકો પ્રત્યેના સંપર્ક અને પરંપરાવાદીઓ પર કડક કાર્યવાહીથી રૂઢિચુસ્તો વધુને વધુ નારાજ થયા હતા. તેમની સૌથી મોટી કસોટી ૨૦૧૮માં થઇ જ્યારે તેમણે ચિલીમાં પાદરીઓના જાતીય શોષણના કુખ્યાત કેસને નિષ્ફળ બનાવ્યો, અને તેમના પુરોગામીઓ હેઠળ ફેલાયેલું કૌભાંડ તેમના સમયમાં ફરીથી ફાટી નીકળ્યું અને પછી ફ્રાન્સિસે, બંધ વેટિકન સિટીમાંથી કોરોનાવાઇરસ રોગચાળા દ્વારા સાર્વત્રિક ધર્મનું નેતૃત્વ કરવાની અભૂતપૂર્વ વાસ્તવિકતાને સંભાળી હતી.

તેમણે વિશ્વને વિનંતી કરી હતી કે જે લોકો ગરીબો સામે અમીર બન્યા છે તેઓ કોવિડ-૧૯નો ઉપયોગ આર્થિક અને રાજકીય માળખા પર પુનર્વિચાર કરવાની તક તરીકે કરે.

## ટૅરિફ વૉર

છે અને ચીન પોતાના કાયદેસર અધિકારનું રક્ષણ કરવા સક્ષમ છે, એમ તેમણે કહ્યું હતું.

રેસિપ્રોકલ ટેક્સને નામે તાજેતરમાં અમેરિકાએ વેપારી ભાગીદાર દેશો પર એકપક્ષી રીતે ટેરિફ લાદી દીધી હતી.

અમેરિકાએ જે દેશો પર વધારાની ટેરિફ લગાવી છે એ દેશો હવે અમેરિકા સાથે વાટાઘાટ કરી દ્વિપક્ષી વેપાર અને નિકાસ ફરી શરૂ કરવાની માગણી કરી રહ્યા છે.

ચીન સાથેનો વેપારમાં નવો અવરોધ ઊભો કરવા અને દબાણ લાવવા અમેરિકા દ્વારા જુદા જુદા દેશો પર વિવિધ ટેરિફ લાદવામાં આવી રહી છે.

અમેરિકા સાથેના ટેરિફ વૉરને મામલે ચીને અપનાવેલા મક્કમ વલણને કારણે વિશ્વભરના દેશો અવઢવમાં મુકાયા છે કેમ કે અનેક દેશ અમેરિકા અને ચીન એમ બંનેનું બજાર છોડવા તૈયાર નથી.

ચીનના પ્રમુખ શી જિનપિંગે તાજેતરમાં જ ત્રણ મહત્ત્વના એશિયન દેશ વિયેતનામ, મલયેશિયા અને કંબોડિયાની મુલાકાત લીધી હતી અને એ દેશ સાથેના વેપારી સંબંધોને વધુ મજબૂત બનાવ્યા હતા.

ટ્રમ્પે ચીન પર ૨૪૫ ટકા ટેરિફ લગાડ્યો છે અને અમેરિકાના ઉત્પાદનો સરળતાપૂર્વક અન્ય દેશના બજારો માટે ઉપલબ્ધ થાય તે માટે અન્ય ૭૦ દેશ પર નિર્ધારિત મર્યાદામાં ટેરિફ લગાડી છે.

ચીનના પ્રવક્તાના જણાવ્યાનુસાર ચીન વેપારી હિતો, કાયદેસર અધિકારો તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય અને ન્યાયી વેપાર માટે અન્ય દેશો સાથે મળીને અમેરિકા દ્વારા એકપક્ષી રીતે લાદવામાં આવેલા ટેરિફનો સંયુક્ત રીતે વિરોધ કરવા તૈયાર છે. (એજન્સી)

## ઈસરોએ

એમ તેમણે કહ્યું. ઇસરોના મતે, સ્પેડેક્સ મિશન એ પીએસએલવી દ્વારા લોન્ચ કરાયેલા બે નાના અવકાશયાનનો ઉપયોગ કરીને ઇન-સ્પેસ ડોકિંગના પ્રદર્શન માટે એક ખર્ચ-અસરકારક ટેકનોલોજી પ્રદર્શનકાર મિશન છે.

અવકાશમાં, જ્યારે સામાન્ય મિશન ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે બહુવિધ રોકેટ લોન્ચની જરૂર હોય ત્યારે ડોકિંગ ટેકનોલોજી આવશ્યક છે.આ પ્રયોગ ઈસરોના ભાવિ મિશન માટે મહત્ત્વપૂર્ણ છે, જેમ કે ભારતીય અંતરિક્ષ સ્ટેશન અને ચંદ્ર પર અવકાશયાત્રીનું ઉતરાણ.

## આગામી ૧,૦૦૦ વર્ષને

સામૂહિક પ્રયાસની જરૂર હોવા પર ભાર મૂકતાં તેમણે કહ્યું હતું કે આ માટે દેશવાસીઓએ દરરોજ, દરેક ક્ષણે અથાક પરિશ્રમ કરવો પડશે. વૈશ્વિક સ્તરે જોવા મળી રહેલા ઝડપી પરિવર્તનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે સમાજમાં જે ઝડપે પરિવર્તન આવી રહ્યું છે કે પરિવારના યુવા સભ્યો સાથે થતો સંવાદ પણ ક્યારેક જુનવણી લાગવા માંડે છે. સંક્રમણના આ કાળમાં નવા નવા અત્યાધુનિક ઉપકરણોનો ઉપયોગ કરતાં કરતાં નવી પેઢી ઉછરી રહી છે. એનર્જી સિક્યોરિટી, ક્લિન એનર્જી, રમતગમત ક્ષેત્રમાં અત્યાધુનિકીકરણ, અવકાશ સંશોધન સહિતના ક્ષેત્રમાં સિદ્ધિઓ જેવી બાબત આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે. ભારત વહેલામાં વહેલી તકે વિશ્વનું ત્રીજા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર બને તેની જવાબદારી સરકારી અમલદારોની હોવાનું જણાવી તેમણે આ મહત્ત્વના લક્ષ્યો પાર પાડવામાં કોઈ વિલંબ ન થાય તેનું ધ્યાન રાખવાની તેમને વિનંતી કરી હતી. ‘સિવિલ સર્વિસિસ ડે’નો થીમ ભારતના સર્વાંગી વિકાસની પ્રતિબ્ધતા અને વચન છે. સર્વાંગી વિકાસનો મતલબ કોઈ ગામ, પરિવાર કે નાગરિક પાછળ ન છૂટી જાય એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે નાના નહીં પણ મોટાપાયે પરિવર્તન એ જ સાચી પ્રગતી છે. (એજન્સી)

## ઉત્તર પ્રદેશમાં

હૉસ્પિટલ પહોંચાડ્યા હતા. ડૉક્ટરોએ તેમાંથી છને મૃત જાહેર કર્યા હતા, જ્યારે બાકીના બેની સારવાર ચાલી રહી છે.

કુશીનગરના પોલીસ અધિક્ષક સંતોષ કુમાર મિશ્રાના જણાવ્યા અનુસાર આ મામલે વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે. મૃતકોની ઓળખ હરેન્દ્ર માધેશિયા અને યોગેન્દ્ર માધેશિયા(બંને ભાઇઓ), રણજીત, મુકેશ, ભીમ લક્ષ્મણ યાદવ અને કાર ડ્રાઇવર ઓમ પ્રકાશ તરીકે થઇ છે. તમામ મૃતકોની ઉંમર ૨૫ થી ૪૦ વર્ષની વચ્ચે હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે મુખ્ય પ્રધાન યોગી આદિત્યાનાથે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને જિલ્લા અધિકારીઓને ઘાયલો માટે તાત્કાલિક અને પર્યાપ્ત સારવાર સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

## સંસદની કામગીરીમાં

કરવામાં આવ્યું છે અને દાખલ કરવામાં આવેલી નવી અરજીઓમાં પ. બંગાળમાં હિંસાની વધુ ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેથી તેની પણ એકસાથે જ સુનાવણી કરવામાં આવવી જોઈએ, એમ જૈને કહ્યું હતું.

પ. બંગાળમાં બની રહેલી હિંસક ઘટનાઓને જોતાં ત્યાં અર્ધલશ્કરી દળ ગોઠવવાની અને તાત્કાલીક કાર્યવાહી કરવાની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું.

અરજીની સુનાવણી હાથ ધરવામાં આવશે ત્યારે હું જણાવીશ કે કઈ રીતે આ હિંસા શરૂ થઈ હતી, એમ તેમણે કહ્યું હતું. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગયા અઠવાડિયે ન્યાયતંત્ર અંગે અશોભનીય ટીપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટ સંસદ અને સાંસદો સામે અણુ મિસાઈલ ન છોડી શકે એમ જણાવી ધનખડે સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ માટે સમયમર્યાદા નક્કી કરવાના લીધેલા નિર્ણય સામે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આમ કરીને સુપ્રીમ કોર્ટ સુપર સંસદ તરીકે વર્તી રહી છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટ જ જો કાયદા ઘડવાની હોય તો સંસદ અને રાજ્ય વિધાનસભા બંધ કરી દેવી જોઈએ. દેશમાં ધાર્મિક યુદ્ધ ભડકાવવાનો તેમણે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા સંજીવ ખન્ના પર આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

## ઝારખંડમાં

રૂપિયાનું, સાહેબ્રામ માંઝીના માથા પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ હતું. પોલીસે વિવિધ કેસોમાં તેમની સામે ગુનો નોંધ્યા હતા. મધ્ય સમિતિ માઓવાદીની નિર્ણય લેનારી ટોચની સમિતિ છે એમ અધિકારીઓએ આપી હતી. જવાનોને કોઈ ઈજા થઈ નહોતી.

કોબરા એ સીઆરપીએફનું ખાસ જંગલ યુદ્ધ એકમ છે. ઓપરેશન માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદવે નેસ્તનાબૂદ કરવાના કેન્દ્ર સરકારના જાહેરનામાનો ભાગ હતો. બીજી એક હિલચાલમાં પડોશી રાજ્ય છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈ સોમવારે સાંજે નવી દિલ્હીની નોર્થ બ્લોકમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહને મળશે. બેઠકમાં રાજ્યમાં નક્સલવાદીવિરોધી ઓફરેશનની સર્વગ્રાહી સમીક્ષા કરશે. છત્તીસગઢમાં વિવિધ અથડામણોમાં ૧૪૦ માઓવાદીને ઠાર મારવામાં આવ્યા હતા. સુરક્ષા અધિકારીઓ દેશના ડાબેરી પાંખના આતંકવાદનો છેલ્લો ગઢ છે. (એજન્સી)

## જમ્મુ–શ્રીનગર માર્ગ

જણાવ્યું કે એક ડઝનથી વધુ સ્થળોએ ખાસ કરીને સેરી અને મરુગ વચ્ચેના ચાર કિમીના ભાગમાં, હાઇવે પર ભારે માત્રામાં કાદવ એકઠો થવાને કારણે અમે પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ. કેટલીક જગ્યાએ કાદવની ઊંચાઇ ૨૦ ફૂટથી વધુ છે.

બે દિવસના ભારે વરસાદ બાદ હવામાનની સ્થિતિમાં આવેલા સુધારા પર સંતોષ વ્યક્ત કરતાં કુમારે જણાવ્યું કે અમારી પાસે મર્યાદિત સંસાધનો હોવા છતાં અમે ખાનગી કોન્ટ્રાક્ટરો પાસેથી મશીનરીની વ્યવસ્થા કરી છે અને પુનઃસ્થાપન કાર્યને ઝડપી બનાવવા માટે એકસાથે ૨૦ અસરગ્રસ્ત સ્થળોએ તૈનાત કર્યા છે. જો કે કુમારે જણાવ્યું કે હાઇવેને ટ્રાફિક માટે ફરીથી ખોલવામાં ૫ થી ૬ દિવસનો સમય લાગવાની શક્યતા છે. પંથિયાલ અને કેલા મોડ નજીક હાઇવેને ભારે નુકસાન થયું હોવાનું તેમણે જણાવ્યું હતું.

## કૅનેડામાં

સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે સેવા આપતી પવિત્ર જગ્યા પર સીધો હુમલો છે,’’ એમ નિવેદનમાં જણાવાયું છે.

‘‘સરે પોલીસમાં સત્તાવાર રીતે એફઆઈઆર નોંધવામાં આવી છે, અને અમે અધિકારીઓને તેમની તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છીએ.’’ એમ નિવેદનમાં ઉમેર્યું.

‘‘અમે જનતાના સભ્યો અને સરકારના તમામ સ્તરના નેતાઓને આ ઘૃણાસ્પદ ગુનાની નિંદા કરવામાં અમારી સાથે જોડાવા વિનંતી કરીએ છીએ.’’ ‘‘કેનેડાના આદરણીય અને વૈવિધ્યસભર સમાજમાં પૂજા સ્થળો પર હુમલાઓને કોઈ સ્થાન નથી,’’ એમ તેમાં કહેવામાં આવ્યું છે.

# ઠંડું પાણી આપવાને બહાને ઘરમાં બોલાવી બાળકી સાથે કુકર્મ કરનારો પકડાયો

મુંબઈ: બોરીવલીમાં ઠંડું પાણી આપવાને બહાને ચાર વર્ષની બાળકીને ઘરમાં બોલાવ્યા પછી તેની સાથે કથિત કુકર્મ કરવા બદલ પોલીસે પંચાવન વર્ષના આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ રામ લલિત યાદવ તરીકે થઈ હતી. ઘટના રવિવારની બપોરે બની હતી. સખત ગરમી હોવાથી બાળકીએ ઠંડું પાણી પીવા માગ્યું હતું. કહેવાય છે કે આરોપીએ બાળકીને પોતાના ઘરમાં બોલાવી કથિત જાતીય હુમલો કર્યો હતો.

બનેલી ઘટનાની કોઈને જાણ કરી તો ગંભીર પરિણામ ભોગવવા પડશે, એવી ધમકી પણ આરોપીએ આપી હતી. ડરના માર્યા બાળકીએ આ અંગે વડીલોને જાણ કરી નહોતી, પરંતુ તેના બદલાયેલા વર્તનથી માતાને શંકા ગઈ હતી.

બાળકી ડરેલી દેખાતી હતી અને વાતચીત કરવાનું ટાળી રહી હતી. માતાએ વિશ્વાસમાં લઈ બાળકીની પૂછપરછ કરતાં તેણે હકીકત જણાવી હતી.

વડીલોએ તાત્કાલિક એમએચબી પોલીસનો સંપર્ક સાધી યાદવ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધી યાદવની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

# ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંકમાં લોલમ્લોલ: આડેધડ લોન આપતા એનપીએ ૪૦૦ કરોડ

મુંબઈ: આર્થિક કટોકટીમાં સપડાયેલી ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેન્કે ધિરાણ લેનારાઓને બે હજારથી વધુ લોન આપી હતી. આ બધી લોનની પતાવટ પાછળથી મામૂલી રકમમાં કરવામાં આવી હતી. પરિણામે બેન્કની નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) વધીને આશરે ૪૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ હતી એમ મુંબઈ પોલીસની ઇકોનોમિક ઓફેન્સિસ વિંગ (ઇઓડબ્લ્યુ)ના તપાસકર્તાઓને જાણવા મળ્યું છે.

બેંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર (એકાઉન્ટ્સ) હિતેન મહેતા અને ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અભિમન્યુ ભોઆન બેન્કના રોકડ ભંડોળમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની કથિત ઉચાપતમાં સંડોવણી બદલ પહેલેથી જ જેલમાં છે. કેસના અન્ય આરોપી બેંકના ભૂતપૂર્વ ચેરમેન હિરેન ભાનુ દેશ છોડીને ભાગી ગયા છે અને તેમની સામે લૂક આઉટ સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યો છે.

બેંકના રોકડ ભંડોળમાંથી કથિત ઉચાપતની તપાસ કરતી વખતે બેંકના ત્રણ ટોચના એક્ઝિક્યુટિવે પણ લાંચ લઈ લોન આપી હોવાનું ઇઓડબ્લ્યુના અધિકારીઓને જાણવા મળ્યું હતું. આ લોન નોન-પર્ફોર્મિંગ એસેટ્સમાં ફેરવાઈ ત્યારે ક્લીન બેલેન્સશીટ જાળવવા માટે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ (એઆરસી)ને ફેંકી દેવાના ભાવે વેચી દેવામાં આવી હતી.

બેંકમાંથી રોકડ રકમની ઉચાપતની કબૂલાત બાદ ૫૭ વર્ષના હિતેન મહેતા આ કેસમાં ધરપકડ કરવામાં આવેલી પ્રથમ વ્યક્તિ હતા. ત્યારબાદ ઇઓડબ્લ્યુએ અન્ય સાત આરોપીની ધરપકડ કરી હતી અને ૧૬૭ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતો ટાંચમાં લીધી હતી. ■

## વચનો સરકારના ને ભોગવવાનું મહાવિતરણને

# વીજ બિલના એક લાખ કરોડ રૂપિયાની વસૂલી બાકી

મુંબઈ: લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં સરકાર તરફથી કરવામાં આવેલી 'મફત'ની જાહેરાતો તથા આ સમય દરમિયાન વીજળીના પેન્ડિંગ બિલની વસૂલી તરફ મહાવિતરણ દ્વારા કરાયેલા દુર્લક્ષને કારણે પેન્ડિંગ બિલોની વસૂલીનો આંકડો ૯૮,૦૦૦ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ રકમમાં કૃષિપંપના ૭૫,૦૦૦ કરોડના બિલ બાકી છે. આ પેન્ડિંગ બિલોનો આંકડો વધી રહ્યો છે અને એક લાખ કરોડ રૂપિયા સુધી આંકડો પહોંચ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મહાયુતિએ વિધાનસભાની ચૂંટણીમાં ખેડૂતોને ૭.૫ હોર્સપાવરની ક્ષમતા સુધીના કૃષિપંપને મફત વીજળી પૂરી પાડવાની જાહેરાત કરી હતી. આનો લાભ રાજ્યના ૪૪,૦૬,૦૦૦ ખેડૂતોને થશે અને તે માટે ૧૪,૭૬૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હોવાનું નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન અજિત પવારે ૨૮મી જૂન, ૨૦૨૪ના પ્રધાનમંડળમાં રજૂ કરેલા બજેટમાં જણાવ્યું હતું. રાજ્યમાં કૃષિપંપની સંખ્યા અંદાજે ૪૮ લાખ છે જેમાંથી ૭.૫ હોર્સપાવરની ક્ષમતાવાળા પંપ ધરાવતા ખેડૂતોએ વીજળીના બિલ ભરવાનું બંધ કરી દીધું છે.

ગયા વર્ષે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી હતી તેથી મહાવિતરણ તરફથી ગ્રાહકો પાસેથી બિલ વસૂલવાની કાર્યવાહીમાં પણ ઢીલ આપવામાં આવી હતી. તેથી ૩૧મી માર્ચ, ૨૦૨૪ના ૮૯,૩૨૦ કરોડ રૂપિયાના પેન્ડિંગ બિલનો આંકડો ૩૧મી માર્ચ, ૨૦૨૫ સુધી નવ મહિનામાં ૯૭,૭૭૦ કરોડ રૂપિયા પર પહોંચ્યો હતો. હવે છેલ્લા ચાર મહિનામાં આ આંકડો પણ વધીને એક લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે. ■

# એક્સપ્રેસના અંતિમ તબક્કાનું પહેલી મેએ ઉદ્ઘાટન

## મુંબઈથી નાગપુરનો ૭૦૧ કિ.મી.નો પ્રવાસ મેથી સડસડાટ શક્ય

મુંબઈ: પહેલી મે કે બીજી મે ના રોજ મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવેના છેલ્લા ૭૬-કિલોમીટરના સેગમેન્ટના અપેક્ષિત ઉદ્ઘાટન સાથે મહારાષ્ટ્ર આગામી સમયમાં થનારા વિકાસમાં, એક મહત્વપૂર્ણ માળખાગત સીમાચિહ્ન હાંસલ કરશે.

ઇગતપુરીથી અમનેને જોડતો આ અંતિમ રસ્તો, મુંબઈથી નાગપુરને જોડતા ૭૦૧ કિલોમીટરના વિશાળ એક્સપ્રેસવેને અંતિમ સ્વરૂપ આપશે, જેનાથી રાજ્યભરમાં મુસાફરી અને કનેક્ટિવિટીમાં ઘણો વધારો થશે. વધુમાં, થાણે ક્રીક બ્રિજનો દક્ષિણ તરફનો લેન તે જ તારીખે કાર્યરત થવાની અપેક્ષા છે.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)ના મેનેજિંગ ડિરેક્ટર અનિલ ગાયકવાડે પુષ્ટિ આપી છે કે બંને પ્રોજેક્ટ ઉદ્ઘાટન માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમના લોન્ચિંગથી નવી મુંબઈ, પુણે અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવા મહત્વપૂર્ણ સ્થળો સુધી રસ્તાની પહોંચમાં ઘણો સુધારો થવાની અપેક્ષા છે.

મુંબઈ-નાગપુર એક્સપ્રેસવેના અંતિમ ભાગનું અનાવરણ મહારાષ્ટ્ર દિવસે થવાનું છે. એવી અટકળો છે કે વડા પ્રધાન મોદીને આ છેલ્લા વિભાગના ઉદ્ઘાટન માટે ફરી એકવાર આમંત્રણ આપવામાં આવી શકે છે, ખાસ કરીને કારણ કે તેઓ પહેલી મેના રોજ બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન સમિટ માટે મુંબઈમાં આવવાનું આયોજન કરી રહ્યા છે. ■

# ડિવોર્સી મહિલાની સરોગસીની માગ: હાઇ કોર્ટની ના

મુંબઈ: છૂટાછેડા થયા છે એવી ૩૬ વર્ષની મહિલાને સરોગસી માટે મંજૂરી આપવાથી એના વ્યાપક પરિણામો આવી શકે છે એમ બોમ્બે હાઇકોર્ટે સોમવારે જણાવ્યું હતું કે અને મંજૂરી આપવાથી સરોગસીનું વ્યાપારીકરણ થશે એવો અંદેશો વ્યક્ત કર્યો હતો. કોર્ટે અરજદારને સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવાની સલાહ આપી હતી.

ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત શેઠનાની ખંડપીઠે જણાવ્યું હતું કે અદાલતે માત્ર મહિલાના જ નહીં પણ જન્મેલા બાળકના અધિકારો અંગે પણ વિચાર કરવો પડશે. બે બાળકોની માતા બનેલી મહિલા છૂટાછેડા લીધા પછી સરોગસીની માગણી કરતી મહિલાની અરજી પર અદાલત સુનાવણી કરી રહી હતી. ડિવોર્સ પછી બાળકો પિતાના કબ્જામાં છે.

મહિલાએ એડવોકેટ તેજસ દાંડે દ્વારા દાખલ કરેલી અરજીમાં મહિલાએ જણાવ્યું હતું કે ગર્ભાશય કઢાવી નાખ્યું હોવાથી પોતે ગર્ભધારણ નથી કરી શકે એમ અને ફરીથી લગ્ન પણ નથી કરવા માંગતી.

મહિલા બે બાળકોની માતા હોવાથી સરોગસી એક્ટ હેઠળ ''ઇચ્છિત મહિલા'' ની વ્યાખ્યામાં ફિટ ન બેસતી હોવાથી એની અરજી નકારવામાં આવી હતી. આ કાયદા હેઠળ પતિનું અવસાન થયું હોય અથવા છૂટાછેડા લીધેલી સ્ત્રીને જો કોઈ જીવિત બાળક ન હોય અથવા જીવંત બાળકને કોઈ જીવલેણ બીમારી હોય તો તે સરોગસીનો વિકલ્પ પસંદ કરી શકે છે. (પીટીઆઈ)■



# હાલના ઉતાર-ચડાવમાં, ભારત રોકાણ માટે એક આકર્ષક સ્થળ તરીકે ઉભરી આવ્યું છે

-આશિષ ગુપ્તા, સીઆઇઓ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

**★ શું તમે માનો છો કે ખરીદીની પ્રવૃત્તિમાં વધારો ઘટાડો થવાને કારણે આપણે ટેરિફ સંબંધિત અનિશ્ચિતતામાંથી બહાર આવી ગયા છીએ? બજાર વિશે તમારું શું માનવું છે?**

યુએસ સરકાર દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી અનિશ્ચિતતાનો મોટો પ્રવાહ આવ્યો, જેના કારણે વૈશ્વિક વૃદ્ધિમાં ઘટાડો, ફુગાવામાં વધારો અને રોકાણના પરિદૃશ્યમાં નબળાઈની ચિંતા વધી છે. શરૂઆતમાં, અમે ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફ વેપાર ખાધને ઓછી કરવા વાટાઘાટો માટેની યુક્તિ હતી. ૯૦ દિવસનો સમયગાળો જ્યાં તમામ દેશોને વેપારની શરતો પર વાટાઘાટો કરવા માટેનો સમય આપે છે, ત્યારે બજારો ટૂંકા ગાળામાં અસ્થિર રહી શકે છે.

જો કે, અહીં એ નોંધવું જોઈએ કે રેસિપ્રોકલ ટેરિફ પાછો ખેંચવા છતાં, યુએસ દ્વારા કરવામાં આવતી આયાત પર સરેરાશ ટેરિફ હવે ૨૫% થી વધુ રહેશે. તેવી જ રીતે એશિયા માટે, સરેરાશ ટેરિફ ૪૦%ની નજીક રહેશે. તેથી, આપણે જોઈએ છીએ કે ટેરિફ પાછો ખેંચ્યા પછી પણ ટેરિફમાં નોંધપાત્ર વધારો થયો છે, જે વૈશ્વિક વૃદ્ધિ સામે પડકારો સર્જી શકે છે. ટેરિફમાં વધારાનો અમલ પાછો ઠેલાતાં અને યુએસમાં નીતિઓનું નિર્ધારણ બજારની પ્રતિકૂળ પ્રતિક્રિયા પ્રત્યે સંવેદનશીલ હોવાની ધારણાઓ વચ્ચે બજારો ભારે નિરાશાવાદમાંથી રિકવર થયા છે. ઘરેલુ રીતે સંચાલિત અર્થતંત્ર હોવાથી તેમજ નીચા ટેરિફ દરોને કારણે ભારત પ્રમાણમાં સારી સ્થિતિમાં છે.

અમેરિકાના આર્થિક વૃદ્ધિદર અંગેની તાજેતરની ચિંતાઓને કારણે અમેરિકામાંથી રોકાણનો પ્રવાહ બહાર નીકળવાનું શરૂ થઈ ગયું છે તેમ જ ડોલરનું મૂલ્ય પણ ઘટ્યું છે, જેના કારણે ભારત રોકાણ માટે વધુ આકર્ષક સ્થળ બન્યું છે. છેલ્લા છ મહિનામાં અગ્રણી સૂચકાંકોમાં ૧૫-૨૫%ના કરેક્શને પણ વેલ્યૂએશનને વધુ વાજબી બનાવ્યા છે. ભારતની તરફેણમાં કામ કરતું બીજું પરિબળ ક્રૂડ ઓઈલના નીચા ભાવ અને FPIના ઓછા ભારાંક છે.

**★ એવું ઘણી વાર કહેવાય છે કે- મંદી દરમિયાન મિડકેપ અને સ્મોલકેપ શેર્સ સૌથી વધુ પ્રભાવિત થાય છે, પરંતુ હવે આપણે થોડી રિકવરી જોઈ છે, ત્યારે શું આ સમય બહોળા બજારમાં પગ મૂકવાનો અને અહીંથી લાભ મેળવવાનો છે?**

મિડકેપ અને સ્મોલકેપમાં નિફ્ટી કરતાં વધુ કરેક્શન થયું છે. કરેક્શનની પ્રકૃતિમાં બંનેની કમાણીમાં કરેક્શનનો સમાવેશ થાય છે (લાર્જકેપના કિસ્સામાં ૧/૩ અને મિડકેપના કિસ્સામાં ૨/૩ ભાગ). યુએસ ટેરિફથી વૈશ્વિક વેપારના મોરચે જે નવી બાબતો જોવા મળશે તેમાં વૈશ્વિક સ્તરે નવા વિજેતાઓ અને ગુમાવનારાઓનું સર્જન થશે. આ વાતાવરણમાં, મૂલ્યના ખિસ્સા શોધીને તેમાં રોકાણ કરવા માટે સાવચેતીપૂર્વકનાં પગલાં લેવાની જરૂર છે. એકંદરે, એક ફંડ હાઉસ તરીકે અમે સ્ટોક પ્રમાણે ચોક્કસ કોલ લઈએ છીએ. રોકાણ કરવા માટે માર્કેટ કેપના સમૂહ પર નજર રાખવાને બદલે, વ્યક્તિએ એસેટની ફાળવણીના અભિગમ પર ધ્યાન આપવું જોઈએ, જ્યાં ડેટ ફંડ્સમાં રોકાણ વધારીને ઇક્વિટીમાં રોકાણની વધઘટને ઘટાડી શકાય છે. આ ઉપરાંત, રોકાણકારે પોતાની જોખમ લેવાની ક્ષમતાના આધારે માર્કેટ કેપ્સમાં રોકાણ કરવું જોઈએ.

# આ છોકરીની હિંમતની દાદ દેવી પડે



જન્મથી ત્યજી દેવાઇ, સામાજિક કાર્યકર દ્વારા ઉછેરાયેલી નેત્રહીન મહિલાએ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસીસ કમિશનર (એમપીએસસી) પરીક્ષા પાસ કરી છે અને હવે તેની નાગપુર કલેક્ટોરેટમાં રેવેન્યૂ આસિસ્ટન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવશે.

માલા પાપાલકરનો ઉછેર સામાજિક કાર્યકર અને પદ્મશ્રી પુરસ્કૃત શંકર બાબા પાપાલકર દ્વારા કરાયો હતો. માલા ૯૫ ટકા નેત્રહીન છે તેમ છતાં તેના ઝનૂનમાં કોઇ ફરક પડ્યો નથી.

'હું મારી સફળતાનું શ્રેય શંકર બાબા અને મને પરીક્ષા માટે તૈયાર કરનાર અમોલ પાટીલને આપું છું', એમ માલાએ કહ્યું હતું. તેણે ૨૦૨૪માં એમપીએસસીની ગ્રુપ-સીની પરીક્ષા પાસ કરી હતી અને તેમાં તે સફળ રહી હતી. ગયા અઠવાડિયે જ તેને અપોઇન્ટમેન્ટ લેટર મળ્યો હતો. ત્રીજા પ્રયાસમાં તેણે પરીક્ષા પાસ કરી હતી. ■

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ તેજ ગતિએ

મુંબઈ: મહત્વાકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, જે કુલ ૫૦૮ કિલોમીટરનું અંતર કાપશે, જેમાંથી ગુજરાતમાં અને દાદરા અને નગર હવેલીમાંથી ૩૫૨ કિમી અને મહારાષ્ટ્રમાં ૧૫૬ કિ.મી. પસાર થશે. તેનું બાંધકામ ૧૮ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ઘણા સીમાચિહ્નો પૂર્ણ કરી ચૂક્યું છે.

મુંબઈ, થાણે, વિરાર અને અમદાવાદ સહિત ૧૨ નિર્ધારિત સ્ટેશનોમાંથી, ગુજરાતનાં આઠ સ્ટેશનોમાંથી છ માટેનું માળખાકીય કાર્ય પૂર્ણ થઈ ગયું છે. વાયડક્ટ બાંધકામ ૨૯૩ કિમી સુધી ફેલાયેલું છે, જ્યારે ૩૭૫ કિ.મી પિયરનું કામ અને ૩૯૪ કિ.મી. પિયર ફાઉન્ડેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે. ગર્ડર કાસ્ટિંગ ૩૨૦ કિમી સુધી થઈ ચૂક્યું છે. વલસાડ, નવસારી, ખેડા અને વડોદરા જિલ્લાઓમાં ૧૪ મુખ્ય નદી પરના પુલ પૂર્ણ થયા છે. આ ઉપરાંત, સાત સ્ટીલ પુલ અને પાંચ બીજા પુલ પણ બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં અવાજ અવરોધકોનું સ્થાપન ચાલુ છે, જેમાં ૧૫૦ કિ.મી.ના પટ પર લગભગ ૩ લાખ અવરોધક બેસાડવામાં આવ્યા છે.

ગુજરાતમાં ટ્રેક બેડનું બાંધકામ ૧૪૩ કિ.મી. સુધી પૂર્ણ થઈ ચૂક્યું છે, અને વાયડક્ટ પર ૨૦૦-મીટર લાંબા પેનલમાં રેલનું વેલ્ડિંગ હાલમાં ચાલી રહ્યું છે. મહારાષ્ટ્રમાં બીકેસી અને શિલ્ફાટા વચ્ચે ૨૧ કિ.મી. લાંબી ટનલનું બાંધકામ ચાલુ છે. ન્યૂ ઓસ્ટ્રિયન ટનલિંગ મેથડ (ગઅઝખ) નો ઉપયોગ કરીને આશરે ૩.૩ કિ.મી. ટનલ હેડિંગ કરવામાં આવી છે. વિક્રોલી અને સાવલીમ ટનલ અનુક્રમે ૫૬ મીટર અને ૩૯ મીટરની ઊંડાઈ સુધી પહોંચ્યા છે. પાલઘર જિલ્લામાં, ગઅઝખ નો ઉપયોગ કરીને સાત પર્વતીય ટનલનું નિર્માણ પણ ચાલી રહ્યું છે.

ત્રણેય એલિવેટેડ સ્ટેશનોનું બાંધકામ શરૂ થઈ ગયું છે. મુંબઈમાં, બુલેટ ટ્રેન સ્ટેશનનું ૧૮.૭ લાખ ઘન મીટર ખોદકામનું લગભગ ૭૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. બેઝ સ્લેબ કાસ્ટિંગ પ્રગતિમાં છે, જેમાં કુલ ૨,૦૦,૦૦૦ ઘન મીટર કોંક્રિટમાંથી અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ ઘન મીટર કોંક્રિટ રેડવામાં આવી છે. દરેક કાસ્ટિંગમાં ૩,૦૦૦-૪,૦૦૦ ક્યુબિક મીટર તાપમાન-નિયંત્રિત કોંક્રિટનો સમાવેશ થાય છે. વધુમાં, મુંબઈ સ્ટેશન સાઇટ પર બધા ૩,૩૮૪ સેકન્ટ પાઇલ્સ બેસાડવામાં આવ્યા છે. ■

# અંબરનાથમાં બિલ્ડરના બંગલો પર ગોળીબાર કરી બે બાઈકસવાર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંબરનાથમાં બાઈક પર આવેલા બે શખસે ભરબપોરે બિલ્ડરના બંગલો પર ગોળીબાર કરતાં ખળભળાટ મચી ગયો હતો. ગોળીબાર પછી બન્ને હુમલાખોર ફરાર થઈ જતાં સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની બપોરે અઢી વાગ્યાની આસપાસ અંબરનાથના હુતાત્મા ચોક નજીક બની હતી. ચોક પાસે જ બિલ્ડર વિશ્વનાથ પનવેલકરનો સીતાઈ સદન નામે બંગલો છે.

ટ્રાફિકવાળા માર્ગ પર બાઈક પર આવેલા બે હુમલાખોરમાંથી એકે પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર કર્યા હતા. પનવેલકરના બંગલોની દિશામાં ગોળીબાર કરી બન્ને શખસ ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં કોઈને પણ ઇજા થઈ નહોતી. બનાવની જાણ થતાં શિવાજી નગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ગોળીબારની ઘટના પનવેલકરના બંગલો બહાર લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. સીસીટીવીનાં ફૂટેજને આધારે પોલીસ બન્ને હુમલાખોરની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે. પોલીસને ૧૪ સેકન્ડનાં ફૂટેજ મળ્યાં હતાં, જેમાં એક બાઈક બંગલોની સામે આવીને ઊભી રહે છે અને તેની પાછળ રિક્ષા પણ ઊભી રહેતી નજરે પડે છે. રિક્ષામાંથી ત્રણ મહિલા નીચે ઊતરે છે ત્યારે બાઈક પર પાછળ બેસેલો યુવાન બંગલોની દિશામાં ગોળીબાર કરે છે. ડરી ગયેલી મહિલાઓ કંઈ સમજે તે પહેલાં હુમલાખોરો બાઈક સાથે ત્યાંથી રવાના થતા હોવાનું ફૂટેજમાં દેખાય છે.■

# મેડલ વિજેતા ભૂતપૂર્વ પોલીસને હત્યા કેસમાં આજીવન કારાવાસ

મુંબઈ: રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર ભૂતપૂર્વ પોલીસ કર્મચારી અભય કુરુંદકરને મહારાષ્ટ્રની અદાલતે સોમવારે આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર અશ્વિની બિદ્રે-ગોરની ૨૦૧૬માં થયેલી હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારી હતી. અભય અશ્વિની સાથે વિવાહ બાહ્ય સંબંધ ધરાવતો હતો.

એડિશનલ સેશન્સ કોર્ટના જજ (પનવેલ) કે. જી. પાલદેવરે ગયા મહિને કુરુંદકરને હત્યા અને અન્ય ગુનાઓ માટે ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈઓ હેઠળ દોષી ઠેરવ્યો હતો.

કુરુંદકરના સાથીઓ કુંદન ભંડારી અને મહેશ ફલણીકરને પુરાવાના નાશ બદલ દોષી ઠેરવી સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. નવી મુંબઈ પોલીસના માનવાધિકાર વિભાગના સહાયક પોલીસ ઈન્સ્પેક્ટર અશ્વિની બિદ્રે-ગોર (૩૭) ૧૧ એપ્રિલ, ૨૦૧૬ના દિવસે લાપતા થઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર કુરુંદકર અશ્વિની સાથે વિવાહ બાહ્ય સંબંધ ધરાવતો હતો. ૧૧ એપ્રિલ, ૨૦૧૬ના દિવસે તેણે અન્ય લોકોની મદદથી અશ્વિનીની હત્યા કરી શરીરને ભાયંદર ખાડીમાં ફેંકી દીધું હતું. ત્યારબાદ તેના શરીરને કાપી નાખવામાં આવ્યું હતું, તે ભાગોને રેફ્રિજરેટરમાં રાખવામાં આવ્યા હતા અને બાદમાં ભાયંદર ક્રીકમાં તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીએ આપેલી જાણકારી અનુસાર કુરુંદકરને ૨૦૧૭માં પ્રજાસત્તાક દિને પ્રશંસનીય સેવા માટે પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ ચંદ્રક મળ્યો હતો.


થાણા ગ્રામીણ પોલીસમાં ફરજ બજવનારા ઇન્સ્પેક્ટર કુરુંદકરની ૭ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# મુંબઈ-હૈદ્રાબાદ હાઇ-સ્પીડ રેલવે પ્રોજેક્ટમાં એકધારી પ્રગતિ

મુંબઈ: દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં પ્રાદેશિક જોડાણ વધારવા અને લાંબા અંતરની મુસાફરીને આધુનિક બનાવવાના મહત્વપૂર્ણ પ્રયાસના ભાગ રૂપે મુંબઈ-હૈદરાબાદ હાઇ-સ્પીડ રેલ (એમએચએચએસઆર) પ્રોજેક્ટ સતત પ્રગતિ કરી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૭૬૭ કિ.મી. આવરી લેવાશે, જેમાં મુંબઈ, પુણે અને હૈદરાબાદ જેવા મુખ્ય શહેરોને જોડવામાં આવશે.

એમએચએચએસઆર એ ભારત સરકાર દ્વારા ૨૦૧૯ માં રજૂ કરાયેલા છ નવા હાઇ-સ્પીડ રેલ કોરિડોરની શ્રેણીમાં પાંચમો છે. બાંધકામ હજુ શરૂ થયું નથી, પરંતુ ગ્રાઉન્ડવર્ક ટેન્ડરિંગ ઓક્ટોબર ૨૦૨૦ માં શરૂ થયું હતું.

મુંબઈ-હૈદરાબાદ હાઇ-સ્પીડ રેલ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરશે, જે અસાધારણ ગતિ, સલામતી અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરશે. મુંબઈ-હૈદરાબાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટનો ઉદ્દેશ ૭૬૭ કિ.મી. લાંબો રેલ કોરિડોર બનાવવાનો છે જેમાં એલિવેટેડ, ભૂગર્ભ અને એટ-ગ્રેડ ટ્રેકનું મિશ્રણ હશે, જે મહત્વપૂર્ણ શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોને જોડશે. આ યોજનામાં રૂટ પર ૧૧ સ્ટેશનોનો સમાવેશ થાય છે, જેમાં મુખ્ય એક્સપ્રેસવે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને નવા કોરિડોર નજીક પ્રસ્તાવિત ગોઠવણીનો સમાવેશ થાય છે, જે સંભવિત રીતે થાણે નજીક શરૂ થશે. પ્રસ્તાવિત સ્ટેશનોમાં મુંબઈ, નવી મુંબઈ, લોનાવલા, પુણે, કુરકુમ્બ, અકલુજ, પંઢરપુર, સોલાપુર, કલબુર્ગી, ઝહીરાબાદ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. ■

CELEBRATING OUR CHARISMATIC, INSPIRATIONAL, LOYAL, AND LOVING

Atul Amersey

NOVEMBER 1, 1944 - APRIL 20, 2025

We wish him a safe onward journey

With love,

Amersey family, Mehta family, and all his loved ones

MADHAVDAS AMERSEY & CO
ANDHERI EDUCATION SOCIETY
S.G.P EDUCATION TRUST


# ઈન્સ્ટાગ્રામ પર સ્ત્રીમિત્ર સાથેની અંગત તસવીરો મૂકી બ્લૅકમેઈલ કરનારા વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બનાવટી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી તેના પર ગ્રાન્ટ રોડ ખાતે રહેતા ખાનગી કંપનીના માલિકની સ્ત્રીમિત્ર સાથેની અંગત પળોની તસવીરો પોસ્ટ કરીને બ્લૅકમેઈલ કરનારા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. સોશ્યલ મીડિયા પરની તસવીરો ડિલીટ કરાવવી હોય તો પાંચ લાખ રૂપિયાની માગણી પણ આરોપીએ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સંબંધિત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ કરવા માટે આરોપીએ ૧૪ ફેબ્રુઆરીથી ૧૯ એપ્રિલ દરમિયાન ફરિયાદીને બ્લૅકમેઈલ કરી નાણાંની માગણી કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ખાનગી કંપનીના માલિક અને તેની સ્ત્રીમિત્રના નામનો ઉપયોગ કરીને ગયા શનિવારે અજાણ્યા શખસે ઈન્સ્ટાગ્રામ પર એકાઉન્ટ બનાવ્યું હતું. બાદમાં આ એકાઉન્ટ પર આરોપીએ ફરિયાદીની સ્ત્રીમિત્ર સાથેની અંગત પળોની તસવીરો પોસ્ટ કરી હતી. આ બાબતની જાણ થતાં ફરિયાદીએ બનાવટી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવનારા જે. ડી. રાજપૂરોહિત નામના શખસનો સંપર્ક સાધ્યો હતો. સોશિયલ મીડિયા પરની તસવીરો ડિલીટ કરવા માટે એ શખસે પાંચ લાખ રૂપિયાની માગણી કરી હતી. આ પ્રકરણે ફરિયાદીએ ડી. બી. માર્ગ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવનારી વ્યક્તિની ઓળખ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૮(૨), ૩૧૯(૨), ૩૫૧ અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.■

# કચરાના ઢગલા નજીકથી નવજાત બાળકી મૃત અવસ્થામાં મળી

થાણે: ભિવંડીમાં કચરાના ઢગલા નજીકથી નવજાત બાળકી મૃત અવસ્થામાં મળતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. બારોડી ગામમાં રવિવારની સવારે નવ વાગ્યાની આસપાસ કચરાના ઢગલા નજીક પડેલા બાળકીના શબ પર અમુક રહેવાસીઓની નજર પડી હતી. બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, એમ નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૯૪ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

આ તો ખાલી ટ્રેલર છે...

# ગેરકાયદે બાંધકામો તોડનાર અધિકારીઓની બદલી કેમ? પાલિકાના એન્જિનિયરો ભડક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લેના જૈન દેરારસરના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કામગીરી બાદ કે-પૂર્વ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર નવનાથ ઘાડગેની બદલી કરવાનાં તાજેતરના નિર્ણયથી પાલિકાના અધિકારીઓમાં અસંતોષ ફેલાયો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ છેલ્લા થોડા સમયમાં ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કર્યા બાદ ત્રણ અધિકારીઓની બદલી રાજકીય દબાણ હેઠળ કરવામાં આવી હતી.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ એન્જિનિયર્સ અસોસિયેશને આ પગલાનો સખત વિરોધ કર્યો છે અને ચેતવણી આપી છે કે આ મુજબની રાજકીય પ્રેરિત બદલીઓ અધિકારીઓનું મનોબળ ઘટાડી શકે છે અને તેમને ગેરકાયદે બાંધકામ સામે પગલા લેતા રોકી શકે છે. યુનિયને એવી પણ દલીલ કરી છે કે પ્રશાસનો આ નિર્ણય ખતરનાક ઉદાહરણ પૂરું પાડી શકે છે અને કાયદાને નબળો પાડી શકે છે. પાલિકાના ઉચ્ચ અધિકારીએ એવો ખુલાસો કર્યો હતો કે ગયા વર્ષે જૂનમાં કે-પશ્ચિમના વોર્ડ ઓફિસર પૃથ્વીરાજ ચવાણની વર્સોવામાં ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી કર્યા પછી રાજકીય દબાણને કારણે બદલી કરવામાં આવી હતી. એવી જ રીતે ગયે મહિને એફ-ઉત્તર વોર્ડ ઓફિસર નીતિન શુકલાની માટુંગામાં ગેરકાયદે બાંધકામ સામે ડિમોલિશન ઝુંબેશ શરૂ કર્યા પછી તેમના કાર્યકાળના માત્ર ૫૦ દિવસમાં જ અચાનક તેમની બદલી કરવામાં આવી હતી. જો અમે કોર્ટના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ જઈને તો તે કોર્ટનું અવમાન ગણાય છે અને જો અમે કોર્ટના આદેશનું પાલન કરીને બાંધકામ તોડી પાડીએ છે તો અમને સામાજિક બહિષ્કારનો અને અમુક જૂથ તરફથી વિરોધનો સામનો કરવો પડે છે. તાજેતરમાં કે-પૂર્વના વોર્ડ ઓફિસર નવનાથ ઘાડગેની ગેરકાયદે દેરાસર તોડી પાડવાનો કોર્ટના આદેશનું પાલન કરવા બદલ ઉતાવળે બદલી કરવામાં આવી હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ એન્જિનિયર્સ અસોસિયેશના જનરલ સેક્રેટરી યશંવત ધુરીએ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને પાલિકાના અધિકારી અને એન્જિનિયરોની સાથે મજબૂત રીતે સાથે ઊભા કરીને સમર્થન આપવાની માગણી કરી છે. પત્રમાં તેમણે લખ્યું છે કે પાલિકા પ્રશાસને રાજકીય દબાણના વશ થયા વિના પોતાની ફરજ બજાવતા અધિકારીઓ અને એન્જિનિયરોની પાછળ મજબૂતાઈથી ઊભા રહેવું આવશ્યક છે.

## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સમેન મિત્રો (સ્ટાફ) જોઈએ છે**

સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શો રૂમો માટે સ્ટે. સ્ટીલ, થર્મોવેર, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક હાઉસવેર તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનના મહેનતી ઈમાનદાર કામ પ્રત્યે ધગશવાળા અનુભવી / બિનઅનુભવી ઉં. વ. ૧૮ થી ૪૦ સુધીના જે કસ્ટમરને પ્રોડ્ક્ટ વિશે સારી રીતે સમજાવી શકે તેવા સેલ્સ યુવાનો / યુવતીઓ તુરંત જોઈએ છે. તદ્ઉપરાંત હેલ્પર મિત્રો તેમજ પી.આર.ઓ.ના કામ માટે યુવતી જોઈએ છે. ફ્રેશ યુવાનો / યુવતીઓને એક સારા માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ મળશે. સારો પગાર, સારી ફેસીલીટી સાથે ભવિષ્યમાં આગળ વધવાની એક સારી તક. બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રૂબરૂ, સંપર્ક કરો. (રેફરંસ જરૂરી) મહાવીર ધ હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫ (મળવાનો સમયઃ ૨ થી ૭). (એસડીબી-૨૫૬૫)

REQUIRED SALES PERSON and Sales Girls for a Reputed Jewelers of Chembur. Salary as per their experience between 15000 - 40000 or more. Must know Gujarati, Marathi, Hindi and English. Contact : 9820213756. (B-15869)

**LEADING SOUTH MUMBAI Estate Agent Requires Field Officers on Salary + Commission. Age 20-40, 9821074887. (B-15834)**

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**હીરાપન્ના**

હાજીઅલી - ૧ રૂમ કિચન, સેલ્ફ કન્ટેઈન્ડ, ફર્નિશ્ડ, શાકાહારી માટે, સી/સીટી વ્યુ, 'અમર રૂપાણી' 9820372950 / 9619775855 એજન્ટ. (બી-૧૫૮૪૨)

**હીરાપન્ના**

હાજીઅલી - ૧ રૂમ કિચન, સેલ્ફ કન્ટેઈન્ડ, ફર્નિશ્ડ, ભાડું ૫૫૦૦૦/- શાકાહારીઓ માટે, સી/સીટી વ્યુ, ''અમર રૂપાણી'' 9820372950 - એજન્ટ. (બી-૧૫૮૪૧)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેકસ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૫૮૪૮)

**SARTHAK BIRD NET**



કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફટી નેટ
૩ વર્ષની વોરંટી
Jitu
93214 74132

(બી-૧૫૮૭૦)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતીષ**

**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતનદુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-સી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

છેલ્લા પાનાનું ચાલુ

## ઠાકરે ભાઈઓ

રાજકારણ પર મોટી અસર પડશે.

### મરાઠી મતોનું એકત્રીકરણ

મહારાષ્ટ્રના રાજકારણમાં મરાઠી વોટ બેંક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ વોટ બેંક હાલમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના, એનસીપી અને કોંગ્રેસ વચ્ચે વહેંચાયેલી છે. જો ઉદ્ધવ અને રાજ ભેગા થાય તો આ વોટ બેંક તેમની સાથે ઘણી હદ સુધી જોડાઈ શકે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ મહારાષ્ટ્રની લગભગ ૬૯.૯૩ ટકા વસ્તી મરાઠી ભાષી છે, એટલે કે લગભગ ૭.૭૪ કરોડ લોકો. જોકે, મુંબઈ જેવા શહેરમાં મરાઠી બોલનારાઓની ટકાવારી માત્ર ૨૫-૨૬ ટકા છે.

### મહાયુતિને આંચકો લાગી શકે છે

ઠાકરે બંધુઓના ગઠબંધનને કારણે ભાજપ, શિંદે જૂથ અને અજિત પવારની એનસીપીને મોટું નુકસાન થઈ શકે છે. બાળાસાહેબ ઠાકરેના હિન્દુત્વ સમર્થકો હજુ પણ મોટી સંખ્યામાં છે, જે રાજ અને ઉદ્ધવ સાથે જવાનું પસંદ કરી શકે છે. આ ગઠબંધન મુંબઈ, થાણે અને નાસિક જેવા શહેરી વિસ્તારોમાં ભાજપને કઠિન ટક્કર આપી શકે છે.

### ઠાકરે પરિવાર સત્તાનું કેન્દ્ર બની શકે છે

૧૯૬૬માં શિવસેનાની રચના થઈ ત્યારથી ઠાકરે પરિવાર મહારાષ્ટ્રના રાજકારણનું કેન્દ્ર રહ્યું છે. તેમની વકતૃત્વ શૈલી, બોલવાની અસર અને 'ઠાકરી બાણા' તેમને અનોખા બનાવે છે. જો બંને ભાઈઓ સાથે આવે તો ઠાકરે પરિવાર ફરી એકવાર રાજકીય કેન્દ્રબિંદુ બની શકે છે, જેનાથી અન્ય પક્ષોને નુકસાન થઈ શકે છે.

### મુસ્લિમ અને દલિત સમુદાયનો ગુસ્સો શક્ય છે

૨૦૨૪ની લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં, ઉદ્ધવ ઠાકરેની યુબીટીને મુસ્લિમ અને દલિત મતોનો સારો ટેકો મળ્યો. જો રાજ ઠાકરે સાથે ગઠબંધન થાય, તો આ સમુદાય ગુસ્સે થઈ શકે છે અને તેમનો ટેકો ફરીથી કોંગ્રેસ અથવા એનસીપીને જઈ શકે છે.

### બંને પક્ષોને પુનર્જીવિત થશે

રાજ ઠાકરેની પાર્ટીએ શરૂઆતમાં સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ ૨૦૧૪થી તેનો ગ્રાફ સતત નીચે ગયો છે. બીજી તરફ, ભાજપ અને શિંદે જૂથથી અલગ થયા પછી ઉદ્ધવ ઠાકરે પણ સંઘર્ષનો સામનો કરી રહ્યા છે. જો મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રાજ સાથે મળીને કામ કરવામાં આવે, જ્યાં ઉદ્ધવનો દબદબો છે, તો આ ગઠબંધન ભાજપ માટે પડકાર બની શકે છે.

પરંતુ વાસ્તવિક પડકાર એ છે કે, આ એકીકરણ કેવું સ્વરૂપ લેશે? નેતા કોણ હશે, કોની વાત અંતિમ માનવામાં આવશે, અને શું કોઈ સામાન્ય ફોર્મ્યુલા નક્કી થશે, આ પ્રશ્નો હજુ પણ વણઉકેલાયેલા છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં બંને પક્ષો માટે આ ગઠબંધન રાજકીય રીતે મહત્વપૂર્ણ છે, પરંતુ ૨૦ વર્ષ જૂના મતભેદોને ઉકેલવા માટે પણ તે એટલું જ મહત્વપૂર્ણ છે. બંને ઠાકરે હવે શું પગલાં લે છે તેના પર ઘણું નિર્ભર છે?

## બે વર્ષમાં

થઇ ગઇ હતી જ્યારે પાલિકાના અધિકારીઓએ પી-ઉત્તર વોર્ડની મુલાકાત લીધી હતી. તળાવોની કાયાપલટનું કામ બે તબક્કામાં કરાશે. પહેલા તબક્કાનું કામ તાત્કાલિક શરૂ કરાશે. જે તળાવો ઊંડા છે અથવા જ્યાં સુશોભીકરણનું કામ બહુ નથી કરવાનું ત્યાં ઝડપથી કાર્ય પૂર્ણ કરાશે. બીજા તબક્કાનું કામ ત્યાર બાદ હાથ ધરવામાં આવશે.

## ઍરપોર્ટ પર કોઇને

જાતે) અને આપણો દેશ સુવિધા આપવામાં મિસાલ બની ભારતે ઉદાહરણ પૂરું પાડવું જોઈએ.'

ખંડપીઠ બે અરજીઓ પર સુનાવણી કરી રહી હતી - એક વરિષ્ઠ નાગરિક અને તેની પુત્રી દ્વારા અને બીજી ૫૩ વર્ષીય વ્યક્તિ દ્વારા અરજી કરવામાં આવી હતી. આ અરજીઓમાં મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર વ્હીલચેર અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ નહીં હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

ખંડપીઠે જણાવ્યું હતું કે તે મુદ્દાઓની તપાસ કરી અહેવાલ રજૂ કરવા માટે નિષ્ણાતોની એક સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે પછી ડીજીસીએ દ્વારા માર્ગદર્શિકા માટે વિચારણા કરવામાં આવશે. અદાલત આ મામલે મંગળવારે આદેશ આપશે. (પીટીઆઈ)

## ચૂંટણીમાં પરાજયે

વિજય અંગે શંકા ઉપસ્થિત કરી હતી અને ચૂંટણી પંચ પર 'સમજૂતી' કરવાનો આરોપ લગાવ્યો હતો. આવી ટિપ્પણીને બાલિશ ગણાવતાં ફડણવીસે કહ્યું હતું કે હું ગાંધીને એવી સલાહ આપીશ કે વિદેશમાં જઈને દેશને બદનામ કરવાને બદલે લોકોની વચ્ચે રહીને કામ કરો.

આવા નિવેદનો તેમને મતો મેળવી આપી શકશે નહીં. વારંવાર ચૂંટણીમાં મળતા પરાજયને કારણે તેમની માનસિક સ્થિતિ અસ્થિર થઈ ગઈ છે.

રવિવારે એક કાર્યક્રમમાં બોલતાં રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે 'સાદા શબ્દોમાં કહીએ તો મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમાં રહેલા પુખ્ત વયના કુલ લોકો કરતાં વધુ લોકોએ મતદાન કર્યું હતું.'

## વિલે પાર્લેના

વોર્ડ ઓફિસર નવનાથ ઘાડગેની બદલી કરવી નાખવામાં આવી હતી. જોકે જૈન સમાજે આ દેરાસરને કાયદેસર કરવાની માગણી કરી છે તે મુદ્દે દેરાસરના ટ્રસ્ટી ગણે સોમવારે પાલિકાના ઉચ્ચ અધિકારી સાથે બેઠક કરી હતી, જેમાં પાલિકાએ કાયદાકીય બાબતનો અભ્યાસ કરીને નિયમ મુજબ તેને કાયદસેર કરી શકાય તે માટે સમય માંગ્યો હતો.

દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સોમવારે પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશ્વાસરાવ મોટે સાથે બેઠક થઈ હતી, જેમાં અમે પાલિકાના જ લીગલ ડિપાર્ટમેન્ટે અમને આ દેરાસર ૧૯૬૧-૬૨ પહેલાનું હોવાથી કાયદેસર ગણાય અને તેને તોડી પાડી શકાય નહીં એ મુજબનો અભિપ્રાય આપ્યો હતો તેનો દસ્તાવેજ બતાવ્યા હતા.

તમામ દસ્તાવેજો અને અમારી સાથે ચર્ચા બાદ તેમણે અમને દેરાસરને કાયદેસરનું બનાવવા માટે કાયદાકીય બાબતનો અભ્યાસ કર્યા બાદ આગળના પગલા લેવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું.

વધુમાં અનિલ શાહે જણાવ્યું હતું કે આજે લઘુમતી પંચમાં પણ સુનાવણી થવાની છે. દેરાસરના બાંધકામ પર સ્ટે લાવવા માટે બુધવારે કોર્ટમાં સુનાવણી થવાની હોવાની રજૂઆત અમે પાલિકાના અધિકારીને જણાવી હતી, છતાં અમારી વાત પ્રત્યે દુર્લક્ષ કરીને દેરાસરને તોડી પાડયું હતું.

અનેક મહિલા શ્રાવકો સાથે ધક્કામુક્કી કરવામાં આવી હતી, જેમાં અનેક મહિલાઓને માર લાગ્યો હતો. વરિષ્ઠ નાગરિકો પણ અડફેટમાં લેવામાં આવ્યા હતા. બે ભગવાની મૂર્તિઓ તોડી પાડવામાં આવી હતી.

ધાર્મિક ગ્રંથ, આગમને, કપડાંઓ સહિત દેરાસરની દાનપેટી સહિત અનેક વસ્તુઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. તેથી તેમના વિરુદ્ધ લઘુમતી પંચમાં ફરિયાદ કરવામાં આવી હતી, તેના પર મંગળવારે સુનાવણી થવાની છે.

## માથેરાન

વળ્યું છે. મોટાભાગના જિલ્લામાં ૪૨ ડિગ્રીથી ૪૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાઈ રહ્યું છે, જેમાં ચંદ્રપુરમાં ૪૫.૬ ડિગ્રી નોંધાયું હતું. ચંદ્રપુરનું તાપમાન સમગ્ર રાજ્યમાં સૌથી હાઈએસ્ટ રહ્યું હતું. હવામાન વિભાગના કહ્યા મુજબ પૂર્વ અને પશ્ચિમ વિદર્ભમાં ૨૪ એપ્રિલ સુધી હવામાન શુષ્ક રહેશે. રવિવારે નાગપુરમાં પારો ૪૪ ડિગ્રીની નજીક પહોંચી ગયો હતો. હવામાન વિભાગે લોકોને જરૂરી કામ હોય તો જ બપોરે ઘરની બહાર નીકળવાની સલાહ આપી છે.

આ ઉપરાંત, એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે લોકોએ પોતાની સાથે પાણી રાખવું. જ્યારે ગળું સુકાઈ જાય ત્યારે પાણી પીતા રહેવું. આરોગ્ય વિભાગે તડકાથી બચવા માટે માથું ઢાંકીને રાખવાની સલાહ આપી છે.

મહારાષ્ટ્રના મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર અને વિદર્ભમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલે નાગપુરમાં ગરમી વધશે તેવી આગાહી કરવામાં આવી છે. અમરાવતીમાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે.

## ઈન્ફ્રા પ્રોજેક્ટ

અને વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રહ્યા હતા.

વોરરૂમ મીટિંગમાં મુંબઈ, વિદર્ભ, મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રના વિવિધ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સમાં મુંબઈ મેટ્રો લાઈન ૨-ઈ (ડી.એન. નગરથી માંડલે), મેટ્રો લાઈન-૪ (વડાલાથી કાસારવડવલી), મેટ્રો લાઈન-૫ (થાણે-ભિવંડી-કલ્યાણ), મુંબઈ મેટ્રો-૬ (સ્વામી સમર્થનગર-વિક્રોલી), મુંબઈ મેટ્રો-૭અ (અંધેરી-છત્રપતિ ઈન્ટરનેશનલ-૨ સુધી) મેટ્રો લાઈન-૯ (દહિસર (પૂર્વ)થી મીરા ભાયંદર), ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ ટનલ પ્રોજેક્ટ, બોરીવલીથી થાણે ટ્વિન ટનલ પ્રોજેક્ટ, ઉત્તન-વિરાર સી-લિંક, શિવડી-વરલી એલિવેટેડ કોરિડોર, પુણે મેટ્રો, દહિસરથી ભાયંદર લિંક રોડ, ગોરેગાંવ માગાઠાણે ડીપી રોડ, ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ અને ઉત્તર કોસ્ટલ રોડનો સમાવેશ થાય છે.

આ સમય દરમિયાન, પ્રોજેક્ટના કામની વર્તમાન સ્થિતિ, કામમાં આવતી મુશ્કેલીઓ વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## ગેરકાયદે બાંધકામ

નિર્દેશ કર્યો હતો. ખાલી પડેલી મોટી જમીનો પરના ગેરકાયદે બાંધકામો ઘણી વખત ઝૂંપડપટ્ટીમાં ફેરવાઇ જાય છે જેમાં રેસિડેન્શિયલ અને કમર્શિયલ બાંધકામોનો સમાવેશ થાય છે, જ્યારે નાના પ્લોટ પર મોટા ભાગે અનધિકૃત કમર્શિયલ બાંધકામ ઊભા કરવામાં આવે છે, એમ કોર્ટે નિરીક્ષણ કર્યું હતું. આવા કેસમાં સંબંધિત અધિકારીઓની મિલિભગત હોવાની લોકોની સામાન્ય માન્યતા જ સાચી ઠરતી નથી, પણ તેને સમર્થન પણ મળે છે, એમ કોર્ટે કહ્યું હતું.

## ત્રીજી ભાષાને

રવિવારે મુખ્ય પ્રધાનને લખેલા પત્રમાં એવો દાવો કર્યો હતો કે રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એસસીઈઆરટી)એ હિન્દીને પ્રોત્સાહન આપતા પહેલા તેમના વિચારો અને સૂચનો પર વિચાર કર્યો નથી.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે સરકારે ભાષાના મુદ્દાઓ પર સલાહ આપવા માટે ભાષા પરામર્શ સમિતિની નિમણૂક કરી છે, પરંતુ એસસીઈઆરટીએ પેનલને ધ્યાનમાં લીધી નથી.

હિન્દી રોજગાર, આવક, પ્રતિષ્ઠા અથવા જ્ઞાનની ભાષા નથી, એમ પણ પત્રમાં કહેવામાં આવ્યું છે, જેમાં મુખ્ય પ્રધાનને હિન્દી અંગેના નિર્ણયને રદ કરવા વિનંતી કરવામાં આવી છે.

વિપક્ષો, ખાસ કરીને શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ દાવો કર્યો છે કે મહારાષ્ટ્રમાં હિન્દી લાદવામાં આવી રહી છે.

અહીં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે, એવું કહેવું ખોટું છે કે હિન્દી લાદવાના પ્રયાસો થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં મરાઠી ફરજિયાત રહેશે. બીજી કશું બંધનકારક નહીં હોય. આપણે એ સમજવાની જરૂર છે કે મરાઠીને બદલે હિન્દી ફરજિયાત બનાવવામાં આવી નથી. મરાઠી ભાષા ફરજિયાત જ છે, એમ તેમણે કહ્યું હતું.

## જૈન મરણ

**વિશા નીમા જૈન**

ગોધરા નિવાસી હાલ ભાયંદર, સુશીલાબેન શાહ (ઉં.વ. ૮૬) તે સ્વ.હસમુખલાલ સોમચંદદાસ શાહના ધર્મપત્ની. મહુધા નિવાસી સ્વ.કાંતિલાલ ચીમનલાલ દોશીના સુપુત્રી. પ્રતિકના માતુશ્રી. વૃંદાના સાસુ. પંક્તિના દાદી. સ્વ.મહાસુખભાઈ, સ્વ. જસુભાઈ, સ્વ.ઈન્દિરાબેન, સુરેશભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ગં.સ્વ.સુરેખાબેન, અતુલભાઈના બેન. તા.૧૯/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા ઓસવાલ જૈન**

બુહારીવાળા હાલ અંધેરી, સ્વ. પ્રદીપ શાહ તા.૨૦-૪-૨૫ રવિવારના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. સુધાબેન કાંતિલાલ મોહનલાલ શાહના સુપુત્ર. ગં. સ્વ. જ્યોતિબેનના પતિ. કલ્પિતા ઋષિકુમાર સિંઘવીના પિતા. હેમેન્દ્રભાઈ, પ્રતિભાબેન જયંતિલાલ છાજેડના ભાઈ. સુજલના નાના. સાસરાપક્ષ સ્વ.ઝવેરચંદજી પૂનમચંદજી નાહાર (દાદરાવાળા) ભાવયાત્રા તા.૨૩-૪-૨૫, બુધવારના ૧૦ થી ૧૨. જાનકીબાઈ હોલ, ભવન્સ કોલેજ પાસે, દાદાભાઈ રોડ, અંધેરી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

કાળાસર નિવાસી હાલ મલાડ, સ્વ. દિવાળીબેન ત્રંબકલાલ સાકરચંદ મેતલિયાના પુત્ર વસંતરાય (ઉં.વ. ૮૨) ૧૯/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચારુબેનના પતિ. મોનીકા નિમેષકુમાર શાહ, રાજેશ-અલ્પા, સેજલના પિતા. વીણા વિનોદકુમાર કુવાડિયા, સ્વ. હરીશભાઈ, સ્વ. જશુભાઈ, ભરતભાઈ, મધુભાઈના ભાઈ. સ્વ. બળવંતભાઈ, વિનુભાઈ, સ્વ. શૈલેષભાઇ, અશોકભાઈ, સ્વ.અશ્વિનભાઇ રમણીકભાઇ કુવાડિયા, સ્વ. અંજુલાબેન તથા સરોજબેનના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના વર્ષાબેન શરદ ખીમજી દેઢીયા (ઉં. વ. ૬૫) તા. ૨૦-૪-૨૫ના અવસાન પામેલ છે. દમયંતીબેન ખીમજી કરમશીના પુત્રવધૂ. શરદના પત્ની. હર્ષ, અનિશાના માતુશ્રી. સીમોગ્રાના ફીલોનીના એન્થની રાજના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શરદ ખીમજી દેઢીયા, ૨૦૪-એ, રાધીકા, પ્લોટ નં. ૩૧/૨૦૪, સેક્ટર નં. ૧૭, વાશી, નવી મુંબઇ-૭૦૩.

કપાયાના અ.સૌ. ભાવના રાજેશ સંગોઇ (ઉં. વ. ૬૨) તા. ૧૮-૪-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન ભવાનજીના પુત્રવધૂ. રાજેશના ધર્મપત્ની. ડો. જીતના માતુશ્રી. નડીયાદના ગં.સ્વ. હસુમતી અશોક કુમારના પુત્રી. ધર્મેન્દ્રના બહેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. રાજેશ ભવાનજી સંગોઇ, ૧૪૦૧/૧૪, ખાપરી દેવ કો.ઓ.હા.સો., ગ.દ. આમંબેકર માર્ગ, પરેલ, ભોઇવાડા, મું. ૧૨.

નારાણપુર હાલે ગાંધીધામના ડો. ચુનીલાલ ભારમલ વોરા (ઉં. વ. ૯૮) ૧૯-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મેઘબાઇ ભારમલના પુત્ર. સ્વ. ગુણવંતી, સ્વ. મધુના પતિ. સંજય, મનીષા, હર્ષા, હીમાંશુ, હેમન, આનંદના પિતા. સ્વ. પ્રેમજી, સ્વ. ચંદ્રકાંત, સ્વ. અમરચંદ, સ્વ. દમયંતીના ભાઇ. ગોધરાના સ્વ. હંસરાજ કુંવરજી, ડુમરાના સ્વ. ચાંપશી મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમન ચુનીલાલ વોરા, ૪૦૫/૧૨સી, લીલાશા નગર, ગાંધીધામ-૩૭૦૨૦૧.

ગુંદાલાના અ.સૌ. જયશ્રી દિપક દેઢિયા (ઉં. વ. ૫૬) તા. ૧૯-૪-૨૫ના અવસાન પામ્યા છે. મણીબેન રામજી ભારમલના પુત્રવધૂ. દિપક રામજીના પત્ની. સાગર, નિશાંતના માતુશ્રી. ભોજાયના લક્ષ્મીબેન વીરજી નરશી ગાલાના સુપુત્રી. હરખચંદ, વિનોદ, મનીષ, રાયધણજરના હેમલતા કાંતિલાલ વાલજી, ગઢશીશાના ચંદ્રા દિનેશ વીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક દેઢિયા : ૧૦૩, ન્યુ શિવતીર્થ, ઓલ્ડ બેલાપુર રોડ, કલવા (વે).

બેરાજાના આશાબેન હીરાલાલ સાવલા (ઉં. વ. ૭૦) તા.૨૦-૪-૨૫ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લાલજી લીલાધરના પુત્રવધૂ. હીરાલાલના ધર્મપત્ની. કેતન, કાશ્મીરાના માતુશ્રી. કપાયા લક્ષ્મીબેન મોરારજી મેઘજી રવજી સંગોઈના સુપુત્રી. રોહિત, ઉષા, નલીની, વર્ષાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન હીરાલાલ સાવલા. અલગ અષ્ટાપદ, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી દશા ઓશવાળ જૈન**

ગં. સ્વ. પુષ્પાબેન નાગડા (ઉં. વ. ૭૮)ગામ રંગપુર રવિવાર, તા. ૨૦-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગાંગજી (માસ્તર)ના ધર્મપત્ની. અનિલ, નિરંજન, સુરેન્દ્ર, મીતા મહેન્દ્ર માલદે દલતુંગી, સંગીતા કિરણ માલદે દલતુંગીના માતુશ્રી. સરોજ, ગીતા, મહેન્દ્ર મણિલાલ માલદે અને કિરણ શાંતિલાલ માલદેના સાસુમા. સામાપક્ષે મંજુલાબેન ચાંપશી ખીમજી ખોના મોટી ખાવંડીના દીકરી. પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિસાવદર હાલ બોરીવલી રેખાબેન કાપડીયા (ઉં. વ. ૮૦) તા. ૧૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. પંકજભાઇ ધારશીભાઇ કાપડીયાના ધર્મપત્ની. મુગટલાલ ત્રિભોવનદાસ શાહના સુપુત્રી. નીતેષ અને પલ્લવી અલ્પેશ બાબુના માતુશ્રી. શ્રુંગાલીના સાસુજી. ફોરમ, હર્ષીલ, દૃષ્ટિ, નીતી નયન મહેતા અને હિમા પ્રતિક તન્નાના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રી. મૂર્તિ જૈન**

આંબા નિવાસી હાલ ગોરેગાંવ નટવરલાલ પરશોતમ શાહના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૮૩) રવિવાર, તા. ૨૦-૪-૨૫ના અરિહંતશરણ થયેલ છે. ગઢડા નિવાસી સ્વ. લાલચંદ તારાચંદ મહેતાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ઓસતી હોમાય મીનુ આઇબરા તે મરહુમ એરવદ મીનુના ધનીયાની. તે મરહુમો પીલું ફીરોજશા ગનદેવીયાના દીકરી. તે સાઇરસ, રુઝબે, ઝરીર શરોફના માતાજી. તે જેસમીન ને ઝરીરના સાસુ. તે દીનુ, હુતોકશી ને મરહુમ મહીયરના બહેન. તે બેહનાઝ ને અનાહીતાના બપઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. બી-૧૦૩, જયરાજનગર કો. હા. સો. અંબાડી રોડ, ગોકુલ પાર્ક સામે, માનવ મંદિર કોમ્પ્લેક્સ, વસઇ (વેસ્ટ). ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૪-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં-૧, બંગલીમાં ડુંગરવાડી પર છેજી.

## હિન્દુ મરણ

**લોહાણા**

મૂળ ગામ દ્વારકા (કરાચીવાલા) હાલ માહિમ, ગં. સ્વ. નિરંજનાબેન ગોકાણી (ઉં. વ. ૮૭) તા.૨૦/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોવિન્દભાઈ જમનાદાસ ગોકાણીના ધર્મપત્ની. સ્વ. દમયંતીબેન નરોત્તમ રાજાના પુત્રી. સ્વ. ભક્તિ, મિતેશ, ડો. રાજેશના માતુશ્રી. ભરત ઠક્કર, રૂપા, મિનલના સાસુ. સ્વ. વજુભાઈ, સ્વ. ગોવરધનભાઈ, સ્વ. કનુભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ.પ્રમોદભાઈ, સ્વ. ગોદાવરીબેન તુલસીદાસ કાથરાણી, સ્વ. રૂક્ષ્મણીબેન મણિલાલ સોમૈયા, સ્વ. પુષ્પાબેન ચંદ્રકાંત મીઠીયા, સ્વ. પ્રમીલાબેન વિનોદ કારીયાના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૨/૪/૨૫ના ૫.૩૦ થી ૭. સ્થાન સરસ્વતી મંદિર ઇંગલિશ સ્કૂલ (એસએમઈપીએસ), સેનાપતિ બાપટ માર્ગ, માહિમ વેસ્ટ. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**કચ્છ કડવા પાટીદાર**

ગામ લુડવા હાલે ઘાટકોપર, સ્વ. ભગવાનજી વેલાણી (ઉં.વ.૬૮) સ્વ. માતુશ્રી લક્ષ્મીબેન સોમજી વેલાણીના સુપુત્ર. જયાબેન વેલાણીના પતિ. નેહા અને ચિરાગના પિતાશ્રી. દીપક મગનલાલ લીંબાણીના સસરા. સ્વ. પુરબાઈ દેવજીભાઈ ભાવાણીના જમાઈ. ગામ કુરબઈ હાલે લંડન તા.૧૯/૪/૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૪/૪/૨૫ ગુરુવારના ૩:૩૦ થી ૫. પાટીદાર વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, એલબીએસ માર્ગ, ઘાટકોપર વેસ્ટ.

**કપોળ**

સિહોરવાળા હાલ માટુંગા, ભુતા કીર્તિકુમાર અનંતરાયનાં ધર્મપત્ની અ.સૌ. ભારતીબેન (ઉં. વ. ૭૫) તે નિરવ તથા અમીનાં માતા. અ.સૌ. હેતા, ચિ.સૌમીલ જયંતભાઈ શેઠનાં સાસુ. લોઠપુરવાળા નાગરદાસ લવજીભાઈ ગોરડિયાની દિકરી. સુરેશભાઈ, મધુભાઈ, ચંદ્રકાંતભાઈનાં બહેન. સાહિલ, દિવીત, જેહાનનાં દાદી-નાની શુક્રવાર તા.૧૮-૪-૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ બાઢડા હાલ મુંબઈ, સ્વ. જયશ્રીબેન બાબુલાલ વલ્લભદાસ માધવાણીના પુત્ર પંકજભાઈ (ઉં. વ. ૫૨) તે કૈશિક, આશિષના ભાઈ. રાજવીના જેઠ. રાજેશ મોહનલાલ સાતાના ભાણેજ. સ્વ.વ્રજલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. મુક્તાબેન શાંતિલાલ કારિયા, ગં. સ્વ સવિતાબેન ગુણવંતલાલ ઠક્કર, સ્વ. ગુણીબેન નટવરલાલ વડેરાના ભત્રીજા. ૨૦/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કડવા પટેલ**

બેતાલિસ ગામ વટાદરા હાલ બોરીવલી, દિનકરભાઇ ડાહ્યાભાઈ પટેલ (ઉં. વ. ૭૭) તે શારદાબેનના પતિ. ચંદ્રકાન્તભાઈ, કેતનભાઈ, મહેશભાઈના પિતા. ૨૦/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૨/૪/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ નાગલપુર હાલ પુના, અશ્વિનભાઇ ઉનડકટ (ઉં. વ. ૬૫) ૨૧/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન તથા સેવંતીલાલ મોહનલાલ ઉનડકટના પુત્ર. સ્વ. મીનાબેનના પતિ. વિરલ, આકાશના પિતા. સ્વ. મુકેશભાઈ, મિલન (રાજુ), કવિતા (ઉષા) ભરતકુમાર કોટેચાના ભાઈ. પ્રભુદાસ માણેકના જમાઈ. પ્રાર્થનાસભા ૨૨/૪/૨૫ના ૪.૩૦ થી ૬.૩૦. હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ ભાટિયા (ધરણગામ)**

ગં.સ્વ. હંસાબેન (વસંતબેન) હરિદાસ આશર (ઉં. વ. ૮૧) તે બિંદુ પુનમ, વિશાલ, વૈશાલીના માતુશ્રી. સ્વ. પ્રફુલ સંપટ, જતીન ગોંડલીયા, જિજ્ઞેશ સંપટના સાસુજી. સ્વ. હિરાબાઈ વામનદાસ આશરના પુત્રવધૂ. સ્વ. ગોમતીબેન રામદાસ રાયગગાના દીકરી. શૈલ, પવિત્રા પટેલ, રીશી, નિધી, હિતના નાની. દેહૂતીબેન હંસરાજ પાલેજા, જેઠમલભાઈના બહેન. તા.૧૮-૪-૨૫ના બોરીવલી શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૨-૪-૨૫ના ૪ થી ૬. ૐ શ્રી સિદ્ધેશ્વર કો.ઓ.હો.સો ૧૨ માં માળે, કાર્ટર રોડ નં ૫, રાયદોંગરી બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મેંદરડા નિવાસી હાલ મલાડ ગં. સ્વ. રંજનબેન પારેખ (ઉં. વ. ૮૧) રવિવાર, તા. ૨૦-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ ગુલાબચંદ પારેખના પત્ની. જયેશ, રશ્મી, અંજલીના માતુશ્રી. જયોતી, પંકજ ગીરધરલાલ ધાબલીયા, ગોપાલ લખ્ખીપ્રસાદ અગ્રવાલના સાસુ. સ્વ. ધીરભાઇ, સ્વ. ભુપેનભાઇ, શરદભાઇ, સુશીલા, અરુણભાઇના બહેન. તે સરલાબેન, સ્વ. ચંદુભાઇ ગુલાબચંદ પારેખ, સ્વ. જયશ્રીબેન ગોકળદાસ ગગલાણીના ભાભી. નરોતમભાઇ રામજી ધ્રુવના વેવાણ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

લાલપુર નિવાસી હાલ મુંબઇ, છગનલાલ ગોપાલજી ઉનડકટના સુપુત્ર હરીભાઇ (ઉં. વ. ૯૧) તે સ્વ. ઇન્દુબેનના પતિ. જતીનભાઇ તથા કેયુરીબેન, સ્વ. દિપકભાઇ સોમૈયાના પિતાશ્રી. કલ્પબેનના સસરા. જયસુખભાઇ ઉનડકટ, સ્વ. કાન્તાબેન પોપટ, સ્વ. ચંપાબેન તન્નાના નાના ભાઇ. ધરમશી લાલજી મેવાવાળાના જમાઇ તા. ૨૧-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સિદ્ધાન્ત મેહા સાહીલના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**







# જોખમ સમય પરિવર્તનનું પણ છે

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

‘કાયમી ધોરણે એક જ પ્રકારની ઍસેટમાં રોકાણ કરવું કે પછી એક જ પ્રકારની પદ્ધતિએ રોકાણ કરવું એવો દુરાગ્રહ ક્યારેય સેવવો નહીં. ફ્લેક્સિબલ બનવાનો અને મન ખુલ્લું રાખીને તથા દરેક બાબતમાં સાવચેતી રાખીને કામ કરવાનો પ્રયાસ કરવો.’

*– સર જોન ટેમ્પલ્ટન*

શું તમને યાદ છે, ભારતમાં મોબાઇલ ફોન આવતાં પહેલાં પેજર આવ્યાં હતાં? પેજર પણ ભારતીયો માટે નવાઈની વાત હતાં, પરંતુ એ ટેક્નોલોજી ટૂંક સમયમાં કાળબાહ્ય (આઉટડેટેડ) થઈ ગઈ અને તેનું ઉત્પાદન કરતી કંપનીઓના શેરમાં રોકાણ કરનારાઓને મોટું નુકસાન થયું હતું .

ઉક્ત ઉદાહરણમાં ટેક્નોલોજી જ બદલાઈ ગઈ અને વખત જતાં તેનું સ્થાન બીજી ટેક્નોલોજીએ લઈ લીધું. જો કે, ઘણી વાર કંપનીઓ બિઝનેસનાં નવાં વલણોને અપનાવી શકતી નથી અને મુશ્કેલીમાં મુકાય જાય છે. કાર ઉદ્યોગમાં એમ્બેસેડર અને પ્રીમિયર પદ્મિની (જે ફિયાટ કાર તરીકે પ્રચલિત હતી)નું ઉત્પાદન કરતી કંપનીઓએ ગ્રાહકોની બદલાતી પસંદને ધ્યાનમાં નહીં લીધી અને ધીમેધીમે એ કાર બજારમાંથી અદશ્ય થવા લાગી. તેમનું ઉત્પાદન કરતી કંપનીઓ બદલાતા સમયને ઓળખવામાં થાપ ખાઈ ગઈ. એમ્બેસેડર કારનું ઉત્પાદન ‘હિન્દુસ્તાન મોટર્સ લિમિટેડ’ કરતી હતી. મને યાદ છે ત્યાં સુધી એ કંપની એક સમયે બ્લ્યુચિપ હતી અને સેન્સેક્સમાં તેનો સમાવેશ હતો. આજે કોઈ માણસ ભૂલથી પણ એ કંપનીના સ્ટોકમાં રોકાણ કરવાનો વિચાર નહીં કરે.

એક જમાનામાં ‘હિન્દુસ્તાન મશીન ટૂલ્સ’ એટલે કે HMT પણ કાંડા ઘડિયાળની સુપ્રસિદ્ધ કંપની હતી. બજારમાં તેનો મોટો હિસ્સો હતો, પરંતુ ટાઇટન કંપનીએ બિઝનેસમાં એવા ફેરફાર લાવ્યા પરિણામે HMTએ ઘડિયાળનું ઉત્પાદન બંધ કરી દેવું પડ્યું.

વખત જતાં કાળબાહ્ય થઈ ગયેલી વસ્તુઓનાં અઢળક ઉદાહરણ છે. અહીં મને મેટલની ટ્યૂબ પણ યાદ આવે છે. ટૂથપેસ્ટ, મલમ, વગેરે અનેક વસ્તુઓ મેટલ ટ્યૂબમાં મળતી. તેના સ્થાને લેમિનેટેડ ટ્યૂબ આવી ગઈ છે. મેટલ ટ્યૂબનું ઉત્પાદન કરતી કંપનીઓએ જો લેમિનેટેડ ટ્યૂબ બનાવવાનું શરૂ નહીં કર્યું હોય તો તે ક્યારનીય બિઝનેસની બહાર નીકળી ગઈ હશે.

પરિવર્તન ન અપનાવો તો માર્કેટમાંથી ફેંકાય જાવ. આવાં જ કારણોસર મોબાઈલ કંપની ‘નોકિયા’ અને ‘બ્લેક બેરી’એ એમની માર્કેટ ગુમાવી. કેમેરા અને રોલ્સ બનાવતી વિશ્વ વિખ્યાત કંપની ‘કોડાક’ પણ આજે ખોવાઈ ગઈ છે.

પરિવર્તન એ સંસારનો નિયમ છે એવું કહેવાયું છે. આ વાત પ્રોડક્ટ્સ અને ઉદ્યોગોને પણ લાગુ પડે છે. રોકાણકારે પણ આ પરિવર્તનો સાથે તાલ મિલાવવો જરૂરી છે. ઈક્વિટી રોકાણની વાત કરીએ તો, જે કંપનીના શેર લીધા હોય તેને લગતી ઘટનાઓ અને બાબતો પર લક્ષ આપવું પડે છે. કોઈ કંપનીના બોન્ડ કે ડિબેન્ચરમાં પણ રોકાણ કર્યું હોય તો પણ આ બાબતે ધ્યાન આપવું જરૂરી બની રહે છે. તેનું કારણ એ કે જો કોઈ કારણવશ કંપની કાળબાહ્ય થઈ જાય તો બોન્ડ અને ડિબેન્ચરના ધારકોને પણ નાણાં ચૂકવવાનું મુશ્કેલ બની શકે છે.

આપણે બજારની અગ્રણી કંપનીમાં રોકાણ કર્યું હોય તો એવી ભાવના પણ હોય છે કે એ કંપની એટલું મોટું બજાર ધરાવે છે કે તેની સાથે કંઈ ખોટું થવું શક્ય નથી. જો કે, આપણે અહીં રોકાણના મૂળભૂત સિદ્ધાંતને ધ્યાનમાં રાખવો જોઈએ. આપણું બધું એક્સપોઝર કોઈ એક સ્ક્રિપ કે ઉદ્યોગમાં ન હોવું જોઈએ. હંમેશાં અલગ અલગ ઉદ્યોગોની અલગ અલગ કંપનીઓના શેરમાં રોકાણ કરવું જોઈએ.

સમજુ રોકાણકાર આ જોખમ કદાચ જોઈ શકે છે, પરંતુ સારી રીતે ડાઇવર્સિફાય થયેલો પોર્ટફોલિયો રચવાનું કદાચ તેના માટે શક્ય ન હોય. આવી સ્થિતિમાં એ કાળબાહ્યતાના જોખમનો શિકાર બનવાની સ્થિતિમાં આવી જાય છે. આવી સ્થિતિમાં રોકાણના માધ્યમ તરીકે મ્યુચ્યુઅલ ફંડ આ પ્રકારના જોખમનો સામનો વધુ સારી રીતે કરી શકે છે. ■

# આરોગ્ય વીમા પૉલિસીની કંપની કેવા સંજોગોમાં બદલવી જોઈએ?




નિશા સંઘવી
feedback@bombaysamachar.com



આરોગ્ય વીમો દરેક પરિવાર માટે જરૂરી છે એ વાતમાં કોઈ બેમત નથી. તબીબી સારવારના વધી રહેલા ખર્ચને અનુલક્ષીને પૂરતી રકમનો આરોગ્ય વીમો હોવો જોઈએ. આથી લોકો આરોગ્ય વીમાની પોલિસી ખરીદે છે, પરંતુ એ વીમો આપનારી કંપનીઓની પોલિસીઓ એટલે કે નીતિઓથી ઘણાને સંતોષ થતો નથી. આવી પરિસ્થિતિ વારેઘડીએ ઊભી થવા લાગી ત્યારે ભારતમાં વીમા ક્ષેત્રના નિયમન માટે સ્થપાયેલી સંસ્થા ‘ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા ‘ (ઇરડાઈ)એ વીમાધારકોને પોર્ટેબિલિટીની સુવિધા પૂરી પાડી છે. આ સુવિધાની મદદથી વીમાધારકો એક કંપનીની પોલિસી હેઠળના તમામ લાભને સુરક્ષિત રાખીને બીજી કંપનીની પોલિસી લઈ શકે છે. આજે આપણે આ સુવિધા વિશે વિગતવાર જાણીએ.

**પોર્ટેબિલિટીમાં કયા લાભ જળવાઈ રહે છે?**

પોલિસી પોર્ટ કરાવ્યા બાદ પણ પહેલાંની પોલિસીના પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝીસ માટેનો વેટિંગ પિરિયડનો ક્લેમ બોનસ જેવા અમુક લાભ જળવાઈ રહે છે. નવી પોલિસી આવે ત્યાર સુધીનો સમયગાળો પણ આવરી લેવાય એવો લાભ પણ મળતો હોય છે. જો કે, આ બધું ત્યારે જ શક્ય બને છે જ્યારે પ્રીમિયમની ચુકવણીને લગતી બધી શરતનું પાલન થયું હોય, એટલે કે વચ્ચે બ્રેક આવ્યો ન હોય.

**કયા સંજોગોમાં પોલિસી પોર્ટ કરાવવી પડે ?**

*જૂની કંપનીની સેવાઓથી સંતોષ ન થવોઃ

વીમાધારકને ક્લેમના સેટલમેન્ટ બાબતે, કસ્ટમર સર્વિસીસ અથવા પારદર્શકતાને લઈને જૂની કંપનીથી સંતોષ ન થયો હોય ત્યારે પોર્ટિંગ કરાવવામાં આવે છે.

***વધુ સારાં ફીચર્સઃ**

ક્યારેક નવી કંપની વધુ કવરેજ, ઓછું પ્રીમિયમ, વધારે લાભ જેવાં વધુ સારાં ફીચર્સ આપતી હોય ત્યારે વીમાધારકને પોર્ટિંગ કરાવવાનું મન થઈ શકે છે. જૂની પોલિસીમાં રૂમ રેન્ટની મર્યાદા ઘણી ઓછી હોય અથવા ક્લેમ સેટલમેન્ટ વખતે અનેક પ્રકારે રકમ કાપી નાખવામાં આવતી હોય તો પણ વીમાધારકને અસંતોષ રહી શકે છે. પરિણામે, રૂમ રેન્ટની મર્યાદા ઊંચી હોય, ઓછા પૈસા કપાતા હોય, કો-પેની સિસ્ટમ ન હોય (પોતાના ખિસામાંથી ખર્ચ કરવો પડે એવી સિસ્ટમ ન હોય), વગેરે જેવાં ફીચર્સ ધરાવતી નવી પોલિસી લેવાનું માફક આવતું હોય છે.

* પ્રીમિયમમાં વૃદ્ધિઃ

જૂની કંપનીએ એટલી જ વીમાની રકમ માટે પ્રીમિયમમાં વધારો કરી દીધો હોય ત્યારે પણ લોકોને પોર્ટિંગ કરાવવાની જરૂર જણાતી હોય છે.

* હોસ્પિટલના નેટવર્ક બાબતે અસંતોષઃ

નવી કંપની જૂની કરતાં વધુ હોસ્પિટલોનું નેટવર્ક ધરાવતી હોય ત્યારે સ્વાભાવિક છે કે વીમાધારકને પોર્ટિંગ કરાવવા જેવું લાગે.

**પોર્ટેબિલિટી સંબંધે ‘ઇરડાઇ’ની માર્ગદર્શિકા**

પોર્ટિંગની પ્રક્રિયાને પારદર્શક તથા વીમાધારક માટે લાભદાયક રાખવાની દૃષ્ટિએ ‘ઇરડાઇ’એ કેટલાક નિયમો ઘડ્યા છેઃ

*પોલિસીનું નવીનીકરણ કરાવવાનું આવે ત્યારે જ એનું પોર્ટિંગ કરાવી શકાય.

* પોલિસીના નવીનીકરણની તારીખના ઓછામાં ઓછા ૪૫દિવસ પહેલાં નવી કંપનીમાં પોર્ટિંગ માટે અરજી કરવામાં આવવી જોઈએ.

* પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝીસ માટેના વેઇટિંગ પીરિયડ જેવા કન્ટિન્યુઇટીના લાભ અકબંધ રહેવા જોઈએ.

* ફક્ત વ્યક્તિગત અને પારિવારિક ફ્લોટર પોલિસીનું પોર્ટિંગ કરાવી શકાય છે.

* કોઈ પણ જનરલ ઇન્સ્યોરન્સ કે હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીમાં પોર્ટિંગ કરાવી શકાય છે.

**પોર્ટેબિલિટી માટેની શું હોય છે પાત્રતા ?**

પોલિસીમાં દરેક પ્રીમિયમ ચૂકવાયું હોવું જોઈએ અર્થાત્ એ ચાલુ હોવી જોઈએ.

પોલિસીના નવીનીકરણની તારીખના ઓછામાં ઓછા ૪૫દિવસ પહેલાં પોર્ટિંગ માટે અરજી કરવામાં આવેલી હોવી જોઈએ.

નવી કંપની માગે એ બધા જ દસ્તાવેજો સમયસર આપેલા હોવા જોઈએ.

વીમાધારકે આરોગ્યની સ્થિતિને લગતી કોઈ પણ માહિતી છુપાવી હોવી જોઈએ નહીં.

**આરોગ્ય વીમાના પોર્ટિંગની પ્રક્રિયા**

૧) નવી કંપની અને એના પ્લાન બાબતે તપાસ કરીને પોતાના માટે યોગ્ય પસંદગી કરવી.

૨) નવી કંપનીમાં આવશ્યક દસ્તાવેજો સાથે અરજી કરવી. પોર્ટેબિલિટીના ફોર્મમાં હાલની પોલિસી અને આરોગ્યને લગતી માહિતી ભરવી.

૩) વીમાધારકની જૂની પોલિસીને લગતી માહિતી માટે નવી કંપની ‘ઇરડાઇ’ના પોર્ટલ મારફતે જૂની કંપનીનો સંપર્ક કરશે.

૪) નવી કંપની વીમાધારકને વીમો આપવાને લગતી આવશ્યક માહિતી અર્થાત્ એની રિસ્ક પ્રોફાઇલની ચકાસણી કરશે. એના આધારે પોલિસી આપવી કે નહીં આપવી એનો નિર્ણય લેશે. અમુક સંજોગોમાં અમુક ફેરફારો સાથેની પોલિસી આપવામાં આવે એવું પણ બની શકે છે.

૫) ‘ઇરડાઇ’ના નિયમ મુજબ નવી કંપનીએ પોલિસી આપવા બાબતે કોઈ પણ નિર્ણય પંદર દિવસની અંદર વીમાધારકને જણાવવાનો હોય છે.

**કયા કયા દસ્તાવેજો જરૂરી છે?**

*જૂની પોલિસી અને અગાઉનાં બે વર્ષની પોલિસીની નકલ

*પોર્ટેબિલિટી રિક્વેસ્ટ ફોર્મ

* નવી કંપનીનું પ્રપોઝલ ફોર્મ

*કેવાયસી દસ્તાવેજોઃ ઓળખ અને સરનામાનો પુરાવો

*જરૂરત પ્રમાણેના મેડિકલ રેકર્ડ્સ

**પોર્ટેબિલિટીના લાભ**

પોલિસી પોર્ટ કરાવ્યા બાદ પણ વેઇટિંગ પીરિયડને લગતો લાભ યથાવત્ રહે છે. ઉપરાંત, નવી કંપની પાસેથી વધુ સારી સેવાઓ મળવાની શક્યતા રહે છે. વીમાધારકે જાતે પસંદગી કરી હોવાથી એમણે પોતાને માફક આવે એવી પોલિસી પસંદ કરી હોય છે. પોર્ટિંગ માટે કોઈ ફી ચૂકવવી પડતી નથી એ પણ એક મોટો લાભ છે.

**પોર્ટિંગ કરાવતી વખતે ખાસ ધ્યાનમાં શું રાખવુ?**

* તમે પોર્ટિંગ માટે અરજી કરો એટલે નવી કંપની તમને પોલિસી આપી જ દેશે એવું જરૂરી નથી. એ તમારા રિસ્ક પ્રોફાઇલને જોઈને અરજી નકારી પણ શકે છે.

* જો વીમાધારકે વધુ રકમનો વીમો માગ્યો હોય તો જૂની પોલિસીની તુલનાએ જેટલી રકમ વધારે હોય એટલી રકમના ક્લેમ માટે વેઇટિંગ પીરિયડ લાગુ પડી શકે છે.

* પોર્ટિંગ કરાવતાં પહેલાં નવી કંપનીનું હોસ્પિટલનું નેટવર્ક, એના કો-પેમેન્ટને લગતા નિયમો, રૂમ રેન્ટ કે બીજા ખર્ચ બાબતેની મર્યાદાઓ, પોલિસી હેઠળનાં એક્સક્લુઝન્સ, વગેરેની પણ જાણકારી મેળવી લેવી જોઈએ.

* ક્લેમને લગતી માહિતીની યોગ્ય જાળવણી કરવી અને સમયસર રિન્યુઅલ કરાવવું, જેથી નવી કંપનીને પોલિસી આપવામાં કોઈ વાંધો ન હોય.

**ટૂંકમાં**

વીમાધારકે એક વખત પોલિસી લઈને પસ્તાવું પડે એવી સ્થિતિથી બચવા માટે પોર્ટિંગની સુવિધા ઉપયોગી થાય છે. પહેલાંની કંપનીની સેવાઓ અપૂરતી હોવાની સ્થિતિમાં વીમાધારક પોર્ટિંગ કરાવીને પોતાને યોગ્ય લાગે એવી રીતે પોર્ટિંગ કરાવી શકે છે.

‘ઇરડાઇ’એ પોર્ટિંગની પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બનાવી છે. પોર્ટિંગ કરાવતાં પહેલાં પોતાની આરોગ્ય વીમા પાસેથી રખાયેલી અપેક્ષાઓ વિશે સ્પષ્ટતા કરી લેવી અને પછી અલગ અલગ પ્લાન સાથે તુલના કરી લેવી. ત્યાર બાદ યોગ્ય કાર્યપ્રક્રિયા અપનાવીને પોર્ટિંગ માટે અરજી કરવી. હા, ‘બકરું કાઢતાં ઊંટ પેસી જાય નહીં’ એ વાતનું ખાસ ધ્યાન રાખવું. ■

# તમે ચાલશો તો તમારું આરોગ્ય સારું એવું દોડશે !


feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

દરેક વ્યક્તિ સ્વસ્થ જીવન ઇચ્છે છે. તાજેતરનાં વર્ષોમાં, સ્વસ્થ અને ફિટ જીવનનો અર્થ જીમમાં જવું એવો થઈ ગયો છે, પણ એવું બિલકુલ નથી. કારણ કે તાજાં સંશોધન મુજબ, વિશ્વના સૌથી સ્વસ્થ લોકો ક્યારેય જીમમાં જતા નથી. આ સંશોધન અમેરિકન કેન્સર સોસાયટી દ્વારા કરવામાં આવ્યું છે. સંશોધન મુજબ, જે લોકો અઠવાડિયામાં ૬ કલાક ચાલે છે એ સૌથી સ્વસ્થ હોય છે. એટલું જ નહીં, જે લોકો અઠવાડિયામાં આટલું ચાલે છે એ પણ લાંબા સમય સુધી જીવે છે. જોકે, આજકાલ લોકો એટલા વ્યસ્ત થઈ ગયા છે કે એમની પાસે યોગ્ય રીતે ખાવાનો પણ સમય નથી. આવી સ્થિતિમાં, દરરોજ કસરત કરવા જેવી સ્વસ્થ આદતોનું પાલન કરવાનું વિચારવું પણ એમના માટે એક મોટું કામ બની જાય છે.

આ જ કારણ છે કે જો કોઈ વ્યક્તિ દરરોજ કસરત ન કરી શકે તો એને ચાલવાની સલાહ આપવામાં આવે છે. અગાઉ થયેલા એક સંશોધન મુજબ, ચાલવાથી હૃદયરોગનું જોખમ ૩૧ ટકા ઓછું થાય છે. ‘હાર્વર્ડ મેડિકલ સ્કૂલ’ દ્વારા કરવામાં આવેલા આ સંશોધન મુજબ, દરરોજ ચાલતા લોકોમાં મૃત્યુદર પણ ૩૨ ટકા ઘટે છે.

આ સંશોધન મુજબ, દર કલાકે થોડી મિનિટો ઝડપથી ચાલવું એ દિવસભર જીમમાં એક કલાક કસરત કરવા બરાબર છે, પરંતુ જો આપણે આંકડાઓની વાત કરીએ તો, ૯ માંથી પાંચ લોકો આરામની શોધમાં પોતાની ખુરશીઓ સાથે ચોંટી રહે છે. બાકી હતું તે આજના સમયમાં આધુનિક ઉપકારણોએ પૂરું કર્યું છે. ટેલિવિઝન, મોબાઈલ અને લેપટોપને કારણે, લોકોમાં એક જગ્યાએ બેસવાની આદત વધી ગઈ છે.

સામાન્ય લોકોને પ્રશ્ન એ પણ થાય કે ઝડપથી ચાલવું એટલે કેટલું ઝડપથી? કારણકે દરેકની ચાલવાની ઝડપ આમ પણ અલગઅલગ જ હોય છે. ‘સિડની યુનિવર્સિટી’ના ‘ચાર્લ્સ પર્કિન્સ સેન્ટર એન્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ’ના પ્રોફેસર ઇમેન્યુઅલ સ્ટેમાટાકિસ સમજાવે છેઃ ‘એક ઝડપી ગતિ સામાન્ય રીતે પ્રતિ કલાક પાંચથી સાત કિલોમીટરની હોય છે, પરંતુ તે ખરેખર ચાલનારના ફિટનેસ સ્તર પર પણ આધાર રાખે છે.’



ઝડપથી ચાલવાથી શું ફાયદા થાય છે તે પણ નિષ્ણાતો આ રીતે સમજાવે છે.

ચાલવાથી તમારી કાર્ય ક્ષમતા વધે છે. એટલું જ નહીં, તે તમારા શરીરને ચપળ અને સ્ફૂર્તિલું બનાવવામાં મદદ કરે છે. ઘણાં સંશોધનોમાં એ પણ બહાર આવ્યું છે કે ચાલવાથી હૃદયરોગનું જોખમ ઓછું થાય છે. હકીકતમાં, દોડવાની શૈલીમાં દરરોજ ચાલવાથી રક્ત પરિભ્રમણ અને હૃદયના ધબકારા બરાબર રહે છે, જેનાથી હૃદય સ્વસ્થ રહે છે.

દરરોજ ચાલવાથી બ્લડ સુગર લેવલ નિયંત્રિત કરવામાં મદદ મળે છે. આનાથી ડાયાબિટીસનું સંચાલન સરળ બને છે. ચાલવાથી ઇન્સ્યુલીન સંવેદનશીલતા વધે છે, જે શરીરમાં ઇન્સ્યુલીનનું સ્તર સુધારવા અને ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

જો તમે ખરેખર વજન ઓછું કરવા માગતા હો, તો તમારે દરરોજ ઓછામાં ઓછા ૧૦ હજાર પગલાં ચાલવું જોઈએ. આનાથી શરીરની વધારાની ચરબી ઓછી થશે અને તમારું શરીર આકારમાં રહેશે. ચાલવાથી શરીરના સ્નાયુઓ પણ સ્વસ્થ રહે છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે ચાલવું એટલું મુશ્કેલ નથી જેટલું જીમમાં પરસેવો પાડવો. દરરોજ ૩૦ મિનિટ ચાલવાથી હાડકા અને સાંધાના દુખાવામાં જલ્દી રાહત મળશે. ચાલવાથી હાડકાં લચીલા અને મજબૂત બને છે.

ઘણી વખત, સતત બેસીને કામ કરવાથી કમરનો દુખાવો થઈ શકે છે. આવી સ્થિતિમાં, દરરોજ ઓછામાં ઓછા અડધો કલાક ચાલવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેનાથી ન માત્ર કમરનો દુખાવો ઘટે છે, તે તમારા શરીરને પણ ફિટ રાખે છે અને ચાલવાથી તમારા મનને પણ તાજગી મળે છે. દરરોજ ચાલવાથી શરીરના હાડકાં મજબૂત બને છે. ખાસ કરીને આપણી કમર, હિપ્સ અને પગના સ્નાયુઓને હાડકાંને આનાથી ઘણો ફાયદો થાય છે. સંશોધન મુજબ, ખાસ કરીને જે લોકોનું વજન વધારે છે અથવા જેઓ પ્રી-ડાયાબિટીસથી પીડાય છે તેમના માટે ચાલવાની કસરત ખૂબ લાભકારક સાબિત થઇ શકે છે.

જોકે, અહીં એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે ચાલવાની ગતિ માત્ર એક પરિબળ છે. આ ઉપરાંત, વ્યક્તિની એકંદર જીવનશૈલી - જેમાં આહાર, તણાવ વ્યવસ્થાપન અને ઊંઘ જેવી સ્વસ્થ ટેવોનો સમાવેશ થાય છે - પણ ડાયાબિટીસ અને અન્ય બીમારીઓને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કેટલાંક સામાન્ય સૂચનો અપનાવવા જેવા છે. જેમકે..

-સવારે કે સાંજે પાર્કમાં અથવા મિત્રો કે પરિવાર સાથે ફરવા જવાનું ભૂલશો નહીં.

-જો તમને ડાન્સ કરવાનો શોખ છે, તો દરરોજ થોડી મિનિટો ડાન્સ કરો.

-લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાથી પણ તમારું ફિટનેસ સ્તર વધે છે.

ટૂંકમાં, તમે ચાલશો તો તમારું આરોગ્ય પણ સારું એવું દોડવા માંડશે ! ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ધરતી પરનાં સૌથી પુરાતન અનાજમાં સ્થાન ધરાવે છે કાંગ

શ્રી અન્ન ભારતીયોમાં આજે ઘણાજ હોંશથી ખવાય છે. શ્રી અન્નમાં મોટા અનાજનો સમાવેશ થાય છે. જે સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી છે. જેવાં કે જુવાર, બાજરી, નાચણી, મકાઈ, કોદરી, જવ, મોરૈયો, રાજગરો તથા કાંગની ગણના તેમાં થાય છે. અંગ્રેજીમાં કહેવાતા 'ફૉક્સટેલ મિલેટ'માં કાંગનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૨૩ને 'મિલેટ વર્ષ' તરીકે ઊજવવામાં આવ્યું હતું. કાંગને હિન્દીમાં 'કંગની' કહેવામાં આવે છે. વિવિધ રાજ્યોની અલગઅલગ ભાષામાં કાંગનું નામ જોઈએ. તેલુગુમાં કોરાલુ, તમિળમાં થીનાઈ, મલયાલમમાં થીના, સંસ્કૃતમાં પ્રિયાંગુ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાખંડમાં કાંગનો ઉપયોગ કરીને વિવિધ પારંપારિક વાનગીઓ બનાવવામાં આવે છે. તેને 'ચીની બાજરા' તરીકે ઓળખવામાં આવે છે. કાંગનો સમાવેશ ધરતી પરના સૌથી જૂના આખા અનાજમાં થાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મિલેટ સ્ટડી દ્વારા પ્રાથમિક ધોરણે આપવામાં આવેલી જાણકારી મુજબ કાંગની ખેતી આંધ્ર પ્રદેશ, કર્ણાટકા, તેલંગાના, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશની સાથે ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં થતી જોવા મળે છે. મોટાં શહેરોમાં કરિયાણાની દુકાનમાં કાંગ સરળતાથી મળી જાય છે. પક્ષીઓને કાંગ અત્યંત પ્રિય છે. તમિળ સાહિત્યમાં ભગવાન મુરુગા તથા તેમની અર્ધાંગિની વાલી સાથે કાંગની કથા જોડાયેલી મળે છે.

સૌ પ્રથમ કાંગની ખેતી ચીનની ખ્યાતનામ પીળી નદી 'હ્વાંગ હો'ના કિનારે થતી જોવા મળી હતી. દેખાવે નાની અમથી કાંગ મસાલામાં વપરાતી પીળી રાઈ જેવી હોય છે.

પોષક તત્ત્વોનાં ખજાનાની સાથે કાંગ હૃદય તથા પાચનતંત્રને મજબૂત બનાવવા માટે ઉપયોગી શ્રીઅન્ન કહેવાય છે. કાંગનો ઉપયોગ કરીને બનતી વાનગીમાં રોટલી, ખીર, ભાત, ઈડલી, દલિયા તથા મીઠાઈ વગેરે આવે છે. કાંગની ખીર સામે ચોખાની ખીર આપને ફિક્કી લાગે તેવી સ્વાદિષ્ટ બને છે.

તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્ત્વો સમાયેલાં છે. તેનો રંગ પીળાશ પડતો હોય છે. સ્વાદમાં હલકો મીઠો-તેમજ થોડો કડવાશ ધરાવતો હોય છે. તેનો ઉપયોગ ઘઉં-ચોખા કે જુવાર-બાજરીના લોટમાં ભેળવીને પણ કરી શકાય છે.

કાંગમાં વિવિધ પ્રકારનાં પોષક તત્ત્વો તથા ખનીજ તત્ત્વોનો સમાવેશ થાય છે. જેવા કે મેગ્નેશ્યિમ, ફાઈબર, આર્યન, ફોસ્ફરસ, કૈરોટિન, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, કેલ્શ્યિમ, રાઈબોફલેવિન, થિયામિન. બાળકો તથા ગર્ભવતી મહિલા માટે તેનો આહારમાં સમાવેશ ગુણકારી ગણાય છે. પાચનશક્તિ મજબૂત બનાવવા માટે ફાયદાકારક ગણાય છે.

## કાંગ કે કંગનીના સ્વાસ્થ્યવર્ધક લાભ



**હાડકાં મજબૂત બનાવે છેઃ** કાંગમાં કેલ્શ્યિમની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવા માટે કેલ્શ્યિમથી સમૃદ્ધ આહાર લેવાની સલાહ નિષ્ણાત આહાર-તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે. દાંતની તંદુરસ્તી માટે કાંગનો ઉપયોગ લાભકારક ગણાય છે.

**જ્ઞાનતંતુને મજબૂત બનાવવામાં લાભકારી (નર્વસ સિસ્ટમ):** આહાર તજજ્ઞો કાંગનો ઉપયોગ આહારમાં વારંવાર કરવો જોઈએ તેમ ભારપૂર્વક જણાવે છે. જેથી મગજ સંબંધિત બીમારીથી બચી શકાય છે. કાંગનો ઉપયોગ આહારમાં નિયમિત કરવાથી મગજ સાથે જોડાયેલી બીમારી જેવી કે અલઝાઈમર કે પાર્કિન્સનથી રાહત મેળવી શકાય છે. એવી માહિતી મળે છે કે ૧૦૦ ગ્રામ બાફેલાં મિલેટમાં વિટામિન બી-૧ની માત્રા ૦.૫૯ મિલિગ્રામની આસપાસ જોવા મળે છે.

**ત્વરિત શક્તિ પ્રદાન કરે છે :** સાત્ત્વિક ભોજન શરીરમાં ત્વરિત શક્તિ પ્રદાન કરે છે. જ્યારે જંક ફૂડ સ્વાદને સંતોષે છે. લાંબેગાળે શરીરને બીમારીની લપેટમાં ફસાવે છે. તેથી જ જંકફૂડને નકારીને સાત્ત્વિક આહાર તરફ લોકો પાછા ફર્યા છે. કાંગમાં આયર્ન, ફોસ્ફરસ, ડાયેટરી ફાઈબરની માત્રા વધુ હોય છે. તેથી વ્યક્તિ અશક્તિ અનુભવતી હોય કે માંદગીમાં હોય ત્યારે કાંગનો આહારમાં મર્યાદિત માત્રામાં ઉપયોગ આવશ્યક તેમજ લાભકારક ગણાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** કાંગમાં ડાયેટરી ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી જ તેની ગણના કૉમ્પલેક્ષ કાર્બ્સમાં કરવામાં આવે છે. કૉમ્પલેક્ષ કાર્બ્સનું પાચન થતાં થોડો સમય લાગે છે. તેથી વધેલાં વજનને ઘટાડવામાં મદદ કરે છે.

**ડાયાબિટીસના દર્દીઓ માટે વરદાન સમાન :** એક રિપોર્ટ પ્રમાણે કાંગનું સેવન ડાયાબિટીસના દર્દીઓ માટે આહારનો એક શ્રેષ્ઠ વિકલ્પ ગણવામાં આવ્યો છે. કેમ કે કાંગમાં ઍન્ટિ-ઑક્સિડન્ટ, ઍન્ટિ-ફંગલ, ઍન્ટિ-કૅન્સર અનાજમાં થાય છે. લોહીમાં શર્કરાનું પ્રમાણ નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિન દ્વારા કરવામાં આવેલાં સંશોધન મુજબ કાંગમાં સ્માર્ટ કાર્બોહાઈડ્રેટ હોય છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઘણો ઓછો છે. ડાયાબિટીસના દર્દી તેનું સેવન કરે તો બ્લડશુગર નોર્મલ રાખવામાં મદદ મળે છે.

**પાચનતંત્ર સુધારવામાં ઉપયોગી :** સતત બહારનું ભોજન આરોગવાથી કે ભોજન કસમયે લેવાથી વ્યક્તિનું પાચનતંત્ર નબળું પડી જાય છે. અનેક વખત એસિડીટી, છાતીમાં બળતરા, ખાટા ઓડકાર વગેરેનો વ્યક્તિ શિકાર બની જતી હોય છે.

કાંગની અંદર કેલ્શ્યિમ, આયર્ન તથા ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી જ પ્રત્યેક આહારમાં વિવિધતા લાવવા મિલેટનો ઉપયોગ કરવો જોઈએ. શ્રી અન્નનો આહારમાં નિયમિત ઉપયોગ કરવાથી, પાચનતંત્રને લગતી વિવિધ તકલીફથી રાહત મેળવી શકાય છે. કબજિયાતની સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે.

**ગર્ભાવસ્થામાં લાભકારક :** ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓને અનેક સમસ્યામાંથી પસાર થવું પડે છે. સગર્ભાવસ્થા દરમિયાન નારીને કબજિયાતની તકલીફ સતત સતાવતી રહે છે. કાંગમાં મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે તેથી જ તેનું સેવન કરવાથી વ્યક્તિ ઍનિમિયાની તકલીફ તથા અપચામાં રાહત મેળવી શકે છે.

ભારતીય ખાદ્ય સંરક્ષણ તથા માનક પ્રાધિકરણ (ફૂડ સેફટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયા) દ્વારા થોડા સમય પહેલાં કાંગની ખીર બનાવવાની રીત જાહેર કરવામાં આવી હતી. એફએસએસએઆઈ દ્વારા ખાસ ભાર મૂકીને જણાવવામાં આવ્યું હતું કે ચોખાની કે સેવની ખીરને બદલે પોષક તત્ત્વોથી ભરપૂર કાંગની ખીર વારંવાર બનાવવી જોઈએ.

### કાંગની ખીર



**સામગ્રી :** ૧ વાટકી કાંગ, અડધી વાટકી ખડી સાકર, ૧ ચમચી ગુલાબજળ, ૨ નંગ એલચી પાઉડર, ૨ ચમચી સૂકા મેવાની કતરણ (બદામ-પિસ્તા-કાજુ), શેકવા માટે ઘી, ૨ કપ દૂધ, ૧ મોટી ચમચી મિલ્કમૅડ.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ કાંગને બરાબર સાફ કરી લેવી. હવે પ્રેશર કૂકરમાં ઘી મૂકવું. ઘી ગરમ થાય ત્યારબાદ કાંગ ઉમેરીને શેકી લેવી. તેમાં એલચી પાઉડર ભેળવીને શેકવું. થોડો સોનેરી રંગ પકડે તેટલું શેકવું. ત્યારબાદ મિશ્રણમાં ૧ કપ ગરમ પાણી ભેળવીને હલાવી લેવું. ૧ સિટી વાગે તેટલો સમય ગરમ કરવું. એક અન્ય નાની કડાઈમાં ૧ વાટકી પાણી લેવું તેમાં અડધી વાટકી ખડી સાકર ને ભેળવવી. થોડું ઉકળવા લાગે ત્યારબાદ તેમાં જરૂર મુજબ દૂધ તથા કાંગ ભેળવવી. ધીમી આંચ ઉપર ૫ મિનિટ પકાવવું. ૧ મોટી ચમચી સ્વાદ માટે મિલ્કમૅડ ઉમેરવું. મિશ્રણ ઠંડું પડે એટલી તેમાં ગુલાબજળ ભેળવવું. સૂકા મેવાની કતરણથી સજાવીને ગરમા-ગરમ સ્વાદિષ્ટ કાંગ પીરસવી.■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# પ્રસૂતિ પછી સ્ત્રી માટે રામબાણ ઔષધી દશમૂલ કાઢો

સુવાવડી સ્ત્રીએ સુવાવડ (ડીલીવરી પછી) શું કાળજી રાખવી જોઈએ એ અંગે જાત જાતની માન્યતાઓ અને ઘરગથ્થુ ઈલાજ-ઓસડિયાં-કાઢા માટે છે. સુવાવડ પછી લગભગ ચાલીસ દિવસ કે દોઢ મહિનો જેટલો સમય અવયવોને પૂર્વ સ્થિતિમાં આવતાં થાય છે. આ ગાળા દરમ્યાન સંભાળ, સ્તનપાન, દુખાવા વગેરેની કાળજી જરૂરી બને છે. કાળજી માટે ખાવાપીવા પર કાળજી અતિ જરૂરી બને છે. તેમજ ઔષધ અને ઓસડિયાનું વધુ મહત્ત્વ છે. જે આગળ જતાં બાળકની પ્રતિરક્ષા પ્રણાલી તેમજ સુવાવડી બાઈની શરીરની મજબૂતી માટેની માવજત જરૂરી છે. આપણી પાસે પરંપરાગત રીતે બનતાં ઓસડિયાં એ અતિ મહત્ત્વપૂર્ણ છે. જે આપણી પાસે સરળતાથી મળી રહે છે. બસ એના વિશે જ્ઞાન હોવું જરૂરી છે. યોગ્ય ચિકિતસક પાસે જવું જરૂરી છે. ઓસડિયાની માત્રાનું પ્રમાણ જાણવું જરૂરી છે. જે આગળ જતાં રોગો સામે લડવાની ક્ષમતા વધારી દે છે. બાળકની ઈમ્યુનીટી માટે જરૂરી બની જાય છે.

દશમૂલ કાઢો, પંચમૂલ કાઢો, સપ્તમૂલ કાઢો વગેરે છે. સુવાવડીની ક્ષમતા અનુસાર આ કાઢા કે ઓસડિયા આપવા જોઈએ. આ કાઢા કે ઓસડિયાના દવ્યની માત્રાનું પ્રમાણ યોગ્ય હોવું જોઈએ. આવા ઓસડિયા બનાવવા માટે આપણી પાસે ઘણીયે વનસ્પતિના પાઉડર સરળતાથી મળે છે જે ઘણાય વિકારનો સામનો કરવાની ક્ષમતા આપે છે. બાળકોને પણ ક્ષમતાવાન બનાવે છે. સુવાવડ પછી કમરના દુઃખાવા, વાળ ખરવા, કળતર થવી વગેરે દૂર થાય છે.

**દશમૂલ કાઢી બનાવવા માટેની ઔષધી**

ગંભારી - (શીવણ - મેલીની આરબોરીયા) - આ વનસ્પતિનો પાઉડર મળી રહે છે. આ સુપર બ્રેનટોનિક છે, દુઃખાવા, સોજા, બળતરાને શાંત કરે છે. વાળનો ગ્રોથ વધારે છે. વાઈરસ, કૉલેરા, ઝાડા, વિકનેસ, હાડકાંની મજબૂતી કરે છે. આર્ટરી કડક થતી બચાવે છે. લોહીને સુધારી હિમોગ્લોબિન વધારી દે છે. કેલ્શિયમ વધારી દે છે, જેથી દાંત આવવાની કે દાંતની તકલીફ દૂર કરે છે. આંતરડા સ્વચ્છ રાખે છે. ચામડીની ચમક વધારી દે છે. વિટામિન-સી- બી-૧, બી-૨ થાઈમીન હોવાથી ઘાવ ભરી દે છે. હાર્ટને મજબૂત કરે છે. આનો ઉપયોગ અવશ્ય થવો જોઈએ.

ગોખરુ - (ટીબ્યુલસ ટેરેસ્ટીસ)

મૂત્રના બધા જ વિકાર સારા કરે છે. ગર્ભશૂળ - વાયુ કાઢે છે. શીઘ્રપતન, હરસ, ઈન્દ્રલુપ્ત (ઉદરી) જેવી બીમારી ઠીક કરે છે અથવા થવા દેતો નથી. નાડીની નબળાઈ દૂર કરે છે. પથરી તોડવામાં કે અંદરના બ્લોકેઝ દૂર કરે છે.



**સ્પ્તપર્ણી - (આલ્સ્ટોનીયા સ્કોલેરીસ)**

ધાવણ શુદ્ધ કરવા, પેશાબ ઘાટો આવતો હોય તો તેને શુદ્ધ કરવા, ઝેર કાઢવા, ઘા ભરવા, ખાંસી, દમ, દાંત કૃમિ માટે અતિ ઉપયોગી છે.

પાટલા - (સ્ટેરીયોસ્પમમ ટેટ્રાગોનમ), મૂત્રવિકાર, મૂત્રઘાત, બ્લડ ડીસઓર્ડર, તાવ, અસ્થમા, પાઈલ્સ, ગેસ્ટ્રીક અસર, હેડકી, પથરી, બળતરાને દૂર કરે છે. આના ફૂલનો ગુલકંદ દરેક વિકાર દૂર કરે છે. આનો પાઉડર કાઢામાં નાખવો.

**ચિત્રકઃ (પ્લુમબગી જેલેનીયક)**

અતિ મહત્ત્વની છે. મસલ્સને રિલેક્સ કરે છે. ફેટ ડિપોઝિટ થવા દેતી નથી, લોહીભ્રમણ સુધારે છે. આંખોનું તેજ વધારે છે. કૃષ્ઠરોગ કે ચામડીના વિકાર કાઢે છે. કફને સુધારે છે. સોજા કાઢી નાખે છે. આર્થરાઈટીસ માટે રામબાણ છે. ઉંદરનું ઝેર ઉતારે છે, હાથીપગમાં લાભદાયક છે. ધાવણ વધારે છે, ભૂખ લગાડે છે.

**પૃશ્નિ પર્ણી - (યુરેરિયા પીક્ટા) પીઠવણ**

ગર્ભને ખરાબ બેક્ટેરિયાથી બચાવે છે. સ્ટ્રોંગ જીવાણું નાશક છે. આંખોનું તેજ વધારે છે. હાડકાં મજબૂત કરે છે. તૂટેલા હાડકાંને જોડે છે. એકાતરી તાવ દૂર કરે છે. તરસનો રોગ દૂર કરે છે. હરસ કફ માટે લાભદાયી છે.

નરવેલ (પ્રેના સેરોટક ફોલિયા) અરણી - પાવરફૂલ વનસ્પતિ છે.

વજન ઘટાડવા, લોહી સાફ રાખવા, કબજિયાત રહેવા દેતો નથી. પચવાની ક્ષમતા વધારે છે. ગર્ભટોનિક છે.

ઊભી રીંગણીઃ ઊલટી, તાવ, પેટનો દુઃખાવો, શરીરના દુઃખાવા, ડાયેરીયા, અસ્થમા પર કામ કરે છે. કાર્ડિયાક ડિસઓર્ડર માટે કામ કરે છે. બાળકની ઈમ્યુનિટી વધારી દે છે.

**નાગરમોથ - (સાઈપરસ રોટન્ડસ)**

ઝાડા, તરસ, કફ, ખાંસી, લોહીવાળા ઝાડા, વાઈ, પ્લેટલેટ વધારવા, ઘાવ ભરવા, કીડનીને સાફ રાખવા, અંધાપો દૂર કરે છે. હિમોગ્લોબિન વધારે છે. આંખનું ચાંદુ દૂર કરે છે. કેન્સરને દૂર કરે છે. વાઈરસથી લડે છે

વિદારી કંદઃ સ્તનવૃદ્ધિ કરે, વીર્યપુષ્ટિ કરે, શક્તિવર્ધક, ભસ્મક રોગ દૂર કરે છે. કેલ્શિયમ અને પોટેશિયમની ચેનલ એક્ટિવ કરે છે. કાર્ડિયા વાસ્કુલર માટે અતિ ઉપયોગી છે. રક્તશુદ્ધિ, સંગ્રહણી, પિત્તશૂલ આમવાત માટે ઉપયોગી છે. આ અતિ ગુણવાન વનસ્પતિ છે.

આવા અનેક ઔષધો જે દશમૂલમાં વાપરી શકાય છે. ગુડમાર, અશ્વગંધા, કંટકારી, વાયવરણો, વાવડીંગ, વજદંતી, સુદર્શન, ઉપલસર, હરીદ્રા, આમળા, ગડચી, અનંતમૂલ, પરીપાક.

દશમૂલ, પંચમૂલ, ચર્તુથમૂલ, લઘુમૂલ જેવા કાઢા ઉપરની ઔષધી નાખી બનાવી શકાય છે. સુવાવડીની ક્ષમતા અનુસાર આ કાઢા કે ઓસડિયા જરૂરી છે. જે ગર્ભને શુદ્ધ કરી દે છે. ઈમ્યુનિટી વધારી દે છે. એનિમિયા જેવી બીમારી થતી નથી, બાળકનો વિકાસ કરે છે. આ કાઢા લેવાથી ધાવણમાં વધારો થાય છે. ધાવણમાંથી આ ઔષધો બાળકને મળે છે જે તેની ઈમ્યુનિટી વધારી દે છે. આ વિશે જાણકારી હોવી જરૂરી છે. જે આવનાર પેઢી અને માતાના સ્વાસ્થ્ય માટે જરૂરી છે. બજારમાં દશમૂલ કાઢો તૈયાર મળે છે પણ તેમાં કોઈપણ પ્રકારના પ્રિઝર્વેટિવ ન હોવા જોઈએ. બધા પાઉડર ગાંધીની દુકાને મળે છે તેને પાણીમાં ઉકાળી કાઢો બનાવો. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# જાણી લો, વિવિધ આહારની ત્રિદોષ પર શું શું અસર થાય છે?

**ત્રિદોષ એટલે કે વાત- પિત્ત-કફ નિવારવા માટે ખાસ ધ્યાનમાં રાખીને અપનાવવા જેવી છે આ આયુર્વેદિક આહારસૂચિકા**

### વાત્ત- પિત્ત કે કફ પ્રકૃતિવાળા માટે હિતકર આહાર

| આહાર | વાત | પિત્ત | કફ |
|---|---|---|---|
| સામાન્ય રીતે | ભારે, ગરમ, સ્નિગ્ધ, રેસાવાળા અને બાફેલા પદાર્થો | હળવા, ઠંડા અને સ્નિગ્ધ પદાર્થો | હળવા, ગરમ, સૂકા, રેસાવાળા અને મસાલેદાર પદાર્થો |
| ધાન્ય | ઘઉં, ડાંગર, જુવાર | ઘઉં, ડાંગર, જુવાર, જવ | બાજરી, જવ |
| શાકભાજી | સરગવો, દૂધી, મૂળા, કંકોડાં, ગાજર, મેથીની ભાજી, રીંગણ | દૂધી, કોબી, કંકોડાં, ગલકાં, ગુવાર, સરગવો, તૂરિયાં, કાકડી, પાલક | દૂધી, રીંગણ, કારેલાં, સરગવો, કંકોડાં, પરવળ, સૂરણ, તાંદળજા અને મેથીની ભાજી |
| કઠોળ | અડદ, કળથી | મગ, તુવેર (મધ્યમ), વટાણા, મઠ, વાલ | ચણા, મગ, વાલ, વટાણા, તુવેર, કળથી |
| ફળો | પાકી કેરી, કાળી દ્રાક્ષ, દાડમ, કેળા, જમરૂખ, મોસંબી, લીંબુ, નાળિયેર | પાકી કેરી, દ્રાક્ષ, દાડમ, જમરૂખ, જાંબુ, મોસંબી, અંજીર, શેરડી, લીંબુ, બોર, નાળિયેર, સીતાફળ | દાડમ, દ્રાક્ષ, જાંબુ, રાયણ, લીંબુ, શેતૂર, અંજીર, સોપારી, બીલા |
| સૂકો મેવો | અખરોટ, આલુ, કાજુ, બદામ | અખરોટ, આલુ, કાજુ, દાડમ, ખજૂર | આલુ, કાજુ, ખજૂર |
| તેલીબિયા | તલ, કોપરેલ, સરસવ, દિવેલ | તલ, કોપરેલ અને દિવેલ | સરસવ અને તલ |
| મસાલા | આમળાં, મરી, અજમો, આદું, તુલસી, ફુદીનો, જીરું, વરિયાળી, એલચી, તજ, લવિંગ, સંચળ | આમળાં, જીરું, ધાણા, હળદર, કોકમ, રાઈ, લવિંગ, કેસર, સિંધાલૂણ, સંચળ | આમળાં, અજમો, આદું, તુલસી, ફુદીનો, જીરું, વરિયાળી, મરી, એલચી, તજ, લવિંગ, સંચળ |
| દૂધજન્ય પદાર્થો | દૂધ, માખણ, ઘી, દહીં અને છાશ | ઘી અને માખણ | દૂધ અને છાશ |



### વાત્ત- પિત્ત કે કફ પ્રકૃતિવાળા માટે અહિતકર આહાર

| આહાર | વાત | પિત્ત | કફ |
|---|---|---|---|
| ધાન્ય | જવ, બાજરી, મકાઈ | બાજરી, મકાઈ | ડાંગર, મકાઈ |
| કઠોળ | ચણા, ચોળા, મઠ, મસુર, તુવેર | અડદ અને કળથી | અડદ |
| શાકભાજી | કોબી, કારેલાં, ગુવાર, ભીંડો, કાકડી, બટાટા | મેથીની ભાજી અને લૂણીની ભાજી, રીંગણ | ગુવાર, ભીંડો, પાલખ, બટાટા |
| ફળ | કાચાં ફળો, તરબૂચ, શેરડી, કાચી કેરી, પપૈયું, ફણસ, જાંબુ, સીતાફળ, બોર, સકરટેટી, ચીભડા | ખાટાં અને કાચાં ફળો, કાચી કેરી, અનાનસ | કાચી કેરી, કેળાં, જમરૂખ, મોસંબી, અનાનસ |
| સૂકો મેવો | શિંગોડાં, પીસ્તા | પીસ્તા | શિંગોડાં |
| તેલીબિયા | મગફળી | મગફળી, સરસવ | કોપરેલ, દિવેલ, મગફળી |
| મસાલા | કોકમ | મરી, આંબલી, અજમો, આદું, મરચાં, એલચી, તજ | ખસખસ, કોકમ, સીંધાલુણ (કિંચિત) |

### વિરુદ્ધ આહાર

દરેક વ્યક્તિ માટે પથ્યાપથ્યનો વિવેક જેટલો અગત્યનો છે, તેટલું જ અગત્યનું નિરોગી રહેવા માટે ભોજનમાં વિરુદ્ધ આહાર ન આવે તે છે. ભલે આ આહાર જમતા સમયે નડતરરૂપ ન થતો હોય, પરંતુ આયુર્વેદના નિયમ પ્રમાણે તે આહાર પચતો તો નથી જ અને તે શરીરમાં આમ્લ ઉત્પન્ન કરે છે. આથી શરીર અનેક રોગોનું ઘર બને છે. આપણા આર્યુવેદ ગ્રંથોમાં કહ્યું છે કે, 'વિરુદ્ધ આહારને પણ ઝેર જેવો જણાવો. '

હવે આપણે વિરુદ્ધ આહાર અર્થાત કયા બે આહાર સાથે ન લેવાય, તે વિશે જાણીએ...

**દૂધ સાથેઃ** દહીં-છાશ, ખાટાં ફળો, મીઠું, ગોળ, દાડમ, તીખી-તળેલી વાનગીઓ, અથાણાં, લસણ, ડુંગળી, મૂળા, ગાજર, મધ, તલ, લીલા શાકભાજી અને કઠોળ વગેરે ન લેવાય.

**દહીં સાથેઃ** દૂધ, ગરમ પદાર્થો, ઘી, કેળાં, પનીર વગેરે લેવાથી નુકસાન થાય છે. રાત્રે દહીં જમવું હિતાવહ નથી.

**મધ સાથેઃ** - સરખા પ્રમાણમાં ઘી ક્યારેય ન લેવું જોઈએ. (દા.ત. ૫૦ ગ્રામ મધ સાથે ૫૦ ગ્રામ ઘી ન લેવાય. વધુ-ઓછું લઈ શકાય.) સાકરથી બનેલું શરબત, તેલ, દ્રાક્ષ, મૂળા, વધુ ગરમ પાણી અને દૂધ ન લેવાય. મધને ક્યારેય ગરમ કરીને ન લેવું જોઈએ.

**ઘી સાથેઃ** સરખા પ્રમાણમાં મધ ન લેવાય. કાંસાના વાસણમાં ૧૦ દિવસથી વધુ સમય રાખેલું ઘી ઝેર બની જાય છે.

**ગોળ સાથેઃ**- મધ, દૂધ, અડદ, મૂળા અને ફણગાવેલું ધાન્ય ન લેવું જોઈએ.

**- અડદની દાળ સાથેઃ** - દહીં, મધ, તલ, ગોળ, દૂધ, મૂળા અને ફણગાવેલું ધાન્ય ન લેવું જોઈએ.

**મૂળા સાથેઃ** - મધ, તલ, ગોળ, દૂધ, અડદ, દહીં અને કેળાં ન લેવા જોઈએ. - અતિ ગરમ તથા ઠંડા પદાર્થો એકસાથે ભોજનમાં લેવાથી નુકસાન થઈ શકે છે.

**ખાસ ધ્યાન રાખો કે .** સૂર્યાસ્ત થયા પછી વાતવર્ધક વાનગીઓ ન જમવી જોઈએ.

સૂર્યાસ્ત પછી વાતવર્ધક વાનગી જમવાથી સમયાંતરે જઠરાગ્નિ મંદ પડવા લાગે - સંપૂર્ણ પાચન ન થાય - અપચો - પાચનતંત્ર સંબંધી કબજિયાત, વા વગેરે બીમારીઓ થાય. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# પ્રાણાયામ એટલે વિશિષ્ટપદ્ધતિથી કરવામાં આવતી પૂરક, કુંભક ને રેચકની ક્રિયા

(ગતાંકથી ચાલુ)


પ્રાણાયામના અભ્યાસથી ચિત્તની જ્ઞાનવૃત્તિ પર ચડેલાં આવરણો નષ્ટ થાય છે, જ્ઞાનની કળા ખીલે છે અને ધારણા આદિ અંતરંગ અભ્યાસ માટે મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.

અહીં કુંભકનો ઉલ્લેખ હોવા છતાં સમગ્ર પ્રક્રિયામાં કુંભક સાથે પૂરક અને રેચક પણ હોવાના જ. એટલે પ્રાણાયામ પૂરક, રેચક અને કુંભકની પ્રક્રિયા છે, તેમ સમજી શકાય એમ છે. વળી વર્ણન અહીં શ્વાસની પરિભાષામાં કરેલ હોવા છતાં પ્રાણાયામનો પ્રારંભ શ્વાસથી થાય છે, પણ ખરેખર પ્રાણાયામ પ્રાણનો સંયમ છે, એટલું જ નહિ; પરંતુ પૂરક, રેચક અને કુંભક વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવે ત્યારે જ આ હેતુ સિદ્ધ થાય છે.

આમ રાજયોગની દૃષ્ટિથી પ્રાણાયામની વ્યાખ્યા આ પ્રમાણે થશે-

'પ્રાણાયામ એટલે પ્રાણસંયમના હેતુ માટે, વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવતી પૂરક, કુંભક અને રેચકની ક્રિયા.'

પ્રાણાયામ જેટલી મહત્ત્વપૂર્ણ સાધના છે, તેટલી જ તે જોખમી પણ છે અને તેથી ગુરુગમ્ય છે.



(૫) પ્રત્યાહાર:

પ્રત્યાહાર વિશે યોગસૂત્રકાર બે સૂત્રો આપે છે:

• स्वविषयासम्प्रयोगे चित्तस्वरुपनुकार इवेन्द्रियाणां प्रत्याहार:। - योगसूत्र; २-५४

'ઈન્દ્રિયો પોતાના વિષયોમાંથી પાછી હઠીને ચિત્તસ્વરૂપ આકાર ધારણ કરે, તે પ્રત્યાહાર છે.'

• तत: परमा वश्यतेन्दियाणाम् । - योगसूत्र; २-५५

'તેનાથી ઈન્દ્રિયો પર પરમ સંયમ સિદ્ધ થાય છે.'

જ્યાં સુધી સાધકનું ચિત્ત બાહ્ય જગતના વિષયોમાં રમમાણ હોય છે, ત્યાં સુધી તે અધ્યાત્મપથપર પ્રગતિકરી શકતો નથી. આપણા ચિત્તનો વિષયો સાથેનો સંપર્ક ઈન્દ્રિયો દ્વારા થાય છે. ઈન્દ્રિયો સાધારણતઃ વિષયોન્મુખી હોય છે. જ્યારે આ સાધારણ પ્રક્રિયા ઊલટી બને એટલે કે ઈન્દ્રિયો વિષયોન્મુખી મટીને ચિત્તસ્વરૂપાકાર ધારણ કરે ત્યારે પ્રત્યાહાર સિદ્ધ થાય છે અને સાધક માટે ધારણા, ધ્યાન આદિ અંતરંગયોગની સાધના માટેનો માર્ગ મોકળો થાય છે.

પ્રત્યાહારને સામાન્યતઃ બિહરંગયોગમાં ગણવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તે અંતરંગયોગના પ્રવેશદ્વાર સમાન છે.

પ્રત્યાહાર દ્વારા ઈન્દ્રિયો પર સાચો સંયમ સિદ્ધ થાય છે.

પ્રાણાયામ, જપ આદિના અભ્યાસથી સાધકની વૃત્તિ અંદર વળવા માંડે છે તથા વૃત્તિને અંદર વાળવાનો અભ્યાસ કરતાં કરતાં પ્રત્યાહાર વિકસે છે અને આંતરિક આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. આ અનુભવ વિકસતાં પ્રત્યાહાર સિદ્ધ થાય છે.

(૬) ધારણા :

• देशबन्धश्चित्तस्य धारणा । - योगसूत्र; ३-१

'ધારણા એટલે ચિત્તનું કોઈ એક નિશ્ચિત વિષય પર એકાગ્ર થવું.'

આગળ વર્ણવેલાં પ્રથમ પાંચ અંગોને બહિરંગયોગ ગણવામાં આવે છે. બહિરંગયોગના અભ્યાસથી તૈયાર થયેલા સાધક હવે અંતરંગયોગના અભ્યાસમાં પ્રવેશે છે. ધારણા અંતરંગયોગનું પ્રથમ સોપાન છે.

ધારણામાં સાધક કોઈ એક વિષય પર મન એકાગ્ર કરે છે. અન્ય વિષયોનો ઈનકાર કરતાં જ્યારે સાધક પોતાના ઈષ્ટ વિષય પર પોતાના ચિત્તને સંયમિત કરે છે, ત્યારે ધારણા સિદ્ધ થાય છે.

આ વિષયો પાંચ પ્રકારના હોય છેઃ

૧. બાહ્ય - ઈષ્ટદેવની મૂર્તિ, ચિત્ર વગેરે
૨. સ્વશરીર - નાસાગ્ર, ભ્રૂમધ્ય વગેરે
૩. ચક્ર - અનાહત, આજ્ઞા વગેરે
૪. મનોમય - ઈષ્ટદેવનું મનોમય સ્વરૂપ
૫. આંતરિક અનુભૂતિ - નાદશ્રવણ, જ્યોતિદર્શન વગેરે

(૭) ધ્યાનઃ

तत्र प्रत्ययैकतानता ध्यानम् । - योगसूत्र; ३-२

'ત્યાં (ધ્યાન માટે પસંદ કરેલ વિષયમાં) પ્રત્યયની એકતાનતા એટલે ધ્યાન'

ચિત્તની સામાન્ય અવસ્થામાં ચિત્તના પ્રત્યય ભિન્ન ભિન્ન વિષયો પરત્વે સતત બદલાતા રહે છે. ધારણામાં સાધક કોઈ એક વિષય પર એકાગ્રતા કરે છે. આમ છતાં ધારણામાં હજુ પ્રત્યયની એકતાનતા નથી. ધારણામાં અન્ય વિષયના પ્રત્યયનો સદંતર અભાવ નથી. જોકે ધારણામાં સાધક સામાન્ય મનઃસ્થિતિની જેમ અન્ય વિક્ષેપોમાં ઘસડાતો નથી. સાધક પોતાના વિષય તરફની એકાગ્રતા જાળવી શકે છે અને અન્ય વિષયના પ્રત્યયને ટાળવામાં સક્ષમ બને છે અને વિક્ષેપો હોવા છતાં તેમાં ખેંચાતો નથી.

જ્યારે આ અન્ય વિષયના પ્રત્યયોનો સદંતર અભાવ થાય અને પોતાના ઈષ્ટ વિષય તરફ પ્રત્યયની એકતાનતા સિદ્ધ થાય ત્યારે તે અવસ્થાને ધ્યાન કહે છે.

(૮) સમાધિઃ

तदेवार्थमात्रनिर्भासं स्वरुपशून्यमिव समाधि: । - योगसूत्र; ३-३

'તે જ (ધ્યાનની) અવસ્થામાં જ્યારે ધ્યેય માત્રનો જ ભાસ થાય અને પોતાનું ભાન શૂન્યવત્ બની જાય ત્યારે તે અવસ્થાને 'સમાધિ' કહે છે.'

ધ્યાનમાં સાધકની અન્યવિષયશૂન્યતા અને સ્વવિષય એકાગ્રતા સિદ્ધ થાય છે. પરંતુ આ અવસ્થામાં પણ સ્વકેન્દ્ર ચેતના (Self-conciousness)નો અભાવ નથી. આ સ્વકેન્દ્રી ચેતના જ વિષય-વિષયી (Subject-Object)ના દ્વૈતનું કારણ છે. જ્યારે આ સ્વકેન્દ્રી ચેતના વિલીન થાય છે, ત્યારે સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. આ જ હકીકત 'સ્વરુપ શૂન્યમિવ' શબ્દથી સૂચિત કરવામાં આવેલ છે.

સમાધિ અવસ્થા દરમિયાન ચિત્તવૃત્તિઓનો નિરોધ થતાં સાધક પોતાના સ્વરૂપમાં તદાકાર થાય છે. સમાધિનાં પણ અનેક સ્વરૂપો અને અવસ્થાઓ છે. યોગસૂત્રમાં ભગવાન પતંજલિએ વિશદ દર્શન આપ્યું છે.

યમ-નિયમના યથાર્થ પાલનથી સાધકનું જીવન પરિશુદ્ધ બને છે, અને ચિત્તના કલેશો નબળા પડે છે. આસન અને પ્રાણાયામના અભ્યાસથી શરીર આગળના અભ્યાસ માટે તૈયાર થાય છે અને પ્રાણના પ્રવાહો સમઅવસ્થામાં આવવા લાગે છે તથા પ્રકાશ આડેનાં આવરણો ક્ષીણ થવા લાગે છે. સરળ ભાષામાં કહીએ તો અંદર કશુંક ઊઘડવા માંડે છે. ત્યાર પછી પ્રત્યાહારના અભ્યાસથી ઈન્દ્રિયજય સિદ્ધ થાય છે. યોગના આ પાંચ અંગોને બહિરંગયોગનાં અંગો ગણવામાં આવે છે.

બહિરંગયોગના અભ્યાસથી સાધક અંતરંગયોગ માટે તૈયાર થાય છે. ત્યાર પછી ધારણામાં એક વિષય પર એકાગ્રતા, ધ્યાનમાં પ્રત્યયની એકતાનતા સધાય છે. આના જ પર્યાપ્ત અભ્યાસથી ચિત્તવૃત્તિઓના નિરોધની અવસ્થા સિદ્ધ થાય છે અને એ જ સમાધિ છે.

અષ્ટાંગયોગના આઠ અંગોનું સ્વરૂપ યોગમૂર્તિના આઠ અંગો જેવું છે. આગળનાં અંગોમાં પહોંચતા, પાછળના અંગો પગથિયાંની જેમ છોડી દેવાનાં નથી. જેમ કે ધ્યાનનો અભ્યાસ કરનાર સાધક યમ-નિયમ કે આસન - પ્રાણાયામનો અભ્યાસ છોડી દેશે, એવું નથી. તેમ જ યમ-નિયમનો અભ્યાસ પરિપૂર્ણ થયા પછી જ આસન - પ્રાણાયામનો અભ્યાસ થઈ શકે, એવું પણ નથી. આ અંગોમાં એક સ્વરૂપની ક્રમિકતા હોવા છતાં આ ક્રમિકતા પથ્થરના પગથિયાં જેવી નથી, પરંતુ સાધક જેમ જેમ વિકાસ પામતો જાય છે, તેમ તેમ આગળનાં અંગોનું ક્રમિક ઉમેરણ થતું જાય છે. એટલે આ આઠ અંગોને યોગમૂર્તિના આઠ અંગો ગણવામાં આવે છે.

એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે યોગસૂત્રપ્રણિત રાજયોગમાં સમાધિ અવસ્થાને નહિ, પરંતુ 'કૈવલ્ય'ને અંતિમ અવસ્થા ગણવામાં આવે છે.

૬. હઠયોગનો અને રાજયોગનો સંબંધ:

(૧) હઠયોગ પ્રાણજય દ્વારા મનોજયનો માર્ગ છે અને રાજયોગ મનોજય દ્વારા પ્રાણાજયનો માર્ગ છે. હઠયોગ તીવ્ર સાધનપદ્ધતિ છે અને તેથી જ તે વધુ જોખમી છે. રાજયોગ સૌમ્ય સાધનમાર્ગ છે. બંને વચ્ચે કોઈ વિરોધ નથી. બંને પરસ્પર પૂરક બની શકે તેમ છે પરંતુ બંને એક જ સાધનમાર્ગ છે, એવું નથી.

(૨) કુંડલિની શક્તિનું જાગરણ - આ હઠયોગની સાધનાની કેન્દ્રસ્થ બાબત છે. રાજયોગ અર્થાત્ પતંજલિ પ્રણિત અષ્ટાંગયોગમાં કુંડલિની જાગરણ તરફ લક્ષ્ય નથી. એ જાણવું રસપ્રદ થઈ પડશે કે યોગસૂત્રમાં ક્યાંય કુંડલિનીનો ઉલ્લેખ નથી, જ્યારે હઠયોગ પ્રદીપિકામાં તેનો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે.

આનો અર્થ એમ નથી કે કુંડલિની જાગરણની ઘટના માત્ર હઠયોગની સાધનાથી જ થઈ શકે. હઠયોગની તીવ્ર પ્રક્રિયા વિના રાજયોગના સૌમ્ય માર્ગનું અનુસરણ કરનારને પણ કુંડલિની જાગરણ થઈ શકે છે. એટલું જ નહિ, પરંતુ નામજપ કરનાર ભક્તને કે વિચારમાર્ગનું અનુસરણ કરનાર જ્ઞાનયોગીને પણ કુંડલિની જાગરણની ઘટના બની શકે છે, બને છે. આમ છતાં હઠયોગ અને રાજયોગના કુંડલિની વિશેના અભિગમમાં ફેર છે. હઠયોગની બધી સાધનાઓ કુંડલિનીના જાગરણ માટે આચરવામાં આવે છે અને રાજયોગના સાધકનું ધ્યાન કુંડલિનીજાગરણ તરફ નહિ, પણ ચિત્તવૃત્તિના નિરોધ તરફ છે.

(૩) હઠયોગ અને રાજયોગ, બંનેમાં આસન અને પ્રાણાયામ છે અને સામાન્ય રીતે આ બંનેને જ યોગ ગણી લેવામાં આવે છે. પરિણામે બંને સાધનમાર્ગ એક જ છે, એમ માની લેવામાં આવે છે; પરંતુ આ માન્યતા બરાબર નથી.

બંનેમાં આસન અને પ્રાણાયામ સમાન અંગો હોવા છતાં બંનેમાં તેમનાં હેતુ અને સ્વરૂપ ભિન્ન ભિન્ન હોય છે. યોગસૂત્રમાં માત્ર ધ્યાનોપયોગી આસનોનો જ ઉલ્લેખ જોવા મળે છે, જ્યારે 'હઠપ્રદીપિકા' વગેરે હઠયોગના ગ્રંથોમાં કુંડલિની જાગરણમાં ઉપયોગી એવા તીવ્ર આસનોનું વર્ણન જોવા મળે છે. દૃષ્ટાંતતઃ હઠપ્રદીપિકાકાર મત્સ્યેન્દ્રાસનના વર્ણન પછી તેના અભ્યાસનું ફળકથન કરતાં કહે છે- अभ्यासत कुण्डलिनी प्रबोध: ।

'(આ આસનના) અભ્યાસથી કુંડલિની જાગરણ થાય છે.'

પ્રાણાયામનાં સ્વરૂપ અને હેતુમાં પણ આજ પ્રકારનો ભેદ છે.

પ્રાણાયામનાં સ્વરૂપ અને ફળકથન વિશે ભગવાન પતંજલિ કહે છે -

'આસાનમાં સ્થિર થયા પછી શ્વાસ - પ્રશ્વાસની ગતિમાં વિચ્છેદ એટલે પ્રાણાયામ. આ પ્રાણાયામ ચાર પ્રકારના છે - બાહ્યકુંભક, આંતરકુંભક, સ્તંભવૃત્તિ અને કેવલ - કુંભક. પ્રાણાયામના અભ્યાસથી પ્રકાશ આડેનાં આવરણો નષ્ટ થાય છે, અને ધારણા માટે મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.'

હઠયોગના ગ્રંથોમાં પ્રાણાયામના વિવિધ સ્વરૂપો વિશે વર્ણન જોવા મળે છે. પ્રાણાયામના અભ્યાસના ફળ વિશે સ્વાત્મારામ સ્પષ્ટ લખે છે - कुम्भकात् कुंडलीबोध: ।

'કુંભકથી કુંડલિનીનું જાગરણ થાય છે.'

હઠયોગ પ્રદીપિકાકાર સ્વાત્મારામ કુંભક અર્થાત્ પ્રાણાયામના અભ્યાસથી કુંડલિનીના જાગૃત થવાની વાત કહેછછે. યોગસૂત્રકાર ભગવાન પતંજલિ કુંભક અર્થાત્ પ્રાણાયામ દ્વારા કુંડલિનીના જાગરણની વાત કહેતા નથી, પરંતુ ધારણા માટે ચિત્તની યોગ્યતાની વાત કહે છે. આ ભિન્નતા ખાસ નોંધનીય છે.

આટલાથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે આસન અને પ્રાણાયામ વિશેના રાજયોગ અને હઠયોગના સ્વરૂપ અને હેતુમાં કેટલો તફાવત છે!

(૪) એ વાત સાચી છે કે હઠપ્રદીપિકાના પ્રારંભમાં જ સ્વાત્મારામ કહે છે -

केवलं राजयोगाय हठविद्योपदिश्यते ।

'કેવળ રાજયોગ માટે હઠયોગનો ઉપદેશ કરું છું.'

આમ છતાં અહીં રાજયોગનો અર્થ પતંજલિપ્રણિત અષ્ટાંગયોગ નથી. અહીં રાજયોગ શબ્દનો અર્થ સમાધિ અવસ્થા છે. સ્વાત્મારામ 'હઠપ્રદીપિકા'ના ચતુર્થ ઉપદેશમાં राजयोग: समाधिश्च उन्मनी च मनोन्मनी। વગેરે શબ્દોની યાદી આપે છે અને તેજ શ્લોકના અંતે चेत्येकवाचका:। (આ બધા એક જ અર્થના વાચકો છે) એમ કહે છે. એટલે એમ કહી શકાય તેમ નથી કે હઠયોગની સાધના પતંજલિપ્રણિત રાજયોગની પૂર્વતૈયારી રૂપે છે અને હઠયોગમાંથી રાજયોગ (અષ્ટાંગયોગ)માં જવાય છે. સાચી વાત એ છે કે બંને સમાધિ તરફ દોરી જતી ભિન્ન ભિન્ન સાધનપદ્ધતિઓ છે.(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ
સુભાષ ઠાકર

# જીવવું પડે છે અહીં દરેકે, એકબીજાને ટેકેટેકે




'વિધાતા... વિધુ બેટા' બ્રહ્માજીએ બૂમ મારી ને બાજુના ખંડમાંથી વિધાતા આવી.

'જો, આજના ક્વોટાના માણસોના રમકડાં ઘડાઈ ગયા છે.. મારું આજનું કામ પૂરું. હવે એના નસીબ લખવાનું કામ તારું. બરાબર?'

'સોરી બાપુ, તમારે શરીરના જેટલા પૂતળાં બનાવવા હોય એટલાં બનાવ્યા કરો, પણ હવે હું એમનાં નસીબ લખવામાંથી રાજીનામું આપું છું. જય હિન્દ, જય ગુજરાત,...'

'અરે બાપરે! તું અચાનક આમ રાજીનામું આપે ને આ ડફોળો પોતપોતાનું તકદીર જાતે જ લખતા થઈ જાય તો સૃષ્ટિની શું હાલત થાય એ ખબર પડે છે? હવે તારી જગ્યાએ હું કોને મૂકું? જાણું છું આટઆટલા માણસોના અલગ અલગ તકદીર લખવામાં તકલીફ પડે, પણ તારા સિવાય આ અનુભવ કોઈને નથી કોઈને અમીર તો કોઈને ભિખારી તું જ બનાવે એમાંય કેટલું ભેજું દોડાવવું પડે' બ્રહ્મા બોલ્યા.

'અઘરું છે બાપુ, અને પણ જેને આપણી કદર જ નથી એના લેખ હું શું કામ લખું?'

'કેમ? કેમ? કેમ? કેમ?'

'બાપુ, એમ ચાર વાર કેમ પૂછી મારા મગજની મેથી ન મારો, સાલું આટઆટલી મહેનત કરી તમે માટીમાંથી માણસ બનાવો એમાં જીવ મૂકો, આયુષ્યની ચાવી આપી નીચે મોકલો પછી આપનીજ આજ્ઞાથી હું એની જિંદગીના લેખ લખી એનું ભાવિ નક્કી કરું, છતાં આપણા બંનેના મંદિર જ નઇ.. અરે બાપુ, બીજા ભગવાનોની સરખામણીમાં નથી આપ એટલા પૂજાતા કે નથી મારી કોઈ જગ્યાએ નાનકડી દેરી. આ તમારા જ ઘડેલા માણસોની ભૂલ નથી?' વિધાતા ભડકી.

'અરે બેટા, આટલી નાનકડી ભૂલ યાદ રાખી તું મોટી ભૂલ કરે છે.'

'અરે વાહ આ નાનકડી ભૂલ છે?' વિધુ વધુ ભડકી :

'અરે પોઈન્ટ ટુ બી નોટેડ તો એ છે કે જે વિષ્ણુ લાલન પાલન કરે એમનાં મંદિર બાંધે, પૂજે એ કબૂલઃ પણ મહેશ ઉર્ફે શંકર જે સંહાર કરે છે એના પણ કેટલાં મંદિરો? આ તે કેવો અન્યાય?તમે પૃથ્વી પર મોકલો ને .. હું નસીબ લખું તેનું એક પણ મંદિર નઇ ને જે ઉપાડી લે એના ઢગલાબંધ મંદિર..આ સરાસર અ-ન્યાય છે. વેરી બેડ...'

'ઓહ,એટલે મૂળ તને તારું મંદિર બનાવવાની ને પૂજાવાની ભૂખ છે, પણ જો બેટા, આવું બધુ મન પર ન લેવાય, તબિયત બગડે...'

'ભલે બગડતી ! હું તો કઉ છું તમે પણ માણસ ઘડવાનું બંધ કરો, તમે ઘડો છો એટલે મારે તકદીર લખવા પડે છે. આ તો 'ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી' છતાં તમારે ઘડવા હોય તો ઘડો માલ તમારો છે, પણ પણ તકદીર લખવાનું કામ શંકરને સોંપી દો. અરે હાં , શંકર પરથી યાદ આવ્યું, તમે માર્ક કર્યું? નીચે કોઈ ટપકી પડે તો એની નનામીને લઈ જાય છે સ્મશાનમાં શંકર પાસે તો પેલી લાશના કાનમાં ડાઘુઓ 'શંકર બોલો ભઇ શંકર'ના બદલે 'રામ બોલો ભઇ રામ'ની બૂમો પાડે. આમાં રામ ક્યાંથી આવ્યા? એ તો સારું છે કે જે પતી ગયો છે એ બોલી કે સાંભળી શકતો નથી નઇતર નનામીમાંથી ઊભો થઈ ને પૂછે 'અલ્યા, ડાઘિયાઓ .. આઈ મીન ડાઘુઓ તમે મને રામ પાસે લઈ જાઓ છો કે શંકર પાસે? એ તો પહેલાં નક્કી કરો !' વિધાતા મલકીને બોલી.

'કઇ વાંધો નઇ બેટા, જેવી જેની બુદ્ધિ ચાલ્યા કરે' બ્રહ્મા બોલ્યા.

'તંબુરામાંથી ચાલ્યા કરે? તમે એ વાંદરાઓને દારૂ પાઇ નિસરણી આપી તેમની ફેવર ન કરો, યુ નો? એ પોતાની જાતને જ બ્રહ્મા સમજે છે 'અહમ બ્રહ્માસ્મી', એમને સમજાવો કે તમે બ્રહ્મા નથી પણ ભ્રમમાં છે' વિધાતા ભડકી.

'પણ એ કેવી રીતે?' બ્રહ્માનો પ્રશ્ન

'એ સાંભળશો તો આસન પરથી હેઠા પડી જશો. સમજાવું. એ ટોપાઓ હથેળીનું તકદીર વાંચી શકતા નથી એટલે લેભાગુ જોશીઓને હથેળી બતાડ્યા કરે છે... 'જુઓ, તો મારું ભાગ્ય શું કહે છે? ને એક ટોપો તો પોતાની જાતને ગાલિબ સમજે છે ને કોઈની ઉધાર શાયરી ઠોકઠોક કરે છે. 'કોન કહેતે હૈ કી હથેલી કી રેખાઓમે તકદીર લિખી હૈ યહાં જિસકે હાથ નહિ હોતે ઉસકી ભી તકદીર લિખી હુઈ હૈ.'

'પણ બેટા, એ ટોપાનુ નામ તેની ફઈએ નથી પાડ્યું કે નામ જ ટોપો છે?' બ્રહ્માએ પૂછ્યું

'છે ને બાપુ નામ છે સુભાષ ઠાકર, એના તકદીરમાં હાસ્ય કલાકાર કે લેખક બનવાનું મેં લખ્યું ને એ તો બીજાની શાયરી ઠપકારી મારી ઇજજતની પથારી ફેરવે છે. હજી તમે રજા આપો તો એના તકદિરની પથારી...'

'ના બેટા, તારે બધાના તકદીર સારા જ લખવાના, પેલું કે છે ને કે 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.'

'સોરી, બાપુ પણ એ શક્ય નથી એક દુઃખી થાય તો જ બીજો સુખી થાય? કોઈના વસ્ત્ર ન ફાટે તો દરજી ક્યાંથી સુખી થાય? કોઈ બીમાર ન પડે તો ડોક્ટરનું શું થાય? કોઈ લડાઈ ઝઘડા ન કરે તો વકીલ ભૂખે મરે. એટલે બધા એક સાથે સુખી નોટ પોસિબલ. જીવવું પડે છે અહીં દરેકે એકબીજાને ટેકેટેકે.'

'સમજી ગયો બેટા, હવે તું સમજ. હું બધાને હેન્ડસમ કે બ્યુટીફુલ ન બનાવી શકું ને તું પણ બધાના તકદીર સારા ન લખી શકે તો એ લોકો મંદિર કેવી રીતે બનાવે?'

'એગ્રી પણ જેને સુંદર બનાવ્યા ને સારા તકદીર લખ્યા એ તો બનાવી શકે ને?'

'હા પણ બેટા, પેલા કદરૂપા ને બદનસીબવાળા તોડી નાખે એની બીક તો હોય ને? એટલે તું પૂજાવાનો મોહ છોડ..'

હવે બ્રેકિંગ ન્યૂઝ એવા છે કે બ્રહ્માજીના કહેવા પછી બહુ ઊંડું વિચાર્યા બાદ વિધાતાએ રાજીનામાનો વિચાર માંડી વાળ્યો છે. શું કહો છો? ■

feedback@bombaysamachar.com

ફોકસ
કિરણ ભાસ્કર

# સાફસફાઈના મહત્ત્વને આપણે ક્યારે સમજીશું?



ટ્રેનમાં યાત્રા કરતી વખતે આપણે જોઈએ છીએ કે કેટલાક અળવિતરા નાસ્તો કર્યા બાદ એની પ્લેટ, પ્લાસ્ટિક્સ અને ગ્લાસ બધું જ સીટની નીચે ફેંકતા હોય છે. એમ કરતાં કરતાં થોડા સમય બાદ એવું લાગે છે કે તેઓ કચરાના ઢગલા પર જ બેઠા હોય છે. એવે વખતે વિચાર આવે છે કે શું આ લોકોને સ્વચ્છતા અભિયાન જરાપણ સ્પર્શી નથી? આપણા પૂર્વજો પથ્થરયુગમાં માત્ર પથ્થરના માધ્યમથી પોતાની જરૂરિયાતો પૂરી કરતા હતા. ત્યારબાદ તો માનવ સભ્યતા અનેક વર્ષો બાદ અસ્તિત્વમાં આવી હતી. જોકે આવા લોકોના વર્તનને જોઈને લાગે છે કે આપણે હવે કચરા યુગમાં પહોંચી ગયા છીએ. રસ્તા, પાર્ક, બજાર, રેલ, કમ્પાર્ટમેન્ટ, બસ, નદી, સમુદ્ર, પહાડ દરેક ઠેકાણે કચરાનું સામ્રાજ્ય દેખાય છે. એને જોતા લાગે છે કે ગંદકી ફેલાવવામાં આપણે નંબર વન પર છીએ.

જ્યાં ત્યાં કચરો ઠાલવવામાં આપણને કોઈ લાજ-શરમ નથી આવતી. આપણાં દેશમાં સારામાં સારી આઈઆઈટી અને આઈઆઈએમ છે. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિદેશમાં ભણવા જઈએ છીએ. સારી રીતભાત અપનાવીએ છીએ, પરંતુ આપણી આસપાસ કચરો ફેલાવવામાં જરાપણ શરમ નથી અનુભવતાં. મોંઘી કારમાં બેઠા હોઈએ તો ખાલી ટિન, પેકેટ બધું રસ્તા પર ફેંકીએ છીએ. મનમાં એમ વિચારીએ છીએ કે હાશ! કચરાથી છુટકારો તો મળ્યો.

કચરો ફેંકવાની બાબતમાં આપણે બધા ભારતીયો એકસમાન છીએ. માણસ કેટલો પણ ભણેલો હોય કે પછી અશિક્ષિત વ્યક્તિ હોય, રસ્તા પર કચરો ફેકવામાં બન્નેનો સ્વભાવ એક સરખો જ છે. ચિપ્સ ખાધા પછી એના ખાલી પેકેટ જે આપણે રસ્તા પર ફેંકીએ છીએ એનાથી પર્યાવરણને કેટલું નુકસાન થાય છે એની તો આપણને કોઈ ચિંતા જ નથી. આપણી આ ગંદી ટેવને કારણે સાફસફાઈ કરતા કર્મચારીઓને પણ કેટલી તકલીફ થતી હોય છે એનો આપણને જરાપણ ખ્યાલ નથી.

આટલું જ નહીં કચરાનો ઢગલો તો ક્યારેક લોકોના ઘરનું કે ઑફિસનું લેન્ડમાર્ક બની જાય છે. ઘણી વખત તો લોકો એડ્રેસ સમજાવતી વખતે એમ પણ કહે છે કે કચરાના ઢગલાવાળો આ રસ્તો નજીક પડે છે મોં પર રૂમાલ રાખીને આવજો.

કહેવાય છે કે 'સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા.' જોકે આપણે એ બાબતને ગંભીરતાથી નથી લેતાં. કોઈ બિલ્ડિંગની સીડીઓ ચડતી વખતે ત્યાં પાનની પિચકારીઓ જોવા મળે છે. થૂંકવાની મનાઈ છે એવા પોસ્ટર લગાવવા છતાં પણ લોકો એને અવગણે છે.

ટીવી, સોશ્યલ મીડિયામાં પણ સ્વચ્છતા વિશે ઝુંબેશ ચલાવવામાં આવે છે. પર્યાવરણે પણ ખતરાની ઘંટડી વગાડી છે. આમછતાં લોકોને એની કોઈ કાળજી નથી. ઠેર-ઠેર પ્લાસ્ટિકનો કચરો પણ દેશ-દુનિયા માટે આફત છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની સલાહ વારંવાર લોકોને આપવામાં આવે છે.

સરકાર એના પર કરોડો રૂપિયા ખર્ચી નાખે છે, પરંતુ આપણે એના પર ધ્યાન નથી આપતાં. રેકડી પરથી કેળા ખરીદીને ત્યાં ઊભા રહીને ખાઈને એની છાલને ત્યાં જ ફેંકી દઈએ છીએ. પાણી પીધા પછી પ્લાસ્ટિકની બોટલને પણ હવામાં ઉછાળીને ફેંકીએ છીએ. આપણા આવા બિનજવાબદારી ભર્યા વર્તનથી કેટલું નુકસાન થાય છે એની તો આપણે જરાપણ ચિંતા નથી કરતા.

સમયસર જો આપણે નહીં સુધરીએ તો આપણી આવી હરકત આવનારી પેઢીને શું બોધપાઠ આપશે? ■




# બીસીસીઆઇના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ઈશાન-શ્રેયસની વાપસી, ઋષભ પંતને મળ્યો ફાયદો

મુંબઇઃ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખેલાડીઓના વાર્ષિક કોન્ટ્રાક્ટની જાહેરાત કરી હતી. ચાર ખેલાડીઓને એ પ્લસ ગ્રેડમાં સ્થાન આપવામાં આવ્યું છે. છ ખેલાડીઓને એ-ગ્રેડમાં સ્થાન આપવામાં આવ્યું છે. પાંચ ખેલાડીઓ બી ગ્રેડમાં અને ૧૯ ખેલાડીઓ સી ગ્રેડમાં છે. નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, અભિષેક શર્મા અને વરુણ ચક્રવર્તીને પહેલી વાર બીસીસીઆઇના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મળ્યું છે. આ બધાને ગ્રેડ-સીમાં મૂકવામાં આવ્યા છે. વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતને ફાયદો થયો છે. તેમને ગ્રેડ-બી થી ગ્રેડ-એ માં બઢતી આપવામાં આવી છે. ઇશાન કિશન અને શ્રેયસ ઐય્યરની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં વાપસી થઇ છે. રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની એ પ્લસ કેટેગરીમાં જાળવી રાખવામાં આવ્યા છે. નોંધનીય છે કે બીસીસીઆઈ સાથેના મતભેદ બાદ ઈશાન અને શ્રેયસને ૨૦૨૩-૨૪ માટેના સેન્ટ્રલ



કોન્ટ્રાક્ટમાંથી બહાર કરવામાં આવ્યા હતા. આ કરાર ૧ ઓક્ટોબર ૨૦૨૪થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીનો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ અશ્વિનને આ યાદીમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં ફક્ત તે ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમણે એક વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ ટેસ્ટ, આઠ વન-ડે અથવા ૧૦ ટી-૨૦ મેચ રમી હોય. ■

## બીસીસીઆઇ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદી

**એ પ્લસ કેટેગરીઃ** રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા

**એ કેટેગરીઃ** મોહમ્મદ સિરાજ, કેએલ રાહુલ, શુભમન ગિલ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, ઋષભ પંત

**બી કેટેગરીઃ** સૂર્યકુમાર યાદવ, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐય્યર

**સી કેટેગરીઃ** રિંકુ સિંહ, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, નીતિશ કુમાર રેડ્ડી, ઈશાન કિશન, અભિષેક શર્મા, આકાશ દીપ, વરુણ ચક્રવર્તી, હર્ષિત રાણા. ■

# કોલકત્તાની વધુ એક શરમજનક હાર, ગુજરાતે ૩૯ રનથી મેળવ્યો વિજય

કોલકત્તાઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં કોલકાતા નાઈટ રાઇડર્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે રમાયેલી મેચમાં કોલકત્તાને ૩૯ રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે શુભમન ગિલના ૯૦ અને સાઈ સુદર્શનની અડધી સદીની મદદથી કોલકત્તાને જીતવા માટે ૧૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો.

૧૯૯ રનના લક્ષ્યાંકના જવાબમાં કોલકત્તાની શરૂઆત ખરાબ રહી હતી અને મોહમ્મદ સિરાજે પહેલી જ ઓવરમાં ગુરબાઝને આઉટ કર્યો હતો. વેંકટેશ ઐય્યર ફરી એકવાર ફ્લોપ રહ્યો. તેણે ૧૪ રન કર્યા હતા. રહાણેએ ૩૭ બોલમાં ૫૦ રન કર્યા હતા. કોલકાતાની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવ્યા બાદ માત્ર ૧૫૮ રન જ કરી શકી હતી.

અગાઉ ગુજરાત ટાઇટન્સે કેપ્ટન શુભમન ગિલ અને સાઇ સુદર્શનની અડધી સદીની મદદથી કોલકત્તાને જીતવા માટે ૧૯૯ રનનો લક્ષ્યાંક આપ્યો છે. કોલકત્તાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૮ રન કર્યા હતા. ગિલે ૫૫ બોલમાં ૯૦ રન ફટકાર્યા હતા. જ્યારે સુદર્શન ૩૬ બોલમાં ૫૨ રન કરીને આઉટ થયો હતો. ગિલ અને સુદર્શને પ્રથમ વિકેટ માટે ૧૧૪ રનની ભાગીદારી કરી હતી. ■

# હું ક્રિકેટ ન રમ્યો હોત તો સારું થાતઃ અઝહરુદ્દીન

## હૈદરાબાદના સ્ટેન્ડ પરથી નામ હટાવ્યું એટલે ભૂતપૂર્વ કેપ્ટન નારાજ થયો, હાઈ કોર્ટમાં જશે

હૈદરાબાદઃ એક તરફ આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ ખરાબ પર્ફોર્મન્સને કારણે દસમાંથી છેક નવમા સ્થાને હોવા બદલ ખૂબ ચર્ચામાં છે ત્યાં બીજી બાજુ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને હૈદરાબાદ ક્રિકેટ અસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ મોહમ્મદ અઝહરૂદ્દીનનો વિવાદ ચગ્યો છે. હૈદરાબાદના સ્ટેડિયમના એક સ્ટેન્ડ પરથી અઝરૂદ્દીનનું નામ કાઢી નાખવાનો ફેંસલો અપાયો એને કારણે તે ખૂબ નારાજ છે અને તેણે મીડિયામાં કહ્યું છે કે 'ક્યારેક મને વિચાર આવે છે કે આ દિવસ જોવા કરતા તો હું ક્રિકેટ રમ્યો જ ન હોત તો સારું થાત. હું એચસીએના ચુકાદાની વિરુદ્ધમાં તેલંગણા હાઈ કોર્ટમાં જઈશ.' એચસીએના આચારસંહિતાને લગતા ન્યાયમૂર્તિ વી. ઈશ્વરૈયાએ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમના નોર્થ સ્ટેન્ડમાંથી અઝહરુદ્દીનનું નામ દૂર કરવાનો નિર્ણય આપ્યો



એને પગલે આ મુદ્દો ચર્ચાસ્પદ થયો છે. ન્યાયમૂર્તિએ આ ફેંસલો એક પિટિશનને આધારે આપ્યો હતો. ૨૦૧૯માં (છ વર્ષ પહેલાં) આ અસોસિયેશનની મેમ્બર લોર્ડ્સ ક્રિકેટ ક્લબે પિટિશન નોંધાવી હતી જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અઝહરુદ્દીને ૨૦૧૯માં એચસીએના પ્રમુખ બન્યા પછી એક જ મહિનાની અંદર ગેરકાનૂની રીતે ઍપેક્સ કાઉન્સિલની મીટિંગમાં ભાગ લીધો હતો અને નોર્થ સ્ટેન્ડને પોતાનું નામ આપી દેવાનો ઠરાવ પસાર કરાવ્યો હતો. હકીકતમાં આવો ઠરાવ પસાર કરાવવા માટે જનરલ બોડીની મંજૂરી જરૂરી હોય છે. અઝહર ૨૦૧૯થી ૨૦૨૩ સુધી એચસીએનો પ્રેસિડેન્ટ હતો. ૨૦૦૦ની સાલમાં મેચ-ફિક્સિંગના આક્ષેપોને પગલે તેની ક્રિકેટ કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું હતું.

અઝહરે કહ્યું હતું કે તેને એચસીએના નિર્ણયથી ખૂબ આઘાત લાગ્યો છે. ■

# આગામી વર્ષ માટે ૧૧ ખેલાડીઓ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશુંઃ કેપ્ટન ધોની

મુંબઈઃ ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ કહ્યું કે તેમણે એ વાત પર ધ્યાન આપવાની જરૂર છે કે શું તેઓ યોગ્ય રીતે ક્રિકેટ રમી રહ્યા છે તથા તેમણે આગામી વર્ષે યોજાનારી આઈપીએલ માટે ૧૧ ખેલાડીઓની ટીમ તૈયાર કરવાની યોજનાને ધ્યાનમાં રાખતા પોતાના સાથી ખેલાડીઓને આત્મનિરીક્ષણ કરવા વિનંતી કરી છે.

ધોનીએ સંકેત આપ્યો હતો કે ખેલાડીઓ તેમની રણનીતિ પર અમલ કરી રહ્યા નથી. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે તે આગામી વર્ષ માટે કોર ગ્રૂપની ઓળખ કરવાની નજીક છે.

ધોનીએ રવિવારે અહીં આઇપીએલ મેચમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે નવ વિકેટથી હાર બાદ કહ્યું હતું કે, ''આપણે જે પણ મેચ બાકી છે તે જીતવી પડશે.'' અમે ફક્ત એક સમયે એક મેચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. જો આપણે આગળ જતાં થોડી મેચ હારી જઈએ તો આગામી વર્ષ માટે યોગ્ય કોમ્બિનેશન શોધવું અમારા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. તેમણે કહ્યું હતું કે, ''અમે ઘણા બધા ખેલાડીઓ બદલવાના પક્ષમાં નથી. અમારા માટે અત્યારે પ્લેઓફ માટે ક્વોલિફાય થવું મહત્ત્વપૂર્ણ છે પરંતુ જો તેમ ન થાય તો અમારું ધ્યાન આગામી વર્ષ માટે ૧૧ ખેલાડીઓને તૈયાર કરવા અને પછી મજબૂત વાપસી કરવા પર રહેશે.'' ■

# દિલ્હી કેપિટલ્સ સામે હિસાબ ચૂકતે કરવા ઊતરશે લખનઊ સુપરજાયન્ટ્સ, પંત પાસે મોટી ઈનિંગની આશા

લખનઊઃ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આજે લખનઊ સુપરજાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ટક્કર જોવા મળશે. આ મેચમાં લખનઊની ટીમ પોતાના વિજય રથને આગળ વધારવા માગશે. સાથે સાથે લખનઊ આઇપીએલની પહેલી મેચમાં દિલ્હી સામેની હારનો બદલો લેવાનો પણ પ્રયાસ કરશે. બીજી તરફ, પોઈન્ટ ટેબલ પર બીજા ક્રમે રહેલી દિલ્હી બીજી જીત સાથે પ્લેઓફ માટે પોતાનો દાવો મજબૂત કરવા માગશે. નોંધનીય છે કે ૨૪ માર્ચે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનઊ સુપરજાયન્ટ્સ પર એક વિકેટથી રોમાંચક જીત નોંધાવી હતી.

વિસ્ફોટક ફોર્મમાં ચાલી રહેલા નિકોલસ પૂરન પર લખનઉ સુપરજાયન્ટ્સના બેટિંગ ઓર્ડરનો સૌથી મોટો બોજ છે. તેનું પ્રદર્શન ટીમની જીતની ગેરન્ટી બની જાય છે, જ્યારે જો તે ન રમે તો ટીમની બેટિંગ ઓર્ડર વેરવિખેર થઇ જાય છે. છેલ્લી બે મેચની વાત કરીએ તો પૂરને ચેન્નઈ સામે આઠ રન કર્યા હતા. આ કારણે ટીમ ફક્ત ૧૬૬ રન જ કરી શકી હતી અને મેચ લખનઊના હાથમાંથી સરકી ગઈ હતી. આ પછી પૂરને રાજસ્થાન સામે ફક્ત ૧૧ રન કર્યા હતા અને અહીં પણ ટીમ ફક્ત ૧૮૦ રનના આંકડા સુધી પહોંચી શકી હતી. મેચમાં આવેશ ખાને ઇનિંગની છેલ્લી ઓવરમાં શાનદાર બોલિંગ કરીને લખનઊને રોમાંચક વિજય અપાવ્યો હતો. ટીમનો સ્પીડ સ્ટાર મયંક યાદવ પણ દિલ્હી સામે તેના હોમ ગ્રાઉન્ડમાં રમી શકે છે. તે રાજસ્થાનના પાંચ અવેજી ખેલાડીઓમાં સામેલ હતો પરંતુ ટીમ મેનેજમેન્ટે તેને અંતિમ ઈલેવનમાં સ્થાન આપ્યું ન હતું. આવી સ્થિતિમાં દિલ્હી કેપિટલ્સ સામે તેમનું રમવું નિશ્ચિત માનવામાં આવે છે. લખનઊ માટે કેપ્ટન પંતે પણ પોતાનું પ્રદર્શન સુધારવું પડશે, જે અત્યાર સુધી ચેન્નઈ સામે ૬૩ રનની એક પણ ઇનિંગ રમવા સિવાય અન્ય મેચોમાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે.

મેચ પહેલા લખનઊએ તેના ભૂતપૂર્વ કેપ્ટન કેએલ રાહુલથી સૌથી વધુ સાવધ રહેવું પડશે. શરૂઆતના ત્રણ સીઝનમાં લખનઊની કેપ્ટનશિપ કરી ચૂકેલા કેએલ રાહુલને ટીમની નબળાઈઓ અને શક્તિઓનું સારું જ્ઞાન છે, જે ટીમ મેનેજમેન્ટ માટે મુશ્કેલીનું કારણ બની શકે છે. આ ઉપરાંત રાહુલનું વિસ્ફોટક ફોર્મ પણ લખનઉ માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે. છ મેચમાં ૨૬૬ રન કરનાર રાહુલે ભૂતકાળમાં એકાના સ્ટેડિયમમાં ઘણી મોટી ઇનિંગ્સ રમી છે. આ ઉપરાંત ઇન-ફોર્મ કુલદીપ યાદવ અને મિશેલ સ્ટાર્ક પણ લખનઊના બેટ્સમેનોને પડકાર આપી શકે છે. આ મેચમાં લખનઊએ યુવા લેગ-સ્પિનર વિપ્રાજ નિગમથી સાવધ રહેવું પડશે, જે ઇકાના સ્ટેડિયમની પિચનો ફાયદો ઉઠાવી શકે છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મનસૂબો | INVENTION |
| શોધ | INSERTION |
| મધ્યસ્થી | INTENTION |
| નાખવું | INTERSECTION |
| છેદનબિંદુ | INTERVENE |

## ઓળખાણ પડી?

ચોખાનો લોટ, ગોળ, કેળા, નારિયેળને ઘીમાં સાંતળીને તૈયાર કરવામાં આવતી કેરળની સ્પેશિયાલિટી ગણાતી મીઠાઈની ઓળખાણ પડી?



અ) પાયસમ બ) નેયપ્પમ ક) પ્રધમાન ડ) પાથિરી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ૨ ચ | ૩ દે | સ | ૪ ર | | ૫ ફ | રિ | ૬ યા | ૭ દ |
| ૮ મ | દા | રી | | ૯ સિ | ૧૦ નિ | ક | | ૧૧ દ | ગા |
| ણ | | | | ૧૨ ક | રા | રો | | | બા |
| ૧૩ ગા | ૧૪ ર | મા | ૧૪-અ ટી | | ઘા | | ૧૫ વા | ૧૬ રિ | જ |
| ૧૭ રો | મ | | ક | | ૧૮ ર | ઘ | વા | ટ | |
| | ત | | ૧૯ ડી | લ | | | દ | | ૨૦ આ |
| ૨૧ સાં | | ૨૨ અ | | | ૨૩ ઓ | ૨૪ ગા | ળ | | નં |
| ૨૫ સા | ર | પ | | ૨૬ વ | ળ | ગ | | ૨૭ ર | દ |
| રિ | | ૨૮ લ | ૨૯ પ | | ૩૦ ખી | રો | ૩૧ દ | ક | |
| ૩૨ ક | ડુ | ક | રિ | યા | તું | | ૩૩ સ | મ | ય |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | ૬ |
| ૭ | | | | | | ૮ | | | |
| | | ૯ | | ૧૦ | ૧૧ | | ૧૨ | | |
| | | | | ૧૩ | | ૧૪ | | | |
| | ૧૫ | | | | | | | ૧૬ | |
| ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | | |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | | ૨૩ | | |
| ૨૪ | | ૨૫ | | | | ૨૬ | | | ૨૭ |
| | | ૨૮ | ૨૯ | | ૩૦ | | | | |
| | | ૩૧ | | | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. હરીફાઇ (૬)
૫. સુગંધ (૩)
૭. શિયાળામાં ગળે વીંટાળો (૪)
૮. --- પડવો એટલે ઝાકળ પડવું (૨)
૯. --- ની યાદમાં તાજમહેલ બંધાયો (૪)
૧૨. --- નાખવું એટલે ઉપયોગ કરી લેવો (૩)
૧૩. કોટ (કિલ્લા)ની રખેવાળ (૪)
૧૫. ફરે તેવું નાનું પૈડું (૪)
૧૬. --- ને વાંકે પખાલીને ડામ (૨)
૧૭. ઓપ, ચળકાટ, ઝાંખી (૩)
૧૮. સોંપવું તે, સુપરત (૪)
૨૦. --- દઇને એટલે જલદીથી (૨)
૨૧. સારાપણું (૩)
૨૩. જ્યારે (સં.) (૨)
૨૪. ઠરેલો કચરો, રદ્દી સરસામાન (૩)
૨૬. દેવોને સમુદ્રમાંથી મળ્યું (૪)
૨૮. ચારિત્ર્યવાન (૪)
૩૧. ભરપૂર, પુષ્કળ, ખૂબ (૪)
૩૨. --- કરવું એટલે પ્રવેશ આપવો (૩)

**ઊભી ચાવી**

૧. આશ્ચર્યકારક બનાવ, કરામત (૪)
૨. સંગતનું વાદ્ય (૨)
૩. નૂતન વર્ષાભિનંદન (૬)
૪. અંતિમ, છેવટનું (૩)
૫. પુરુષો ઝભ્ભા નીચે પહેરે (૪)
૬. ભિખારીના જેવું વર્તન (૫)
૧૦. તાકેલું નિશાન પાડનાર (૩)
૧૧. --- જાઓ ચંદનહાર લાવો ઘુંઘટ નહીં ખોલું રે (૨)
૧૪. મુખર, ખૂબ, બોલનાર (૩)
૧૫. ગળે વીંટવાનો પટો (૪)
૧૬. તેજસ્વી, બાહોશ (૪)
૧૭. ઝાટકવાનું મહેનતાણું (૫)
૧૮. પુરુષ માટેનું વિવેકયુક્ત સંબોધન (૨)
૧૯. ચોક્કસ કામ માટેની નિશ્ચિત વય (૫)
૨૨. જેનો કોઇ જવાબ (જોડ) નથી તે (૪)
૨૫. વૃદ્ધ સ્ત્રી (૩)
૨૭. ચંચળ, અસ્થિર, વોલેટાઇલ (૩)
૨૯. આદત, ટેવ (૨)
૩૦. પુરુષ, આદમી (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અનેક યાતનામાં પસાર થઈ પ્રગતિ કરી' પંક્તિમાં 'યાતના' શબ્દનો અર્થ જણાવો.

અ) યાત્રા બ) મહેનત ક) સફર ડ) પીડા

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CARTOGRAPHY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) કંદમૂળ બ) વાહન ક) નકશો ડ) શરીર

## માતૃભાષાની મહેક

મેઘજીભાઈ વરસ્યા તો વાડામાં, નહીં તો ખેતરમાં પણ નહીં કહેવતમાં મેઘરાજાની - વરસાદની અનિશ્ચિતતા વ્યક્ત થાય છે. પ્રકૃતિની કૃપા દ્રષ્ટિ થાય અને વરસાદ મહેર કરે તો ગામ અને શહેરમાં ઠેકઠેકાણે પડે અને ઘરના વાડાને સુધ્ધાં એનો લાભ મળે. પણ જો પ્રકૃતિ રૂઠે તો વાડો તો લાભ ન જ પામે, જ્યાં સૌથી વધુ જરૂર હોય એ ખેતર પણ મેઘરાજાની મહેરબાનીથી વંચિત રહી જાય.

## ઈર્શાદ

મુજ પર સિતમ કરી ગયા મારી ગઝલના શેર,
વાંચીને રહે છે એ બીજાના ખયાલમાં.

-- મરીઝ

## માઈન્ડ ગેમ

આપણા દેશમાં સૌથી પહેલી વાર ટ્રેન એ સમયે બોરીબંદર તરીકે ઓળખાતા સ્ટેશનથી થાણા સુધી કયા વર્ષમાં દોડી હતી એની ખબર છે?

અ) ૧૮૫૭ બ) ૧૯૦૦
ક) ૧૮૫૩ ડ) ૧૮૭૫

## સુડોકુ-૮૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૪ | ૯ | | | | |
| ૧ | ૬ | | | | | | | |
| | | ૮ | | | | | ૯ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૫ | | | | | |
| | | ૭ | ૯ | | ૧ | ૬ | | |
| | | | | | ૮ | ૧ | ૩ | ૫ |
| ૮ | ૯ | | | | | ૩ | | |
| | | | | | | | ૫ | ૮ |
| | | | | ૧ | ૨ | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૨ | ૧ | ૯ |
| ૪ | ૧ | ૯ | ૫ | ૨ | ૮ | ૩ | ૭ | ૬ |
| ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ |
| ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૪ | ૧ | ૮ | ૨ |
| ૬ | ૪ | ૧ | ૨ | ૮ | ૫ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૨ | ૭ | ૯ | ૧ | ૩ | ૬ | ૪ | ૫ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૨ | ૯ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૬ | ૫ | ૨ | ૩ |

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| લૂલું | LAME |
| ઘેટું | LAMB |
| દીવો | LAMP |
| ચાટવું | LICK |
| ગળતર | LEAK |

માઈન્ડ ગેમ: ૧૯૧૧

ઓળખાણ પડી?: પીન્ની

ગુજરાત મોરી મોરી રે: સિક્કા

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: તેજસ્વી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ગીતા ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) હર્ષા મહેતા (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) લજિતા ખોના (૧૭) પુષ્પા પટેલ (૧૮) નિખિલ બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ દોશી (૨૨) કિશોર બી. સંઘરાજકા (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન શાહ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) ભાવના કર્વે (૨૯) નિતિન બજરિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અલકા વાણી (૩૨) અરવિંદ કામદાર (૩૩) જગદીશ ઠક્કર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી

# શૅરબજારમાં સતત પાંચમા સત્રમાં સ્પ્રિંગ જેવા ઉછાળા પાછળ પાંચ મહત્ત્વનાં કારણો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતના બેન્ચમાર્ક શેરઆંકોએ સપ્તાહના પહેલા દિવસે સતત પાંચમા સત્રમાં આગેકૂચ જારી રાખીને, છઠ્ઠી જાન્યુઆરી પછીના તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યા હતા. અમેરિકન ડોલરના મૂલ્ય ધોવાણ અને હેવીવેઇટ લેન્ડર આઇસીસીઆઇસીઆઇ બેંક અને એચડીએફસી બેંકના મજબૂત પરિણામોએ સેન્ટિમેન્ટમાં તેજી પ્રેરી હતી. ઉપરોક્ત બંને બેન્કના શેર વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી બેંકિંગ શેરોની આગેવાની સાથે બેન્ચમાર્કે ઝડપી ઉર્ધ્વગતિ બતાવી હતી.

શેરબજારમાં સપ્તાહના પહેલા જ દિવસે બેન્ક શેરોમાં આગ ઝરતી તેજી સાથે એક તબક્કે બીએસઈનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૦૫૦ પોઈન્ટ ઉછળીને ૭૯,૬૦૭ પોઇન્ટના સ્તરે, જ્યારે નિફ્ટી ૩૩૦ પોઈન્ટથી મોટા ઉછાળા સાથે ૨૪,૨૦૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. આ તેજીના પાંચ મહત્ત્વના કારણો ટોચની બેન્કના જોરદાર નાણાકીય પરિણામ, ડોલરની નબળાઇ, ક્રૂડના ભાવમાં ઘટાડો, વિદેશી ફંડોની એકધારી લેવાલી અને ટ્રમ્પ દ્વારા ટેરિફમાં જાહેર કરવામાં આવેલી કામચલાઉ મોકૂફીની અસરનો સમાવેશ છે.

એકંદરે મજબૂત નાણાકીય પરિણામ સાથે બેંકિંગ અને આઇટી શેરોની આગેવાનીમાં સતત પાંચમા દિવસે લેવાલીનો ટેકો મળ્યો હોવાથી સોમવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૮૫૫.૩૦ પોઈન્ટ અથવા ૧.૦૯ ટકા ઉછળીને ૭૯,૦૦૦ના સ્તરથી ઉપર ૭૯,૪૦૮.૫૦ની સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૦૮૧.૮૫ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઉછળીને ૭૯,૬૩૫.૦૫ની સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૨૭૩.૯૦ પોઈન્ટ અથવા ૧.૧૫ ટકા વધીને ૨૪,૧૨૫.૫૫ના સ્તર પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી ટેક મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેંક, પાવર ગ્રીડ, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચસીએલ ટેક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, કોટક મહિન્દ્રા બેંક, ઇન્ફોસિસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેર સૌથી વધુ વધ્યા હતા. જ્યારે અદાણી પોર્ટસ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી, એશિયન પેઇન્ટ્સ અને નેસ્લેના શેરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો.

એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકમાં જોરદાર ઉછાળો આવવાથી નિફ્ટી બેંક ઇન્ડેક્સ ૫૫,૦૦૦ પોઇન્ટની રેકોર્ડ હાઈ સપાટી વટાવી ગયો હતો. ટેરિફ ધ્રુજારીના ઉઝરડાથી હજુ પણ ઝઝૂમી રહેલા બજારમાં, બેંકિંગ પેકએ અદભૂત ઉછાળા સાથે ઇંધણ પૂર્યું છે. સોમવારે, નિફ્ટી બેંક ઇન્ડેક્સ તેના પાછલા રેકોર્ડને તોડીને પ્રથમ વખત ૫૫,૦૦૦ની સપાટી વટાવી ગયો હતો, ખાનગી ક્ષેત્રની દિગ્ગજ એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકના મજબૂત ચોથા ત્રિમાસિક પરિણામોને કારણે બજારનું માનસ તેજીમય બન્યું છે.

નાણાકીય પરિણામની જાહેરાત પછી આઈસીઆઈસીઆઈ બેંકનો શેર બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોચ્યો છે, જ્યારે એચડીએફસી બેંક્ના શેરમાં એકાદ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એચડીએફસી બેન્કે સાત ટકાના વધારા સાથે રૂ. ૧૮,૮૩૫ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે ૧૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨,૬૩૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઇન્ફોસિસનો નફો ૧૨ ટકા ઘટવા છતાં ઇન્ફોસિસના શેરમાં ત્રણ ટકા સુધીનો ઉછાલો જોવા મળ્યો હતો. એ જ રીતે ચોખ્ખો નપો ૧૨ ટકા ઘટવા છતાં યુરોપની કંપની સાથે ૫૦ મિલિયન યુરોની ડીલની ચર્ચાએ ટાટા એલેક્સીમાં ૮.૫૦ ટકા સુધીનો ઉછાળો હતો. સારા પરિણામે યસ બેંકના શેરમાં પાંચ ટકા ઉછાળો હતો. જ્યારે સારા પરિણામે જસ્ટ ડાયલના શેર નવ ટકા સુધી ઊછળ્યા હતા. રિલાયન્સનો શેર પણ બે ટકા ઊછળ્યો હોવાથી બેન્ચમાર્કને વધુ ટેકો મળ્યો હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા, જ્યારે ટોકિયોનો નિક્કી ૨૨૫ નીચા સ્તરે બંધ થયો હતો. હોંગકોંગમાં બજારો બંધ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા. યુએસમાં ઇક્વિટી બજારો ગુડ ફ્રાઇડે માટે બંધ રહ્યા હતા. એક્સચેન્જના ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૪,૬૬૭.૯૪ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨.૭૧ ટકા ઘટીને યુએસડી ૬૬.૨૫ પ્રતિ બેરલ થયો હતો. ગુરુવારે બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૫૦૮.૯૧ પોઈન્ટ અથવા ૧.૯૬ ટકા વધીને ૭૮,૫૫૩.૨૦ પર બંધ થયો હતો. નિફ્ટી ૪૧૪.૪૫ પોઈન્ટ અથવા ૧.૭૭ ટકા વધીને ૨૩,૮૫૧.૬૫ પર બંધ થયો હતો.

નોંધવું રહ્યું કે ટ્રેડ વોરનું ગ્રહણ હજુ ટળ્યું નથી. અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટેરિફ યુદ્ધે એક નવો વળાંક લીધો છે. ચીને કડક ચેતવણી આપી છે કે જો કોઈ દેશ અમેરિકા સાથે એવો વેપાર કરાર કરશે જે ચીનના હિતોની વિરુદ્ધ હોય, તો તે તેને ક્યારેય સ્વીકારશે નહીં અને કડક બદલો લેશે. ચીન તરફથી આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે એવા અહેવાલો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર ઘણા દેશો પર દબાણ કરી રહ્યું છે કે જો તેઓ અમેરિકા પાસેથી ટેરિફ મુક્તિ ઇચ્છે છે, તો તેમણે ચીન સાથે વેપાર મર્યાદિત કરવો પડશે.

જોકે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કહે છે કે અમેરિકા અને ચીન વચ્ચે વાતચીત ચાલી રહી છે. હા, અમે ચીન સાથે વાત કરી રહ્યા છીએ. મને લાગે છે કે અમે ચીન સાથે ખૂબ જ સારો સોદો કરવા જઈ રહ્યા છીએ. પરંતુ ચીન તરફથી હજુ સુધી આ વાતચીતની કોઈ પુષ્ટિ થઈ નથી. તેનાથી વિપરીત, બેઇજિંગે અમેરિકાની નીતિઓને 'એકપક્ષીય અને સંરક્ષણવાદી' ગણાવી છે અને ચેતવણી આપી છે કે તે વિશ્વને 'જંગલના કાયદા' તરફ ધકેલી દેશે.

દરમિયાન, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા અનુસાર, બે દિવસની રજાઓના કારણે ટ્રેડિંગ સપ્તાહ માત્ર ત્રણ દિવસનું હોવા છતાં, વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારોમાં લગભગ ૮,૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું જાણવા મળે છે.

જોકે, આ મજબૂત પ્રવાહ છતાં, એપ્રિલમાં એકંદર એફપીઆઇ પ્રવૃત્તિ નકારાત્મક ક્ષેત્રમાં રહે છે. એપ્રિલમાં અત્યાર સુધીમાં, એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૩,૧૦૩ કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. ૨૦૨૫ માટેનું વ્યાપક ચિત્ર પણ નકારાત્મક વલણ દર્શાવે છે, આ વર્ષે ઇક્વિટી બજારમાંથી કુલ ૧,૩૯,૬૭૭ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો થયો છે.

# ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયે પહોંચતા રૂપિયો પચીસ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ ઘટીને ત્રણ વર્ષનાં તળિયે પહોંચીને ૯૯ની સપાટીની અંદર ઉતરી ગયો હોવાના નિર્દેશ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત પાંચમાં સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં રૂપિયો ૨૫ પૈસા ઊંચકાઈને ૮૫.૧૩ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો અને ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૬૬૭.૯૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયાની તેજીને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૮૫.૩૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૯ અને ઉપરમાં ૮૫.૦૩ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૨૫ પૈસાના સુધારા સાથે ૮૫.૧૩ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે બજાર ગુડ ફ્રાઈડે નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહી હતી. તેમ જ ગત નવમી એપ્રિલથી અત્યાર સુધીમાં છેલ્લાં પાંચ સત્રમાં ડૉલર સામે ૧૫૫ પૈસાનો ઉછાળો આવી ગયો છે. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, ટ્રેડ વૉરની હળવી થતી ચિંતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જેવા કારણોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં રૂપિયો ૮૪.૮૦થી ૮૫.૩૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ

Sr.DEE/TRS/BL ઈલેક્ટ્રિક લોકો શેડ, વલસાડ ૩૯૬૦૦૧ (ગુજરાત), ઈ-ટેન્ડર નોટીસ નં.: EL/TRS/BL/૨૩-૨૪/WO/૧૦R3, તા. ૧૫.૦૪.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: ૨ વર્ષની મુદત માટે AMC દરમિયાન સ્પેર્સની બદલીકરણ સહિત ઈલેક્ટ્રિક લોકો કેબ રૂફ માઉન્ટેડ એર કન્ડિશનર્સની વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. કામની અંદા. કિંમતઃ ₹ ૩૪,૬૦,૧૩૯.૨૩. બારડીઃ ₹ ૬૯,૨૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૭-૦૫-૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ખોલવા માટેની તારીખ અને સમયઃ ૦૭.૦૫.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0070

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૨૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં મુખ્તત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૪૦૦૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૬૨માં થયા હતા.

## ડૉલર ત્રણ વર્ષના તળિયે અને ટ્રેડ વૉરની ચિંતામાં વૈશ્વિક સોનું ૩૪૦૦ ડૉલરની પાર

# સ્થાનિક સોનામાં ₹ ૧૭૬૦નો ઝડપી ઉછાળો, ચાંદી ₹ ૧૦૯૧ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરને કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ વૈશ્વિક સોનામાં સલામતી માટેની પ્રબળ માગ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયે પહોંચતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૨.૨ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની પાર અને વાયદામાં ૨.૬ ટકા વધીને તથા ચાંદીના ભાવ ૧.૨ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૫૨થી ૧૭૬૦ ઉછળીને ફરી રૂ. ૯૬,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૯૧નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૫૨ની તેજી સાથે રૂ. ૯૬,૨૮૨ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૬૦ વધીને રૂ. ૯૬,૬૭૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૫ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તેમ છતાં આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૯૧ના સુધારા સાથે રૂ. ૯૬,૨૪૨ના મથાળે રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયે બેસી જવાથી રોકાણકારોનું સોનામાં આકર્ષણ વધવાની સાથે પ્રવર્તમાન ટ્રેડ વૉરની ચિંતા અને ટ્રેડ વૉરને કારણે વૈશ્વિક પુરવઠા ચેઈન ખોરવાતા આર્થિક વૃદ્ધિની ચિંતાને ધ્યાનમાં લેતા સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૨ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૪૦૧.૪૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, તે પૂર્વે ભાવ વધીને ૩૪૦૩.૯૦ ડૉલર સુધી પણ પહોંચ્યા હતા. તેમ જ આજે વાયદામાં ભાવ ૨.૬ ટકા વધીને ૩૪૧૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈથી રોકાણકારો ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોનું સોનામાં આકર્ષણ વધવાની સાથે અમેરિકા અને ચીન વચ્ચેના ટ્રેડ વૉરને કારણે અમેરિકામાં સ્ટેગફ્લેશનની ચિંતામાં સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ ચીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અગાઉ ગત બીજી એપ્રિલના રોજ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન સહિતનાં ઘણાં દેશો સામે રેસિપ્રોકલ ટૅરિફની જાહેરાત કરી હતી, પરંતુ ત્યાર બાદ અમેરિકી વહીવટીતંત્રએ ચીનને બાકાત રાખીને અન્ય દેશો પર લાદેલી ટૅરિફ ૯૦ દિવસ સુધી મોકૂફ રાખી હતી અને અમેરિકા સાથે વેપર કરાર કરવા માટેનો સમયગાળો આપ્યો હતો.

જોકે, આજે ચીને એવી ચીમકી આપી હતી કે અમેરિકા સાથે વેપાર કરાર કરનાર દેશોને આર્થિક નુકસાન સહન કરવું પડશે. વધુમાં ટ્રમ્પ દ્વારા અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ પર રેટ કટ માટે દબાણ થઈ રહ્યું છે, પરંતુ પૉવૅલ મચક આપતા ન હોવાથી તેમને પદભ્રષ્ટ કરવા માટેની શક્યતાઓ તપાસી રહ્યા છે.

આમ એક તરફ આર્થિક ચિંતાઓ અને બીજી તરફ રશિયા-યુક્રેન વચ્ચેની રાજકીય-ભૌગોલિક ચિંતાઓ સોનાની તેજીને ઈંધણ પૂરું પાડી રહ્યા હોવાનું રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળામાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલર સુધી પણ પહોંચી શકે છે.


MUMBAI SLUM IMPROVEMENT BOARD
A REGIONAL UNIT OF
(MAHARASHTRA HOUSING AND AREA DEVELOPMENT AUTHORITY)
म्हाडा MHADA
Tel no. 022-66405250, E-mail -eee.east1@gmail.com

Ref no. EE/East/MSIB / etender / 16 / 2025-26

e-TENDER NOTICE No. 16

Executive Engineer (East) Division, Mumbai Slum Improvement Board, (Unit of MHADA) Room No. 536, 4th floor, Griha Nirman Bhavan, Bandra (East), Mumbai 400 051 Phone Number (022) 66405251 is inviting Open / Regular e-Tender for the **09** number of works in the form of B1 (Percentage Rate) from the Registered Contractors in the corresponding appropriate class of contractor or any Govt. / Semi Govt. organization, via online e-tendering system. The detailed tender notice and Tender Documents shall be available & can be downloaded from Government of Maharashtra portal https://mahatenders.gov.in, Bidding documents can be loaded on the website. The tender Document sale start on dated 25/04/2025, 10.30 am to Document sale end date 03/05/2025, 6.15 pm. Corrigendum / Amendments if any could be published only on the https://mahatenders.gov.in website. The Competent Authority reserves the right to reject any or all the tenders without assigning any reason there of Conditional offers will not be accepted.

Sd/-
Executive Engineer (East),
M. S I B Board, Mumbai

CPRO/A/323
MHADA-Leading Housing Authority in the Nation
Follow us: mhadaofficial



मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळ
(म्हाडाचा घटक)
म्हाडा MHADA

जाहिर निवेदन

सर्वसामान्य जनतेच्या तक्रारी/ अडचणी यांची न्याय्य व तत्परतेने शासकीय यंत्रणेकडुन सोडवणूक करण्यासाठी एक प्रभावी उपाययोजना म्हणून "लोकशाही दिन" शासन/प्राधिकरण स्तरावर राबविण्यात येत असतो. त्याच धर्तीवर मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळाच्या अखत्यारीतील मुंबई उपनगरातील नागरिकांचे प्रश्न तत्परतेने सोडविण्याकरिता मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळ स्तरावर "जनता दरबार" राबविण्याचे योजिले आहे.

त्यास अनुसरुन मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळ स्तरावर जनता दरबार पुढीलप्रमाणे राबविण्यात येणार आहे.

**जनता दरबार:** दिनांक २३ एप्रिल २०२५.

**जनता दरबार कार्यक्रम अध्यक्ष** – "जनता दरबार" कार्यक्रमाचे अध्यक्ष मुख्य अधिकारी, मुं. गृ. व क्षे. वि. मंडळ असतील.

**कार्यक्रमाचे स्थळ व वेळ** – गुलझारीलाल नंदा सभागृह, ३रा मजला, गृहनिर्माण भवन, म्हाडा, वांद्रे (पू.), मुंबई-४०००५१ येथे दुपारी १२:०० ते ०२:०० या वेळे दरमियान आयोजित करण्यात येईल.

मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळाच्या अखत्यारीतील ११४ अभिन्यासात सुमारे २.५० लाख सदनिका आहेत. तसेच मंडळातर्फे मोठया प्रमाणात पुनर्वसन प्रकल्प राबविले जात आहेत. करिता मुंबई शहरातील अधिकाअधिक नागरिकांनी मंडळातर्फे उपलब्ध करवून देण्यात आलेल्या संधिचा लाभ घेत या उपक्रमात सहभागी होऊन आपल्या तक्रारी संबंधित लेखी निवेदनाच्या स्वरूपात २२ एप्रिल २०२५ पर्यंत म्हाडाच्या वांद्रे स्थित मुख्यालयातील तिसऱ्या मजल्यावरील कक्ष क्रमांक ४०८, सहमुख्य अधिकारी, मुंबई मंडळ यांच्या कार्यालयात सादर कराव्यात.

CPRO/A/324
Follow us: @mhadaofficial
Follow us: mhadaofficial

स्वाक्षरित/-
(मिलिंद बोरीकर, भा. प्र. से.)
मुख्य अधिकारी,
मुंबई गृहनिर्माण व क्षेत्रविकास मंडळ

म्हाडा – गृहनिर्माण क्षेत्रातील देशातील अग्रगण्य संस्था



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(SWM વિભાગ, R/સેન્ટ્રલ વોર્ડ)
નં. AE/RC/૫૦૫/SWM તા. ૧૭.૦૪.૨૦૨૫

હિતની અભિવ્યક્તિ જાહેરાત

વિષયઃ R/સેન્ટ્રલ વોર્ડના SWM વિભાગમાં "રસ્તે સ્વચ્છતા યોજના" સ્કીમ હેઠળ સંસ્થાની નિમણૂક.

R/સેન્ટ્રલ વોર્ડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ રસ ધરાવતા સ્થાનિક શ્રમ સહકારી સંસ્થાઓ, સેવા સહકારી સંસ્થાઓ, બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ, બીન-સરકારી સંસ્થાઓ પાસેથી "રસ્તે સ્વચ્છતા યોજના" માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવવામાં આવી રહી છે જેઓ R/સેન્ટ્રલ વોર્ડના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા છે. સંસ્થાઓ દ્વારા સ્વયંસેવકોની જોગવાઈ માટે, લોટરી દ્વારા કામ ફાળવવા માટે પાત્રતા યાદી તૈયાર કરવા માટે અરજીઓ મંગાવે છે.

રસ ધરાવતા અરજદારોએ કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડમાં ૧૭.૦૪.૨૦૨૫થી ૨૮.૦૪.૨૦૨૫ દરમિયાન સ. ૧૦.૦૦ ક.થી બ. ૦૩.૦૦ ક. સુધીમાં રૂ. ૩૬૩૦ + ૧૮% GST ચૂકવ્યા પછી આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સેન્ટ્રલ વોર્ડની ઓફિસમાંથી અરજી ફોર્મ એકત્રિત કરવાનું રહેશે. પાત્રતા યાદીમાંથી લાયક સંસ્થાઓ/કંપનીઓને EOIના નિયમો અને શરતો અનુસાર આસિસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતા સંસ્થાઓ વધુ વિગતો માટે R/સેન્ટ્રલ વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે, અરજી ફોર્મ અને સોગંદનામાનો નમૂનો અથવા http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબપેજની મુલાકાત લઈ શકે છે. R/સેન્ટ્રલ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખઃ ૨૮.૦૪.૨૦૨૫ બ. ૦૩.૦૦ ક. સુધી છે.

ઉલ્લેખેલ પાકતી તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલી કોઈપણ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
PRO/169/ADV./2025-26 આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સેન્ટ્રલ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## સિટી ન્યૂઝ

# હું તો ગૌમૂત્રનું સેવન કરું છુંઃ નિતેશ રાણે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મત્સ્યોદ્યોગ અને બંદરોના કેબિનેટ પ્રધાન નિતેશ રાણેએ એક ઇન્ટરવ્યૂ આપ્યો હતો. ઈન્ટરવ્યૂમાં સવાલ પૂછવામાં આવ્યો કે 'અત્યારે ઉનાળો છે. તમે રૂહ અફઝા પીઓ છો કે રોઝ શરબત પીઓ છો? આ સવાલના જવાબમાં નિતેશ રાણેએ કહ્યું છે કે હું ગૌમૂત્ર ખૂબ પીઉં છું. એનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે સારું છે.'

નીતેશ રાણેએ વધુમાં જણાવ્યું કે 'મને ગુલાબ અને રૂહ અફઝા કોણ આપે છે તેના પર ઘણું નિર્ભર છે. હું રૂહ અફઝા વગેરે પીતો નથી. રૂહ અફઝા આપનાર વ્યક્તિ કોણ છે એ મહત્ત્વનું છે. કોઈ પણ વ્યક્તિ રૂહ અફઝા મને સારી ભાવનાથી નહીં આપે. તમે જ કહો કે કે નીતેશ રાણેને રૂહ અફઝા કોણ આપશે? જોકે, સ્વાદમાં એ ખૂબ ગળ્યું હોવાથી મને પસંદ નથી.'આ પૂર્વે રૂહ અફઝા પર રામદેવનું વક્તવ્ય ચર્ચાસ્પદ રહ્યું હતું. રામદેવ બાબાએ કહ્યું હતું કે 'જો તમે શરબત પીશો તો મસ્જિદ અને મદરેસા બનાવશો.' પતંજલિની ચાસણી પીશો તો વાઇસ ચાન્સેલર બનશો. ઇસ્લામમાં 'શરબત જેહાદ' છે. જેવી રીતે વોટ જેહાદ અને લવ જેહાદ ચાલી રહ્યા છે તેવી જ રીતે શરબત જેહાદ પણ ચાલી રહ્યું છે. જોકે આ વક્તવ્યનો તીવ્ર વિરોધ થયા પછી તેમણે વાત વાળી લીધી હતી. રામદેવ બાબા બિઝનેસના ફેલાવા માટે આવા નિવેદન આપે છે એવો આરોપ કોંગ્રેસના નેતાઓએ કર્યો હતો.

# પવાર કાકા-ભત્રીજો મહિનામાં ચોથી વાર એક જ મંચ પર

## અધૂરામાં અજિતદાદા બોલ્યા કે પરિવારમાં એકતા સારી વાત છે

પુણેઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવાર અને તેમના અલગ થઈ ગયેલા ભત્રીજા એક મહિનામાં ચોથી વખત એકસાથે જોવા મળ્યા હતા અને પુણેમાં થયેલી આ બેઠકમાં કૃષિ ક્ષેત્રમાં એઆઈના ઉપયોગને લઈને ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે.

રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે શરદ પવાર અને અજિત પવાર બંને પુણેમાં એકસાથે હતા અને તે પણ એક મહિનામાં ચોથી વખત. જુલાઈ ૨૦૨૩માં એનસીપીમાં વિભાજન અને ૨૦૨૪ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન કડવા શાબ્દિક યુદ્ધ પછી કાકા-ભત્રીજા નજીક આવી રહ્યા હોવાના સંકેતો મળી રહ્યા છે.

જોકે, આમાંથી ત્રણ બેઠકો પારિવારિક કાર્યક્રમો હતા જેમાં અજિત પવારના પુત્ર જય પવારની સગાઈ સમારોહનો સમાવેશ થાય છે. અજિત પવાર, જે હવે મહાયુતિ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન છે અને એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર, જે ચાર વખત ભૂતપૂર્વ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે, તેમણે પુણેના સાકર સંકુલ ખાતે એક સમારોહમાં હાજરી આપી હતી, જેમાં વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સોમવારની બેઠક મહારાષ્ટ્રમાં સહકારી સાકર ફેક્ટરીઓના શેરડી ઉત્પાદક સભ્યોની સંસ્થા ખાતે કૃષિ અને ખાંડ ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના ઉપયોગ અંગે ચર્ચા કરવા માટે હતી.

બેઠકમાં કૃષિ ઉત્પાદકતા વધારવા, જમીનની ફળદ્રુપતા સુધારવા અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવા માટે એઆઈનો ઉપયોગ કરવા જેવા વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

અમે ચર્ચા કરી હતી કે એઆઈ કેવી રીતે કૃષિ ઉત્પાદન વધારવા, માટીની ઉત્પાદકતાને સુધારવા અને રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરી શકે છે. માઇક્રોસોફ્ટ જેવી કંપનીઓ આ ક્ષેત્રમાં પહેલને સમર્થન આપી રહી છે. કૃષિ વિભાગે તેના કેટલાક ચાલુ પ્રયાસો અને સાકરના ઉત્પાદન સુધારવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓ વિશે પણ ચર્ચા કરી હતી, એમ અજિત પવારે જણાવ્યું હતું. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ફરી સાથે આવી શકે છે એવી અટકળો પર જ્યારે તેમને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે પરિવારમાં એકતા હોવી સારી બાબત છે, અન્ય લોકોના પરિવાર અંગે મારે બોલવું યોગ્ય નથી. પરિવારની બાબતોમાં આપણે પડવું ન જોઈએ.

# ઉદ્ધવ ઠાકરે 'આધુનિક દુર્યોધન' જેમણે રાજ ઠાકરેને શિવસેના છોડવા મજબૂર કર્યાઃ શિવસેના

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ શિવસેનાએ સોમવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને 'આધુનિક દુર્યોધન' ગણાવ્યા હતા અને એવો આરોપ લગાવ્યો હતો કે તેમણે તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેને બાળ ઠાકરે દ્વારા સ્થાપિત અવિભાજિત પક્ષમાં ક્યારેય ઉભરવા દીધા નહોતા. એક પત્રકાર પરિષદને સંબોધતા, શિવસેનાના પ્રવક્તા અને થાણેના સાંસદ નરેશ મ્હસ્કેએ દાવો કર્યો કે ઉદ્ધવ દ્વારા મનસેના વડા રાજ ઠાકરે સાથે હાથ મિલાવવાની તાજેતરની વાતો સેના (યુબીટી)ના ઘટતા મતદાર આધારને ધ્યાનમાં રાખીને સુસંગત રહેવાની તેમની નિરાશા દર્શાવે છે. આ કડક ટીકા ત્યારે થઈ જ્યારે અલગ થયેલા પિતરાઈ ભાઈ ઉદ્ધવ અને રાજ ઠાકરેએ નિવેદનો સાથે સંભવિત સમાધાન અંગે અટકળો ફેલાવી રહ્યા છે. જેમાં એવો સંકેત આપવામાં આવ્યો હતો કે બંને વચ્ચેના કડવાશપૂર્ણ સંબંધોના લગભગ બે દાયકા પછી તેઓ 'તુચ્છ મુદ્દાઓ'ને અવગણી શકે છે અને હાથ મિલાવી શકે છે.

# અણછાજતી માગણી કરનારા પાવરલૂમના માલિકની હત્યા કરનારો યુપીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શારીરિક સંબંધ રાખવા માટે દબાણ કરનારા પાવરલૂમના માલિકને ભિવંડીના જંગલ પરિસરમાં લઈ ગયા પછી તેની કથિત હત્યા કરવાના કેસમાં પોલીસે આરોપીને ઉત્તર પ્રદેશથી પકડી પાડ્યો હતો. થાણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-બેના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ કાજુકુમાર રજેન્દર રામ (૨૧) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને ભોઈવાડા પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે મૃતક ફરહત ઈખલાક અહમદ શેખ આરોપી રામ પર શારીરિક સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. વારંવાર અણછાજતી માગણી કરી શેખ ગાળાગાળ કરતો હતો. આરોપી રામને આવા કોઈ સંબંધની ઇચ્છા નહોતી. શેખની વારંવારની માગણીથી કંટાળીને તેની હત્યા કરી હોવાનો દાવો આરોપીએ કર્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૧૨ એપ્રિલની સવારે બની હતી. બાઈક પર ઘરેથી નીકળેલો શેખ પાછો ફર્યો નહોતો. તેની કોઈ ભાળ ન મળતાં પત્નીએ શાંતિનગર પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. શેખની બાઈકમાં જીપીએસ સિસ્ટમ લાગેલી હતી. તેને આધારે પોલીસે તેની બાઈક શોધી કાઢી હતી. ભિવંડીના કારીવલી ગામની સ્મશાનભૂમિ પાસેથી બાઈક મળી હતી, પરંતુ શેખની કોઈ માહિતી હાથ લાગી નહોતી. બીજે દિવસથી શેખની પુત્રીના મોબાઈલ ફોન પર શેખના મોબાઈલથી મેસેજ આવવા માંડ્યા હતા. ત્રણ લાખ રૂપિયાની માગણી કરી મેસેજમાં ધમકી આપવામાં આવતી હતી. પોલીસે શેખના મોબાઈલને ટ્રેસ કરતાં પુણેનું લૉકેશન દર્શાવાયું હતું, પરંતુ પુણેમાં પોલીસને શેખ હાથ લાગ્યો નહોતો. આખરે ૧૫ એપ્રિલે સીસીટીવી ફૂટેજને આધારે તેનો મૃતદેહ કારીવલી ગામના જંગલ પરિસરમાંથી શેખનો મૃતદેહ મળ્યો હતો. શેખ સાથે બાઈક પર એક યુવાન હતો. બન્ને જણ જંગલ પરિસર તરફ ગયા હોવાનું ફૂટેજમાં દેખાયું હતું. ફૂટેજને આધારે આરોપીની ઓળખ થઈ હતી.

# ચૂંટણીમાં પછડાટોની રાહુલના મગજ પર અસરઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ચૂંટણી પંચ પરની ટિપ્પણી બાબતે અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે વારંવાર ચૂંટણીમાં મળી રહેલા પરાજયને કારણે રાહુલ ગાંધીના મગજ પર અસર થઈ ગઈ છે.

અમેરિકાની મુલાકાતે રહેલા રાહુલ ગાંધીએ ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિના મહારાષ્ટ્રમાં

(જુઓ પાનું ૪)

# વિલે પાર્લેના દેરાસરને અધિકૃત કરવા કાનૂની પાસાંનો અભ્યાસ કરાશેઃ પાલિકા

## ડિમોલીશન વખતે મૂર્તિની વિડંબના સહિતના મુદ્દે આજે લઘુમતી પંચમાં સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને તોડી પાડવા દરમ્યાન મહિલા શ્રાવકો સાથે ધક્કામુક્કી કરીને થયેલા ગેરવ્યહાર તથા ભગવાનની મૂર્તિની વિડંબના અને ધાર્મિક ગ્રંથોના કરાયેલા અપમાનને લઈને આજે લઘુમતી પંચમાં સુનાવણી થવાની છે. તો પાલિકા પ્રશાસને દેરાસરને અધિકૃત કરવાને મુદ્દે કાયદાકીય બાબતનો અભ્યાસ કરીને આગળનાં પગલાં લેવાનું આશ્વાસન આપ્યું હતું.

પાલિકા દ્વારા બુધવાર, ૧૬ એપ્રિલના વહેલી સવારે જૈન દેરાસરને તોડી પાડ્યા બાદ ચોતરફથી થયેલા વિરોધ બાદ પાલિકા પ્રશાસનને ઝૂકવું પડયું હતું અને બાંધકામ તોડી પાડવાનો આદેશ આપનારા કે-પૂર્વના

(જુઓ પાનું ૪)



GOA
Only Pure Veg. Resort
Hotel GAUTAM
Contact Booking Office or your travel agent :
• Mumbai Tel.: (022) 28839236 / 28838229
• Mob.: 8108839236 / 9224002400
• Goa - Tel.: (0832) 2416363
• E-mail : hotelgautam@hotmail.com
• Website : www.hotelgautam.com
મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# માથેરાન મુંબઈ કરતાંય ગરમ

## મહાનગર મુંબઈમાં આજે હીટવેવઃ ચંદ્રપુરમાં ૪૫.૬ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં ત્રણ દિવસથી ગરમીનો પ્રકોપ રહેવાનો છે, જેમાં સોમવારે મુંબઈમાં તાપમાન પ્રમાણમાં સરેરાશ ઓછું રહ્યું હતું. પરંતુ આજે મુંબઈમાં હીટવેવની ચેતવણી આપીને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો થાણેમાં આજે અને આવતી કાલે બે દિવસ હીટવેવ રહેશે. આ દરમ્યાન સોમવારે હિલ સ્ટેશન માથેરાનમાં તાપમાનનો પારો ૩૪.૮ ડિગ્રી નોંધાયો હતો, જે મુંબઈ કરતા પણ ઊંચો રહ્યો હતો. સોમવારે મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૬ ડિગ્રી અને કોલાબામાં ૩૩.૪ ડિગ્રી નોધાયું હતું. તો લઘુતમ તાપમાન અનુક્રમે ૨૫.૧ ડિગ્રી અને ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. તેની સામે હાલ રાજ્યમાં વિદર્ભમાં ગરમીનું મોજું ફરી

(જુઓ પાનું ૪)

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સમયસર પૂરાં કરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વોરરૂમ મીટિંગમાં અગાઉની બેઠકોના ૧૮ પ્રોજેક્ટ્સ અને ૧૫ નવા મહત્ત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. રાજ્યના વિકાસની દ્રષ્ટિએ આ પ્રોજેક્ટ્સ મહત્ત્વપૂર્ણ છે અને મુખ્ય પ્રધાને આપેલા સમયપત્રક મુજબ આ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મંત્રાલયના કેબિનેટ હોલમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્ય સચિવ સુજાતા સૌનિક, મુખ્ય પ્રધાનના મુખ્ય આર્થિક સલાહકાર પ્રવીણ પરદેશી સહિત વિવિધ વિભાગોના સચિવો હાજર રહ્યા હતા. વિભાગીય કમિશનરો, જિલ્લા કલેક્ટરો

(જુઓ પાનું ૪)

# ત્રીજી ભાષાને નામે હિન્દી માથે ન મારોઃ ભાષા પેનલની મુખ્ય પ્રધાનને સલાહ

પુણેઃ મહારાષ્ટ્ર સરકારની ભાષા પરામર્શ સમિતિએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પહેલાથી પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવાના નિર્ણયને રદ કરવા વિનંતી કરી છે.

અહીં ઉલ્લેખનીય છે કે, ફડણવીસે રવિવારે રાજ્યમાં હિન્દી ભાષાના 'લાદવા' અંગેની ચિંતાઓને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે મરાઠી ફરજિયાત રહેશે.

રાજ્ય સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ ત્રણ ભાષાના સૂત્રને લાગુ કરવા માટે મંજૂરી આપી છે. તે મુજબ, તેમણે અંગ્રેજી અને મરાઠી-માધ્યમની શાળાઓમાં પહેલાથી પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત બનાવ્યો છે.

ભાષા પરામર્શ સમિતિના વડા લક્ષ્મીકાંત દેશમુખે

(જુઓ પાનું ૪)



09 DAYS
SCENIC Georgia
DEP DATES 05th MAY | 15th MAY | 29th MAY | 07th JUN | 16th JUN
PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel,અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


# ગેરકાયદે બાંધકામોના મુદ્દે સરકાર કાયદાના રક્ષકોને પક્ષે કે ભક્ષકોને?: હાઈ કોર્ટનો સવાલ

મુંબઈઃ ગેરકાયદે બાંધકામ અંગેની ૨૦૨૧થી આવી રહેલી અનેક ફરિયાદો અને તેની સામે કાર્યવાહી કરવામાં પાલિકાની અસમર્થતાથી ગુસ્સે ભરાઇને બૉમ્બે હાઇ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની જોરદાર ટીકા કરી હતી અને સવાલ પૂછ્યો હતો કે રાજ્ય સરકાર કાયદાના રક્ષકોને કે કાયદાના ભક્ષકોને પ્રોત્સાહન આપવા માગે છે?

હાઇ કોર્ટે ૧૭મી એપ્રિલે આપેલા ચુકાદામાં પાલિકાને આડેહાથે લીધી હતી તથા જવાબદાર અધિકારીઓ સામે શિસ્તતાનાં પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે અનધિકૃત બાંધકામોને દૂર કરવામાં પાલિકાની અસમર્થતાનું આ વધુ એક ઉદાહરણ છે.

અંધેરી ખાતેના ગેરકાયદે બાંધકામ બે અઠવાડિયામાં દૂર કરવાનો કોર્ટે પાલિકાને

(જુઓ પાનું ૪)


MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com






**મુંબઈને મળ્યું ક્રુઝ ટર્મિનલઃ** બેલાર્ડ પિયર ખાતે ગઈ કાલે કેન્દ્રીય પ્રધાન સર્બાનંદ સોનોવાલે ઈન્ટરનેશનલ ક્રુઝ ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું. (અમય ખરાડે)

# બે વર્ષમાં મલાડનાં ૧૧ તળાવની કાયાપલટ કરાશે

મુંબઈઃ ઉત્તર મુંબઈનાં મલાડમાંનાં ૧૧ તળાવોની કાયાપલટ કરવાની જાહેરાત કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે શનિવારે કરી હતી.

ઉત્તર મુંબઈમાં ૧૧ તળાવ છે જેની અતિક્રમણને કારણે બદતર હાલત થઇ ગઇ છે. આગામી બે વર્ષમાં આ તળાવોને સ્વચ્છ કરી તેની આસપાસ સુશોભીકરણ કરવામાં આવશે, એવી જાહેરાત પીયૂષ ગોયલે કરી હતી. આ તળાવોમાં માલવણીના કમળ તળાવ, ગોરાઇના સુમલાઇ તળાવ, મઢના વનાલા, પોસાઇ, બરબાદેવી અને ધારાવલી તળાવ તથા મનોરીના કજરાદેવી તળાવનો સમાવેશ થાય છે. આ તળાવોના સુશોભીકરણની યોજના આ વર્ષની શરૂઆતમાં જ

(જુઓ પાનું ૪)


કુલીન કુમાર હોલીડિઝ - એકમાત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
દક્ષિણ આફ્રિકા
એટલે કુલીન કુમાર સાથે જ
૧૨ રાત્રી / ૧૩ દિવસ

ટૂરના સ્થળો
✦ કેપટાઉન ✦ હરમાનુસ ✦ ગાર્ડન રૂટ ✦ સનસીટી ✦ સફારી ✦ જોહાનિસબર્ગ
એપ્રિલ થી જુન દરમ્યાન દર અઠવાડીયે ૩-૪ પ્રસ્થાન 4/5★ હોટલો
ટૂર ની વિશેષતા
▶▶ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા બનાવેલ શુધ્ધ શાકાહારી બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▶▶ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▶▶ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
▶▶ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▶▶ કોઈપણ છુપા ખર્ચ વગર
▶▶ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
ખાસ આકર્ષણઃ Walk with Lion
TTOS RECOGNIZED QUICK & EASY VISA
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


# ઍરપોર્ટ પર કોઇને અગવડ ન પડવી જોઇએઃ વ્હિલચેર જેવી સેવાના અભાવ પર હાઇ કોર્ટ વીફરી

મુંબઈઃ બોમ્બે હાઇકોર્ટે સોમવારે વરિષ્ઠ નાગરિકો અને શારીરિક રીતે અક્ષમ વ્યક્તિઓ માટે દેશના એરપોર્ટ પર વ્હીલચેર સહિતની યોગ્ય સુવિધાઓના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે માનવ જીવનમાં આ બાબત મહત્ત્વ ધરાવતી હોવાથી નિવારક પગલાં લેવાની જરૂર છે.

વ્હીલચેર જેવી સુવિધા સમયસર મળવી જોઈએ જેથી મુસાફરોને મુસીબતોનો સામનો ન કરવો પડે એમ એમ ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત શેઠનાની ખંડપીઠે જણાવ્યું હતું. અદાલતનું કહેવું હતું કે 'ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) અને એરલાઇન કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ (તેની

(જુઓ પાનું ૪)

# પુણેમાં હાઈવે પર ટ્રક પાંચ વાહનો સાથે અથડાતાં ત્રણનાં મોત

પુણેઃ લોનાવલા નજીક જૂના પુણે-મુંબઈ હાઇવે પર એક ટ્રક પાંચ વાહનો સાથે અથડાતા ત્રણ લોકોના મોત અને ૧૨ ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

રવિવારે રાતે ૧૦.૨૦ વાગ્યે બોર ઘાટ નજીક બેટરી હિલ પર બનેલી આ ઘટનામાં ઢાળ પરથી ઊતરતી વખતે ટ્રકની બ્રેક ફેલ થઈ ગઈ હતી, જેને કારણે ટ્રકે પાંચ વાહનોને ટક્કર મારી હતી, એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતુ.

લોનાવલા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સુહાસ જગતાપે જણાવ્યું હતું કે, ''આ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલી ૧૦ વર્ષની છોકરી અને તેના પિતા અને અન્ય એક વ્યક્તિનું મોત થયું હતું. બાર અન્ય વ્યક્તિઓ ઘાયલ થયા છે અને તેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.'' ■

# ઠાકરે ભાઈઓ સાથે આવે તો મહારાષ્ટ્રમાં કોને ફાયદો, કોને નુકસાન?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે, મહારાષ્ટ્રના રાજકારણમાં બે નામ જે હંમેશા સમાચારમાં રહે છે. આ બંનેની ચર્ચા વિના મહારાષ્ટ્રનું રાજકારણ અધૂરું લાગે છે. બે દાયકા પહેલા અલગ થયેલા ઠાકરે પરિવારના આ બે ચહેરાઓના ફરીથી એકસાથે આવવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે, ત્યારે બંને ઠાકરે બંધુઓ એકસાથે આવે તો તેના મહારાષ્ટ્રના રાજકારણમાં શું ફેરફાર જોવા મળી શકે અને ભાજપ માટે આ બંનેનું સાથે આવવું ફાયદાકારક છે કે નુકસાનકારક તેની ચર્ચાઓ થઈ રહી છે.

આ ચર્ચાની શરૂઆત ત્યારે થઈ જ્યારે રાજ ઠાકરેએ ફિલ્મ દિગ્દર્શક મહેશ માંજરેકરને આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું કે મહારાષ્ટ્રનાં હિતોની તુલનામાં તેમના અને ઉદ્ધવ વચ્ચેના તફાવત ખૂબ જ ગૌણ છે. રાજ ઠાકરેએ હાથ લંબાવીને સહકારનો સંકેત આપ્યો, ત્યારે ઉદ્ધવ ઠાકરેએ પણ સકારાત્મક પ્રતિભાવ આપ્યો.

મુંબઈમાં એક જાહેર કાર્યક્રમમાં બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ મહારાષ્ટ્રનાં હિતોને પ્રાથમિકતા આપવા માટે સાથે આવવા તૈયાર છે, પરંતુ આ તૈયારી સંપૂર્ણપણે બિનશરતી રહેશે નહીં. બંને નેતાઓના એકસાથે આવવાના સમાચારથી વાતાવરણ ઉભું થયું છે. સંજય રાઉત જેવા નેતાઓ ઉદ્ધવ ઠાકરેની પાર્ટીથી ખુશ છે, તો રાજ ઠાકરેની પાર્ટીના કેટલાક નેતાઓ અસ્વસ્થ છે.

મહારાષ્ટ્રના મરાઠી લોકો ઘણા સમયથી ઈચ્છતા હતા કે બાળાસાહેબ ઠાકરેના ગયા પછી બંને ભાઈઓ સાથે આવે. આવી ચર્ચાઓ અગાઉ પણ થઈ હતી, પરંતુ કોઈ નક્કર પરિણામ પ્રાપ્ત થઈ શક્યું ન હતું. જો ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ખરેખર સાથે આવે છે, તો તેની મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**